દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 211 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 September 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈમાં ૩૪ ધડાકાની ધમકી

## પોલીસ હાઈ અલર્ટ પરઃ ૪૦૦ કિલો આરડીએક્સ સાથે ૧૪ ત્રાસવાદી ઘૂસ્યા હોવાનો મેસેજ

**સંદેશો મોકલનારે સંદેશામાં સંગઠનના નામનો 'લશ્કરે જિહાદી' તરીકે ઉલ્લેખ કર્યો હતો**

મુંબઈઃ ૧૪ આતંકવાદી ૪૦૦ કિલોગ્રામ આરડીએક્સ સાથે મુંબઈમાં પ્રવેશ્યા છે અને તેમણે જુદા જુદા ૩૪ વાહનોમાં આરડીએક્સ મૂક્યો હોવાના કરવામાં આવેલા દાવા બાદ મુંબઈ પોલીસ હાઈ અલર્ટ પર હોવાનું અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

ગણેશોત્સવના ૧૦મા દિવસ એટલે કે અનંતચતુર્દશીની સુરક્ષાવ્યવસ્થામાં પોલીસ વ્યસ્ત હોવા વચ્ચે ટ્રાફિક પોલીસ કંટ્રોલરૂમને તેમના વૉટ્સએપ હેલ્પલાઈન નંબર પર આ ધમકીભર્યો સંદેશો મળ્યો હતો.

શનિવારે અનંતચતુર્દશી નિમિત્તે ગણેશ વિસર્જનને ધ્યાનમાં રાખીને લોકોની સુરક્ષા માટે મુંબઈ પોલીસે ૨૧,૦૦૦ કરતાં પણ વધુ પોલીસ અધિકારીઓને વિવિધ સ્થળે ગોઠવી દીધા છે.

ધમકીને મામલે ક્રાઈમ બ્રાન્ચે તપાસ આરંભી દીધી હતી અને એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ) અને અન્ય એજન્સીઓને આ ધમકી અંગે માહિતગાર કરી દીધી હતી.

સંદેશો મોકલનારે સંદેશામાં સંગઠનના નામનો 'લશ્કરે જિહાદી' તરીકે ઉલ્લેખ કર્યો હતો.

સંદેશો મોકલનારે દાવો કર્યો હતો કે ૧૪ આતંકવાદી ૪૦૦ કિલોગ્રામ આરડીએક્સ સાથે મુંબઈમાં પ્રવેશ્યા છે તેમ જ તેમણે જુદાં જુદાં ૩૪ વાહનોમાં આરડીએક્સ મૂક્યો છે અને આ વિસ્ફોટો સમગ્ર (જુઓ પાનું ૨) ▸▸




**સુરક્ષાઃ** અનંત-ચતુર્દશીનાં ગણેશ વિસર્જન નિમિત્તે પોલીસે મુંબઈસ્થિત ગિરગાંવ ચોપાટી ખાતે ભીડને અંકુશમાં રાખવા ચાંપતી નજર રાખી રહેલા પોલીસ અધિકારીઓ. દેશની આર્થિક રાજધાનીમાં અનેક ધડાકા કરવાની મળેલી ધમકીને કારણે પોલીસે સલામતી વ્યવસ્થા વધારી છે.

**મુંબઈ સમાચાર**

મુંબઈ સમાચારની ઑફિસ અનંત-ચતુર્દશી નિમિત્તે તા. ૬-૯-૨૦૨૫, શનિવારે સંપૂર્ણ બંધ રહેવાની હોવાથી તા. ૭-૯-૨૦૨૫, રવિવારનું અખબાર પ્રસિદ્ધ નહીં થાય, તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

– વ્યવસ્થાપક

## અમદાવાદના ₹૨૩૦૦ કરોડના ક્રિકેટ સટ્ટાકાંડનો મુખ્ય સૂત્રધાર દુબઈથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્ટેટ મોનિટરિંગ સેલે વધુ એક મોટું ઓપરેશન પાર પાડ્યું હતું. ₹ ૨૩૦૦ કરોડથી વધુના માધુપુરા ક્રિકેટ સટ્ટાકાંડના મુખ્ય સૂત્રધાર હર્ષિત જૈનને દુબઈથી ઝડપી પાડ્યો હતો. એસએમસીના ડીઆઈજી નિર્લિપ્ત રાય અને તેમની ટીમે આ ખાસ મિશન પાર પાડ્યું હતું. હર્ષિત જૈન સામે લુકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ પણ જાહેર કરવામાં આવી હતી. હર્ષિત જૈન દુબઈથી ડિપોર્ટ થયા બાદ અમદાવાદ એરપોર્ટ પર ઉતરતાં જ એસએમસી દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. હર્ષિતની પૂછપરછ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

હર્ષિત જૈનની ધરપકડ બાદ પોલીસને તેની પાસેથી સટ્ટાકાંડના નાણાકીય વ્યવહારો, તેમાં સંકળાયેલા મોટા માથાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા રેકેટ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી મળવાની આશા છે આ ધરપકડથી ક્રિકેટ સટ્ટાકાંડના મૂળ સુધી પહોંચવામાં અને આવા ગુનાઓ પર અંકુશ લગાવવામાં પોલીસને મદદ મળશે.

આરોપી છેલ્લાં એક વર્ષથી ફરાર હતો. દુબઈથી તેની ધરપકડ કરવામાં આવી હતી. હર્ષિતની ઓફિસમાંથી ૨૨૦૦ કરોડથી વધુનો સટ્ટો પણ ઝડપાયો હતો. આ કેસમાં ૩૫થી વધુ આરોપીઓ ઝડપાઇ ચુક્યા છે. હર્ષિતના પકડાયા બાદ હવે સકંજો સૌરભ અને અમિત મજેઠિયા સુધી પહોંચશે. આ સહિત અન્ય બુકીઓને પણ પકડવામાં આવશે. વિદેશ ગયેલા બુકીઓને પકડવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૮ માર્ચ ૨૦૨૩ના રોજ અમદાવાદ પીસીબીની ટીમે ભૂતપૂર્વ પીઆઈ તરલ ભટ્ટના નેતૃત્વ હેઠળ માધુપુરામાં દરોડા પાડ્યો હતો. આ રેડમાં મહાવીર એન્ટરપ્રાઇઝના નામે ચાલતા સટ્ટા-હવાલા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. પોલીસ તપાસમાં આરોપીની ઓફિસમાંથી ₹૨૨૦૦ કરોડથી વધુના સટ્ટાનું રેકોર્ડિંગ મળી આવ્યું હતું. આ સમગ્ર રેકેટ બેંક ટ્રાન્ઝેક્શન્સ અને હવાલા મારફતે ચાલતું હતું. (જુઓ પાનું ૨) ▸▸

## રવિવારનું ચંદ્રગ્રહણ ઘણું લાંબું થશે

બેંગલૂરુઃ ખગોળશાસ્ત્રીએ માહિતી આપી છે કે ૨૦૨૨ પછીનું સૌથી લાંબું પૂર્ણ ચંદ્ર ગ્રહણ સાત અને આઠ સપ્ટેમ્બર વચ્ચેની રાતમાં થવાનું છે.

ખગોળશાસ્ત્રીઓએ વધુમાં માહિતી આપી હતી કે ૨૭ જુલાઈ, ૨૦૧૮ પછી પ્રથમ વખત આખું ચંદ્ર ગ્રહણ દેશના બધા ભાગોમાં દેખાશે.

એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઑફ ઈન્ડિયાની શિક્ષણ સમિતિનાં સભ્ય અને પુણેની નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સનાં એસોસિયેટ પ્રોફેસર દિવ્યા ઓબેરોયે કહ્યું હતું કે તમારે આગામી ચંદ્રગ્રહણ માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૮ સુધી રાહ જોવી (જુઓ પાનું ૨) ▸▸

## સોનાનો ભાવ નવી ટોચ પર

નવી દિલ્હીઃ રાજધાની દિલ્હીમાં શુક્રવારે ૯૯.૯ ટકા પ્યોરિટી ધરાવતા સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૯૦૦ વધીને રૂ. ૧,૦૬,૭૦૦ની નવી ટોચની સપાટીએ પહોંચ્યો હતો. સ્ટોકિસ્ટો દ્વારા કરવામાં આવી રહેલી નવી ખરીદી અને મક્કમ ગ્લોબલ ટ્રેન્ડને પગલે સોનાનો ભાવ વિક્રમજનક સર્વોચ્ચ સપાટીની નજીક પહોંચી ગયો છે.

ટ્રેડરોના મતાનુસાર ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે યોજાનારી આર્થિક નીતિવિષયક નિર્ણય લેતી બેઠકમાં આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરે એવી શક્યતા હોવાની માન્યતાને પગલે સોનાનાં ભાવમાં આગઝરતી તેજી જોવા મળી રહી છે.


ઑલ ઈન્ડિયા સરાફ એસોસિયેશનના જણાવ્યાનુસાર ૯૯.૫ ટકા પ્યોરિટી ધરાવતા સોનાનો ભાવ (બધા કરવેરા ગણીને) પણ શુક્રવારે પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૯૦૦ વધીને રૂ. ૧,૦૫,૨૦૦ થઈ ગયો હતો.

જોકે દિલ્હીમાં ચાંદીનો ભાવ શુક્રવારે પ્રતિકિલોગ્રામ રૂ. ૧,૨૫,૬૦૦ રહ્યો હોવાનું એસોસિયેશને કહ્યું હતું. (એજન્સી) ■

## ડૉલર સામે રૂપિયો નવા તળિયે જઈને પાછો ફર્યો

મુંબઈઃ ભારત પર અમેરિકા વધુ ટૅરિફ લાદે એવી શક્યતા અને વિદેશી રોકાણ સતત પાછું ખેંચાઈ રહ્યું હોવાનાં ભય વચ્ચે શુક્રવારે ડૉલર સામે રૂપિયો પંદર પૈસા ઘટીને અત્યાર સુધીની સૌથી નીચલી સપાટીએ એટલે કે રૂ. ૮૮.૨૭ (પ્રોવિઝનલ) પર પહોંચ્યો હતો, પણ અંતે રૂ. ૮૮.૦૯એ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના મતાનુસાર ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો પણ રૂપિયાને વધુ નબળો પડતો અટકાવી નહોતો શક્યો. ઈન્ટરબૅન્ક ફૉરેન એક્સચેન્જમાં ડૉલરની સામે રૂપિયો રૂ. ૮૮.૧૧ પર ખૂલ્યો હતો અને ઈન્ટ્રા ડે દરમિયાન રૂ. ૮૮.૩૮ની નિમ્ન સપાટીને સ્પર્શ્યા બાદ રૂ. ૮૮.૨૭ની અત્યાર સુધીની સૌથી નીચલી સપાટી પર બંધ રહ્યો હતો. ગુરુવારે રૂપિયો ડૉલર સામે ૧૦ પૈસા ઘટીને રૂ. ૮૮.૧૨ પર બંધ રહ્યો હતો.

અગાઉ બીજી સપ્ટેમ્બરે રૂ. ડૉલર સામે રૂ. (જુઓ પાનું ૨) ▸▸




## માતા વૈષ્ણોદેવી યાત્રા સતત ૧૧મા દિવસે રહી સ્થગિત

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં માતા વૈષ્ણો દેવીની ગુફા મંદિરની તીર્થયાત્રા શુક્રવારે સતત ૧૧મા દિવસે સ્થગિત રહી હતી. ૨૬ ઓગસ્ટના રોજ ભૂસ્ખલનમાં ૩૪ લોકોનાં મોત થયાં હતાં અને ૨૦ અન્ય ઘાયલ થયા હતા. દસ દિવસના ભારે વરસાદ, અચાનક પૂર અને ભૂસ્ખલન પછી હવામાનમાં નોંધપાત્ર સુધારો થયો હોવા છતાં અધિકારીઓએ યાત્રા ફરી શરૂ કરવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ''યાત્રા હજુ પણ સ્થગિત છે. ગયા અઠવાડિયે અધિકારીઓ દ્વારા યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય તમામ પાસાઓનું મૂલ્યાંકન કર્યા પછી યોગ્ય સમયે (જુઓ પાનું ૨) ▸▸

## ૪૫ શિક્ષકને રાષ્ટ્રીય અવૉર્ડ

નવી દિલ્હી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શિક્ષણ અને અધ્યાપનમાં અનુપમ યોગદાન આપનાર દેશના ૪૫ શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક અવૉર્ડ એનાયત કર્યા હતા. શિક્ષણની મૌલિક રીતથી માંડીને વિપરિત સંજોગોમાં વિદ્યાર્થીના વિકાસ માટે સમર્પિત રહેનાર શિક્ષકોને અવૉર્ડ એનાયત કરાય છે. અવૉર્ડવિજેતાઓમાં પ્રથમ પેઢીના અભ્યાસુને પ્રેરણા આપે અને મૌલિક અધ્યાપન શાસ્ત્ર વડે યુવાનોના મગજને વિકસિત કરનારાઓનો સમાવેશ થાય છે.

એવૉર્ડવિજેતાઓમાં ડૉક્ટર લકીરેડ્ડી હનિમરેડ્ડી ગવર્નમેન્ટ ડિગ્રી કૉલેજના ફેકલ્ટી એમ. દેવેન્દ્ર કુમારનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

## યુકેનાં નાયબ વડાં પ્રધાનનું ટૅક્સચોરી બદલ રાજીનામું

લંડનઃ યુનાઈટેડ કિંગડમનાં નાયબ વડા પ્રધાન એન્જેલી રાયનરે શુક્રવારે રાજીનામું આપ્યું હતું. એક સ્વતંત્ર તપાસમાં માલૂમ પડ્યું હતું કે તાજેતરના ઘરની ખરીદી પર સરકારી પ્રધાનો માટે જરૂરી નૈતિક ધોરણનું પાલન કર્યું નથી. બુધવારે એન્જેલાએ કબૂલાત કરી હતી કે ઈંગ્લેન્ડના દક્ષિણના તટના હોવેના એપાર્ટમેન્ટની ખરીદી વખતે પૂરતો વેરો ભર્યો નહોતો. રાયનરે ત્યાર બાદ તેમનો પ્રધાનમંડળના ધોરણ અંગેનો કેસ સ્વતંત્ર સલાહકાર લૌરી મેગ્નસને આપ્યો હતો. લૌરીએ શુક્રવારે યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન કેર સ્ટાર્મરને અહેવાલ સોંપ્યો હતો. યુકેમાં સંપત્તિની ખરીદીમાં લેવી ચાર્જ કરવામાં આવે છે. વૈભવશાળી ઘરો (જુઓ પાનું ૨) ▸▸

## અમિત શાહ આજે ગણેશ વિસર્જનમાં ભાગ લેવા માટે હૈદરાબાદ જશે

હૈદરાબાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ શનિવારે ગણેશ વિસર્જન કાર્યક્રમમાં ભાગ લેવા માટે હૈદરાબાદની મુલાકાત લેશે. આ માહિતી તેલંગાણા ભાજપના પ્રમુખ એન. રામચંદર રાવે આપી હતી.

રામચંદર રાવના જણાવ્યા અનુસાર શાહ શહેરના મોઝમજાહી બજારમાં ગણેશ વિસર્જન દરમિયાન લોકોને સંબોધિત કરશે. તેલંગાણા ભાજપના પ્રમુખે જણાવ્યું કે ગણેશ વિસર્જન હૈદરાબાદના સૌથી મોટાં આયોજનો પૈકીનું એક છે. અમને ખુશી છે કે અમિત શાહ આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે સંમત થયા છે.

ભાજપનાં સૂત્રોએ જણાવ્યું કે જાહેર સભા પહેલા શાહ ભાગ્યનગર ગણેશ ઉત્સવ સમિતિની ૪૬ વર્ષની સફર પર એક પ્રદર્શનીનું ઉદઘાટન કરશે. શાહ પાર્ટીના નેતાઓ સાથે એક બેઠક પણ કરશે. (જુઓ પાનું ૨) ▸▸

## ભારત સાથેની મિત્રતા ગુમાવીઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધ પાછલા બે દાયકાના સંભવિત સૌથી ખરાબ તબક્કામાં પહોંચી ગયા હોવા વચ્ચે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે અમે ભારત સાથેની મિત્રતા ગુમાવી છે. ચીનને કારણે અમેરિકાએ ભારત અને રશિયાને ગુમાવી દીધા છે, એમ તેમણે કહ્યું હતું.

ચીનના ટિઆન્જિન શહેરમાં તાજેતરમાં જ પૂરી થયેલી એસસીઓની શિખર પરિષદ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે જોવા મળેલી મિત્રતા બાદ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર મૂકેલી પૉસ્ટમાં અમેરિકાએ ભારત સાથેની મિત્રતા ગુમાવી દીધી હોવાનું જણાવ્યું હતું. ચીનને લીધે અમેરિકાએ ભારત અને રશિયાને ગુમાવી દીધા હોવાનું જણાઈ રહ્યું છે એમ જણાવી ટ્રમ્પે આશા વ્યક્ત કરી હતી કે આ ત્રણે દેશ વચ્ચેના સંબંધ લાંબા સમય સુધી ટકી રહે અને સમૃદ્ધ બને. રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદવાને પગલે ટ્રમ્પે ભારતથી આયાત કરવામાં આવતા માલસામાન પર પચાસ ટકા ટૅરિફ લાદવાની કરેલી જાહેરાત બાદ બંને દેશ વચ્ચેના સંબંધ વધુ વણસ્યા હતા. ■

## દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ

### ગુજરાતમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાએ ફરી જમાવટ કરી છે. આ દરમિયાન હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજ્યના કેટલાક જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરાયું હતું. હવામાન વિભાગ દ્વારા માછીમારોને ૯ સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા સલાહ આપવામાં આવી હતી.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર મુજબ રાજ્યમાં સિઝનનો ૯૫.૮૯ ટકા વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૦૧.૨૮ ટકા અને સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૮૬.૫૧ ટકા વરસાદ પડ્યો છે. પૂર્વ મધ્યમાં ૯૯.૩૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૭.૩૩ ટકા અને કચ્છમાં ૮૮.૨૫ ટકા વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો ૯૧.૪૬ ટકા ભરાયેલો છે. જ્યારે રાજ્યનાં અન્ય ૨૦૬ જળાશયોમાં ૮૩.૧૯ ટકા જળસંગ્રહ છે. રાજ્યના ૧૧૮ ડેમ હાઇ એલર્ટ પર છે, ૮૫ ડેમ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલા છે. ૧૫ ડેમમાં ૨૫ (જુઓ પાનું ૨) ▸▸

## દેશમાં કુલ મૃત્યુમાંથી એક તૃતીયાંશ હૃદયરોગને કારણે

નવી દિલ્હીઃ ભારતમાં હૃદય રોગ મૃત્યુદરનું મુખ્ય કારણ હોવાનું એક રિપોર્ટમાં સામે આવ્યું છે. જે લગભગ ૩૧ ટકા મૃત્યુ માટે જવાબદાર છે. ભારતના રજિસ્ટ્રાર જનરલ હેઠળ સેમ્પલ રજિસ્ટ્રેશન સર્વે દ્વારા રજૂ કરવામાં આવેલા નવીનતમ આંકડામાં આ માહિતી બહાર આવી છે.

બુધવારના રોજ પ્રકાશિત થયેલા 'ધ કોઝ ઓફ ડેથ રિપોર્ટઃ ૨૦૨૧-૨૦૨૩'માં જણાવાયું છે કે દેશમાં મૃત્યુનું મુખ્ય કારણ બિન-ચેપી રોગો છે, જે કુલ મૃત્યુના ૫૬.૭ ટકા છે. ચેપી રોગો, માતૃત્વ, પ્રસૂતિ અને પોષણ સંબંધિત સ્થિતિઓ ૨૩.૪ ટકા (જુઓ પાનું ૨) ▸▸

## એર ઈન્ડિયાની ફ્લાઈટના એન્જિનમાં સર્જાઈ ખામી

### વિમાનનું કરાયું ઈમરજન્સી લેન્ડિંગ

ઈન્દોરઃ એર ઇન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-ઇન્દોર ફ્લાઇટનું ઇન્દોર એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. લેન્ડિંગ પહેલાં પાઇલટે એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ એટીસીને જાણ કરી હતી અને ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. વિમાનમાં ૧૬૧ મુસાફરો સવાર હતા. એક રિપોર્ટ અનુસાર, દિલ્હીથી ઇન્દોર આવી રહેલી એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ નંબર આઇએક્સ-૧૦૨૮ ના પાઇલટને લેન્ડિંગ પહેલાં એન્જિનમાં ટેકનિકલ ખામી હોવાની માહિતી મળી હતી. આ પછી સુરક્ષાના કારણોસર શુક્રવારે સવારે વિમાનને ઇન્દોર એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. એટીસી કંટ્રોલ તરફથી માહિતી મળતા જ ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને સીઆઇએસએફની ટીમો એરપોર્ટ પર તહેનાત કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હી-ઇન્દોર એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટમાં ૧૬૧ મુસાફરો સવાર હતા. ફ્લાઈટના એન્જિનમાં ખામી સર્જાતા પાઇલટે ઈમરજન્સી કોલ કરવો પડ્યો હતો, પરંતુ વિમાનને (જુઓ પાનું ૨) ▸▸

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગણેશ વિસર્જને બ્લાસ્ટની ધમકી, લોકોની સતર્કતા જરૂરી

**શનિવારે** ગણપતિ વિસર્જન હોવાથી આખો દેશ ગણેશમય છે ત્યારે જ મુંબઈમાં ગણેશ ઉત્સવના સમાપન સમયે ડઝનબંધ બોમ્બ બ્લાસ્ટ કરીને ભારે તબાહી વેરવાની ધમકી આપતો મેસેજ મળતાં મુંબઈ પોલીસ દોડતી થઈ ગઈ છે. ધમકીભર્યા મેસેજમાં દાવો કરવામાં આવ્યો છે કે ૩૪ વાહનોમાં 'સુસાઈડ બોમ્બર' મૂકવામાં આવ્યા છે. ગણેશ વિસર્જન વખતે જ આ બોમ્બ ફૂટશે અને આખા શહેરને હચમચાવી નાખશે. ૧૦ દિવસનો ગણેશ ઉત્સવ હવે આખા દેશમાં ઉજવાય છે પણ મુંબઈમાં અલગ જ માહોલ હોય છે. મુંબઈ માટે તો ગણેશ વિસર્જન સૌથી મોટો તહેવાર છે અને ગણેશ વિસર્જનના દિવસે આખું મુંબઈ હિલોળે ચડે છે. ભગવાન ગણેશની હજારો મૂર્તિનાઓના વિસર્જનના ઉત્સવમાં લાખો લોકો ભાગ લે છે ત્યારે જ મુંબઈમાં મોતનો નગ્ન નાચ ખેલવાની ધમકી આપતો વોટ્સએપ મેસેજ પોલીસને મળતાં મુંબઈ હાઈ એલર્ટ પર છે.

ગણેશ ઉત્સવના છેલ્લા દિવસે એટલે અનંત ચતુર્દશીના દિવસે હુમલા કરવાની ધમકી આપતો મેસેજ ટ્રાફિક-પોલીસના સત્તાવાર વ્હોટ્સએપ નંબર પર મળ્યો છે. મેસેજમાં દાવો કરવામાં આવ્યો છે કે, મુંબઈમાં ૩૪ વાહનમાં હ્યુમન બોમ્બ મૂકવામાં આવ્યા છે અને તેમના વિસ્ફોટથી આખું મુંબઈ હચમચી જશે. મુંબઈમાં વિસ્ફોટ કરવા માટે ૪૦૦ કિલો ર્ડીઝડ નો ઉપયોગ કરાશે અને ૧ કરોડ લોકોના જીવ જઈ શકે છે. 'લશ્કર-એ-જેહાદી' નામના કોઈએ નામ પણ સાંભળ્યું નથી એવા સંગઠન તરફથી અપાયેલી ધમકીમાં એવો દાવો પણ કરાયો છે કે, ૧૪ પાકિસ્તાની આતંકવાદી ભારતમાં ઘૂસી ગયા છે કે જે ભારતે કદી ના જોઈ હોય એવી તબાહી વેરશે.

આ ધમકી પછી મુંબઈ પોલીસ ધંધે લાગી ગઈ છે. એક તરફ જે વોટ્સએપ નંબર પરથી આ મેસેજ મોકલવામાં આવ્યો છે તેને ટ્રેસ કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે ને બીજી તરફ કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરાયાં છે. મુંબઈ ભારતનું સૌથી ગીચ વસતી ધરાવતું શહેર છે ને ગણેશ ઉત્સવના કારણે આખા શહેરમાં હકડેઠઠ ભીડ જામેલી હોય છે તેથી સર્ચ ઓપરેશન અઘરું છે પણ તેના વિના છૂટકો નથી કેમ કે આ મુદ્દો લોકોના જીવ સાથે સંકળાયેલો છે તેથી તેમાં કોઈ ચાન્સ ના લઈ શકાય.

મુંબઈ પોલીસ સતર્કતા બતાવી રહી છે એ જરૂરી છે કેમ કે મુંબઈ પહેલેથી આતંકવાદીઓના ટાર્ગેટ પર રહ્યું છે. મુંબઈ જેટલા ભીષણ આતંકવાદી હુમલા બીજા કોઈ શહેરમાં થયા નથી. મુંબઈને ટાર્ગેટ કરીને આખા ભારતમાં ખોફ ફેલાવી શકાય છે એ તો મુંબઈને વારંવાર ટાર્ગેટ કરવાનું કારણ છે જ પણ મુંબઈ દેશની આર્થિક રાજધાની હોવાથી મુંબઈમાં અશાંતિ સર્જીને દેશના અર્થતંત્રને ફટકો મારવાની મેલી મુરાદ પણ તેની પાછળ હોય છે. ભૂતકાળમાં દેશના જ ગદ્દારોની મદદથી આ મેલી મુરાદને બર લાવવામાં આતંકવાદી સફળ પણ થયા છે. ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટ કે ૨૦૦૮નો ભીષણ હુમલો તેનાં ઉદાહરણ છે. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી પછી મુંબઈ પર આતંકવાદી હુમલો થયો નથી એ સારું છે પણ તેના કારણે સાવ નચિંત ના થઈ જવાય. દેશમાં હજુ ગદ્દારો ભરેલા જ છે ને તક મળે તો દેશને બરબાદ કરવાની તક છોડે તેમ નથી એ જોતાં તમામ સાવચેતી જરૂરી છે.

ગણેશ વિસર્જન સમયે જ બ્લાસ્ટની ધમકી અપાઈ છે તેથી તેની ગંભીરતા વધી જાય છે કેમ કે એ વખતે સૌથી વધારે ભીડ હોય છે. આ ખતરાને સમજીને પોલીસ તો પોતાનું કામ કરી જ રહી છે પણ લોકો પણ સમજદારીથી કામ લે એ જરૂરી છે. આતંકવાદીઓની ધમકીથી ડરીને લોકો ઘરોમાં ભરાઈ રહે એ શક્ય નથી પણ બહાર નીકળે ત્યારે લોકો શિસ્ત અને સંયમ બતાવે ને પોલીસને સહકાર પણ આપે એ જરૂરી છે. વધારે ભીડ હોય એ વખતે નાનો કાંકરીચાળો પણ મોટી દુર્ઘટના સર્જી શકે એવો આપણો અનુભવ છે. ભારતમાં ધાર્મિક પ્રસંગે ઊમટતી ભીડ વખતે નાની અફવાના કારણે પણ લોકો ડરીને ભાગવા માંડે ને ધક્કામુકીમાં મોટા પ્રમાણમાં લોકોના જીવ ગયા હોય એવી ઘટનાઓનો તોટો નથી. ગણેશ વિસર્જન દરમિયાન બોમ્બ ના મુકાયા હોય પણ આ રીતે લોકોમાં ગભરાટ ફેલાવીને ધક્કામુક્કી કરાવવાનો કારસો હોય એવું પણ બને તેથી સાવચેતી જરૂરી છે. કઈ પણ શંકાસ્પદ દેખાય તો લોકો તરત પોલીસને જાણ કરવાની સતર્કતા બતાવે એ જરૂરી છે.

આમ તો ભારતમાં છેલ્લા કેટલાક સમયથી ખોખલી ધમકીઓ આપીને પોલીસ અને એજન્સીઓને દોડતા કરવાનો વાવર છે અને આ ધમકી પણ એ જ પ્રકારની સાબિત થાય એવી આશા રાખીએ. થોડાક સમય પહેલાં ફ્લાઈટ્સમાં બોમ્બ મુકાયા હોવાના ફોન લગભગ દરરોજ આવતા. ફલાણી ફ્લાઈટમાં બોમ્બ મુકાયો છે ને ઢીંકણી ફ્લાઈટને ઉડાવી દઈશું એ પ્રકારના સાવ ખોટ્ટેખોટ્ટા ફોન કરાતા તેમાં પોલીસ ને બીજી એજન્સીઓ તો ધંધે લાગતી જ પણ સામાન્ય લોકો પણ પરેશાન થઈ જતાં હતાં. પોલીસ બોમ્બ છે કે નહીં તેની તપાસ કરે તેમાં ફ્લાઈટ મોડી પડે ને લોકોનો સમય બગડતો. કલાકોની તપાસ ને આખું વિમાન ઉપરનીચે કર્યા પછી કશું ના મળે એવું તમામ કેસોમાં બનેલું તેથી આ બધી ધમકીઓ સાવ પોકળ સાબિત થઈ હતી છતાં હજુ નવી ધમકી આવે તો તેને ગંભીરતાથી લેવી જ પડે કેમ કે સવાલ લોકોની સલામતીનો છે.

મુંબઈમાં પણ થોડા સમય પહેલાં આ રીતે છત્રપતિ શિવાજી ટર્મિનસને ઉડાવી દેવાની ધમકી મળી જ હતી. ૨૬ જુલાઈએ ધમકી મળેલી કે, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. ધમકી આપનારે કહેલું કે, સ્ટેશન પર બોમ્બ મૂકવામાં આવશે અને જોરદાર ધડાકા થશે. આ ધમકીના પગલે દોડતી થયેલી પોલીસે આખું સ્ટેશન ફેંદી નાખ્યું હતું પણ પોલીસને તપાસમાં કંઈ શંકાસ્પદ મળ્યું નહોતું. આ પ્રકારની ધમકીઓ બીજાં શહેરોમાં પણ મળી છે પણ કશું થયું નથી.

આ પ્રકારની ધમકીઓ આપનારા વિકૃત માનસિકતા ધરાવનારા લોકો હોય છે. આ લોકોમાં કશું કરવાની તાકાત હોતી નથી તેથી પોકળ ધમકીઓ આપીને અને લોકોને પરેશાન કરીને પિશાચી આનંદ મેળવે છે. તેમની માનસિકતા આપણે બદલી શકવાના નથી પણ આ ધમકી પણ પોકળ સાબિત થાય ને ગણેશ વિસર્જનનો ઉત્સવ નિર્વિઘ્ને પાર પડે એવી આશા રાખીએ.

## પહેલા પાનાનું ચાલુ

### રવિવારનું ચંદ્રગ્રહણ

ડિસેમ્બર, ૨૦૨૮ સુધી રાહ જોવી પડશે.

તેમણે કહ્યું હતું કે ગ્રહણ વિરલ અવકાશી ઘટના હશે. દરેક અમાસ કે પૂનમે ગ્રહણ થતા નથી, કારણ કે ચંદ્રની કક્ષા પૃથ્વીની કક્ષાથી પાંચ ડિગ્રી ઢળેલી છે. જ્યારે પૃથ્વી સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવે છે ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. ચંદ્રગ્રહણ સાત સપ્ટેમ્બરે રાતના ૮.૫૮ કલાકે શરૂ થશે.

સાયન્સ કોમ્યુનિકેશન્સના એડ્યુકેશનના વડા નિરજ મોહન રામાનુજમે કહ્યું હતું કે આ ગ્રહણ જોવા માટે કોઈ ઉપકરણની જરૂર નહીં પડે. તે નરી આંખે જોઈ શકાય છે. આ ગ્રહણમાં રાતો ચંદ્ર જોવા મળે છે. આંશિક ગ્રહણ સાત સપ્ટેમ્બરે રાતના ૯.૫૭ કલાકેથી દેખાશે. પૂર્ણ ગ્રહણ રાતના ૧૧.૦૧ કલાકથી ૧૨.૨૩ કલાકે જોવા મળશે. આંશિક તબક્કો ૧.૨૬ કલાકે પતશે. ગ્રહણ આઠ સપ્ટેમ્બરે ૨.૨૫ કલાકે બંધ થશે.

શનિવારથી હિન્દુ ધર્મ માટે જાણીતા ત્રણ મોટા અવસર આવી રહ્યા છે. છ સપ્ટેમ્બરે અનંત ચતુર્દશી ઉજવવામાં આવશે. આ દિવસે ગણેશોત્સવની પૂર્ણાહુતિ થાય છે. મહારાષ્ટ્રમાં તો આ ઉત્સવનો ઘણો મહિમા છે. 'લાલબાગ ચા રાજા' જેવાં મોટાં મંડળોના ગણપતિને આ દિવસે આખરી વિદાય આપવામાં આવે છે. આ દિવસે પરિવારમાં સુખ, શાંતિ સમૃદ્ધિ આવે એવી પ્રાર્થના કરવામાં આવે છે. સામાન્ય રીતે વહેતાં પાણીમાં મૂર્તિનું વિસર્જન કરવાનું શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. જોકે હવે સમુદ્ર કે નદીમાં પ્રદૂષણ ન થાય એ માટે પાલિકા દ્વારા કૃત્રિણ તળાવો ઊભાં કરવામાં આવ્યાં છે. ઘરે પણ એક સ્વચ્છ પાત્રમાં પાણી ભરીને ગણેશની મૂર્તિનું વિસર્જન કરી શકાય.

ભાદરવા મહિનાની પૂનમનું ધાર્મિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. આ દિવસે ભારતમાં દેખાનારું આ વર્ષનું છેલ્લું ગ્રહણ એટલે કે પૂર્ણ ચંદ્રગહણ હોવાથી આ દિવસનું મહત્ત્વ વધી જાય છે. આ દિવસે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવીને ચંદ્રને ઢાંકી દેશે. આથી દાન , સત્કર્મ, સ્નાન, ઉપવાસ અને મંત્રજાપનું અનેરું મહત્ત્વ છે. ગ્રહણના દિવસે કરેલા મંત્રજાપનું સામાન્ય જાપ કરતાં અનેક ગણું ફળ મળે છે, એમ કહેવાય છે. ગ્રહણ દરમિયાન આહાર લેવાની મનાઈ છે. ગ્રહણના સૂતક કાળ દરમિયાન મંદિરોનાં દ્વાર બંધ થઈ જાય છે. આ ગ્રહણ ભારતમાં દેખાવાનું હોવાથી એનું સૂતક પાળવાનું છે. ૨૧ સપ્ટેમ્બરે સૂર્યગ્રહણ છે, પરંતુ એ ભારતમાં દેખાવાનું નથી.

ચંદ્રગ્રહણ સાત અને આઠ સપ્ટેમ્બરની રાત વચ્ચે થશે. એની શરૂઆત સાત સ્પેટમ્બરના રોજ રાત્રે ૯.૫૬ કલાકથી થશે. ગ્રહણનો મધ્ય ભાગ ૧૧.૪૧ કલાકે હશે. આ ગ્રહણ ૧.૨૬ કલાકે સમાપ્ત થશે. આ પૂર્ણ ચંદ્રગ્રહણ એશિયા, હિન્દ મહાસાગર, એન્ટાર્કટિકા, પ્રશાંત મહાસાગર, ઓસ્ટ્રેલિયા અને યુરોપમાં દેખાશે. સૂચક નવ કલાક પહેલાં એટલે કે બપોરે ૧૨.૫૬ કલાકે શરૂ થશે અને ગ્રહણના અંત સાથે એની સમાપ્તી થશે.

આઠ સપ્ટેમ્બરે પિતૃપક્ષ એટલે કે શ્રાદ્ધ પક્ષની પ્રતિપદા છે. પિતૃપક્ષ અશ્વિન કૃષ્ણ પક્ષના અમાસ સુધી ચાલે છે. શ્રાદ્ધ પક્ષનો અંત ૨૧ સપ્ટેમ્બરે આવશે. પિતૃપક્ષમાં પૂર્વજોનું સ્મરણ કરીને તેમને તર્પણ, પિંડદાન, ધૂપ અને ધ્યાન અર્પણ કરવાનો રિવાજ છે. પિતૃપક્ષમાં પિતૃઓનું ધ્યાન ધરવાથી પરિવારમાં સુખ રહે છે અને સારી સંતતિ મળે છે.

દરમિયાન ભારતના વડા પ્રધાન નરકેન્દ્ર મોદીએ ઓનમ નિમિત્તે કેરળના લોકોને શુભેચ્છા પાઠવી હતી.

સાતમી સપ્ટેમ્બરના રોજ ભારતમાં પૂર્ણ ચંદ્રગ્રહણ દેખાશે. આ ચંદ્રગ્રહણ ખગોળશાસ્ત્રીઓ અને વિજ્ઞાન ઉત્સાહીઓ માટે બ્લડ મૂન ( રેડ મૂન) જોવા માટેની વિશેષ તક બની રહેશે. આ વર્ષે ભારતમાંથી બહુ ઓછા ગ્રહણો દેખાયા. તેથી, ચંદ્રગ્રહણ જોવાની આ એક સારી તક હશે.

ગ્રહણ રાત્રે ૯.૨૭ વાગ્યે શરૂ થશે અને ૧૨.૨૨ વાગ્યા સુધી દેખાશે. આ ગ્રહણ કુલ પાંચ કલાક અને ૨૭ મિનિટ સુધી દેખાશે, જેમાં છાયાકલ્પની શરૂઆત રાત્રે ૯ વાગ્યે થશે. ખંડગ્રાસ ગ્રહણ સવારે ૯.૫૭ વાગ્યે શરૂ થશે જ્યારે ખગ્રાસ ગ્રહણ રાત્રે ૧૧ વાગ્યે શરૂ થશે, અને તે રાત્રે ૧૨:૨૨ વાગ્યા સુધી દેખાશે. આ સમય દરમિયાન, ચંદ્ર લાલ દેખાશે, તેથી જ તેને બ્લડ મૂન અથવા રેડ મૂન કહેવામાં આવે છે.

ખગ્રાસનો સમયગાળો બે કલાક અને ૭ મિનિટનો રહેશે. જો આકાશમાં વાદળછાયું વાતાવરણ ન હોય, તો તે જગ્યાએ ખૂબ જ સુંદર ગ્રહણ જોઈ શકાય છે.

આ વર્ષનું છેલ્લું સૂર્યગ્રહણ ૨૧ સપ્ટેમ્બરના રોજ દેખાશે, પરંતુ તે ભારતમાં જોવા નહીં મળે. આ સૂર્યગ્રહણ ફક્ત ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, પેસિફિક, એટલાન્ટિક અને ન્યુઝીલેન્ડના કેટલાક ભાગોમાં જ દેખાશે. ■

### દક્ષિણ ગુજરાતમાં

ડેમમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે.

ગુજરાતમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. અરવલ્લીના ધનસુરામાં સૌથી વધુ ૪.૩૭ ઇંચ, ધનસુરામાં ૨.૭૬ ઇંચ, કડાણામાં ૨.૬૮ ઇંચ, સોનગઢમાં ૨.૫૨ ઇંચ, વિસાવદરમાં ૨.૪૦ ઇંચ, સૂત્રાપાડામાં ૨.૦૯ ઇંચ, લુણાવાડામાં ૨.૦૧ ઇંચ, ઉચ્છલમાં ૨.૦૧ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં ચાર ઇંચથી વધારે, સાત તાલુકામાં બે ઇંચથી વધારે વરસાદ નોંધાયો હતો. જ્યારે ૨૮ તાલુકામાં એક ઇંચથી વધારે વરસાદ વરસ્યો હતો.

ખેડામાં ૫, આણંદમાં ૪, અરવલ્લીમાં ૧૧, સાબરકાંઠામાં ૧, વડોદરામાં ૪, છોટાઉદેપુરમાં ૨૬, ભરૂચમાં ૧૩, નર્મદામાં ૩, મહિસાગરમાં ૩, પંચ મહાલમાં ૧, દાહોદમાં ૯, સુરતમાં ૪૬, તાપીમાં ૨૫, નવસારીમાં ૧૪, વલસાડમાં ૧૧, ડાંગમાં ૪, રાજકોટમાં ૧, જામનગરમાં ૧, ભાવનગરમાં ૨, જૂનાગઢમાં ૮, અમરેલીમાં ૨, પોરબંદરમાં ૨૫ મળી કુલ ૨૧૯ રોડ રસ્તા બંધ છે.

વડોદરા નજીક આવેલા સિંધરોટ ગામમાં મહીસાગર નદીના પૂરના પાણી ઘૂસી જતાં ૧૨૫ જેટલાં ઘરો, મંદિરો, દુકાનો અને સ્કૂલ પાણીમાં ડૂબી ગયાં છે, જ્યારે ગ્રામજનો અને પશુઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉપરવાસમાં વરસાદને પગલે વડોદરાની હેરણ નદીમાં પાણીની ભરપૂર આવક થતા અરણિયાને જોડતા કોઝવે ઉપરથી પાણી પસાર થતા ગામ સંપર્ક વિહોણું થયું હતું. હેરણ નદી બંને કાંઠે વહેતા આસગોલ અને અરનિયા ગામ થયા સંપર્ક વિહોણા હતા.

નર્મદા ડેમમાંથી પાણી છોડાતા નર્મદા નદી બે કાંઠે વહેતી થઈ હતી. જેને લઈ ચાણોદ પાસે મલ્હાર રાવ ઘાટના ૯૫ પગથિયા પાણીમાં ગરકાવ થઈ ગયા હતી. નર્મદા, વડોદરા અને ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારોને સાવધ રહેવા એલર્ટ અપાયું હતું. ભરૂચના ગોલ્ડનબ્રિજ નજીક નર્મદા નદીની ભયનજક સપાટી ૨૪ ફૂટ પર પહોંચી હતી. જેને લઈ તંત્ર દ્વારા નદી કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરાયા હતા. તાપીના ઉકાઈ ડેમમાં પાણીની જોરદાર આવક થતાં ૧૨ દરવાજા ખોલી તાપી નદીમાં ૧ લાખ ૬૩ હજાર ૧૪૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. ઉકાઈ ડેમની સપાટી ૩૩૭.૯૦ ફૂટ પહોંચી હતી.

વરસાદના કારણે મહીસાગર જિલ્લામાં આવેલ મહી નદી પરનો તંત્રોલી પુલ બંધ કરવામાં આવ્યો હતો. મલેકપુરથી ખાનપુરને જોડતા પુલ પર મહી નદીના પાણી ફરી વળતા પુલ બંધ થતાં લોકોને ૨૦થી ૨૫ કિલોમીટર ફેરો કરી જવાનો વારો આવ્યો હતો. ■

### દેશમાં કુલ

૨૩.૪ ટકા મૃત્યુ માટે કારણ બને છે. જે ૨૦૨૦-૨૦૨૨(કોવિડથી પ્રભાવિત) સમયગાળામાં અનુક્રમે ૫૫.૭ ટકા અને ૨૪.૦ ટકા હતા.અહેવાલમાં જણાવ્યા અનુસાર એકંદરે હૃદય રોગ મૃત્યુનું મુખ્ય કારણ છે. જે લગભગ ૩૧ ટકા લોકોનો ભોગ લે છે. ત્યારબાદ શ્વસન ચેપ(૯.૩ ટકા), જીવલેણ એટલે કે અસાધ્ય અને અન્ય નીઓપ્લાસ્મ(૬.૪ ટકા) અને શ્વસન રોગ(૫.૭ ટકા) આવે છે. ૩૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં જીવનશૈલી સંબંધિત હૃદયરોગ મૃત્યુનું મુખ્ય કારણ છે. જ્યારે ૧૫-૨૯ વર્ષના આયુ વર્ગમાં મૃત્યુનું સૌથી સામાન્ય કારણ ઇરાદાપૂર્વકની ઇજાઓ અને આત્મહત્યા છે.

અહેવાલમાં મૃત્યુનાં અન્ય કારણોમાં પાચન રોગો(૫.૩ ટકા), અજ્ઞાત કારણોસર આવતો તાવ(૪.૯ ટકા), મોટર વાહન અકસ્માતો સિવાય અજાણતા પહોંચેલી ઇજાઓ(૩.૭ ટકા), ડાયાબિટીસ(૩.૫ ટકા) અને જનનાંગ રોગો(૩.૦ ટકા)નો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવાયું છે કે ઇજાઓથી ૯.૪ ટકા મૃત્યુ થાય છે અને અસ્પષ્ટ કારણોથી ૧૦.૫ ટકા મૃત્યુ થાય છે. જો કે અસ્પષ્ટ કારણોમાંથી મોટાભાગના મૃત્યુ વૃદ્ધાવસ્થા(૭૦ વર્ષ કે તેથી વધુ)માં થાય છે. ■

### માતા વૈષ્ણોદેવી

તમામ પાસાઓનું મૂલ્યાંકન કર્યા પછી યોગ્ય સમયે લેવામાં આવશે.'' એમ અધિકારીએ જણાવ્યું હતું.

કોવિડ-૧૯ મહામારી પછી આ સૌથી લાંબા સમય સુધી યાત્રા સ્થગિત રહી હતી જેમાં અધિકારીઓ યાત્રાળુઓની સલામતીને પ્રાથમિકતા આપે છે અને કટરામાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને કોમર્શિયલ માળખાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે.

૨૬ ઓગસ્ટના રોજ કટરા ક્ષેત્રના ત્રિકુટ પહાડીઓમાં અધકુવારી ખાતે ભૂસ્ખલનમાં ૩૪ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ૨૦ અન્ય ઘાયલ થયા હતા. તે જ દિવસે યાત્રાને આગામી આદેશ સુધી સ્થગિત કરવામાં આવી હતી. દરમિયાન માતા વૈષ્ણો દેવી મંદિરના બેઝ કેમ્પ, જમ્મુ અને કટરા વચ્ચે સ્થાનિકો અને ફસાયેલા મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે શરૂ કરાયેલી લોકલ ટ્રેન સેવાઓ સ્થગિત રહી હતી. ■

### ઍર ઈન્ડિયાની

વિમાનને તરત જ સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવ્યું હતું તેમણે કહ્યું હતું કે વિમાન પોતાના નિર્ધારિત સમયથી ૨૦ મિનિટ મોડું દેવી અહિલ્યાબાઈ હોલકર એરપોર્ટ પર ઊતર્યું હતું, કારણ કે હવામાં ઓઇલ ફિલ્ટરમાં શંકાસ્પદ સમસ્યા આવી હતી અને વિમાનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે.

એરપોર્ટના ડિરેક્ટર વિપિનકાંત સેઠે પીટીઆઇને જણાવ્યું હતું કે, દિલ્હીથી ઇન્દોર આવી રહેલા એર ઇન્ડિયા એક્સપ્રેસ વિમાનના એક એન્જિનમાં ટેકનિકલ ખામી હોવાની માહિતી મળ્યા બાદ અમે તમામ સાવચેતી રાખી અને વિમાન સવારે ૯:૫૫ વાગ્યે ઇન્દોર એરપોર્ટ પર ઊતર્યું હતું. ફ્લાઇટના ક્રૂ સભ્યો અને તમામ ૧૬૧ મુસાફરો સંપૂર્ણપણે સુરક્ષિત છે

સેઠે જણાવ્યું હતું કે વિમાનના પાઇલટે એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) ને 'પાન-પાન' સિગ્નલ મોકલ્યો હતો, ત્યારબાદ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) મુજબ એરપોર્ટ પર આગ અને તબીબી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઘટના વિશે વાત કરતા એર ઇન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''ઇન્દોરમાં ઉતરતી વખતે શંકાસ્પદ ઓઇલ ફિલ્ટર સમસ્યાને કારણે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું પાલન કરીને વિમાનને સુરક્ષિત લેન્ડ કરાયું હતું. અમારા પાઇલટ્સે આવા સાવચેતીભર્યા પગલાં લેવા માટે સારી તાલીમ મેળવી છે.'' ■

### મુંબઈમાં

સમગ્ર દેશને હચમચાવી નાખશે.

મુંબઈમાં શનિવારે ગણોશોત્સવના દસમા દિવસની ઉજવણી કરવામાં આવશે અને આ નિમિત્તે લાખો લોકો શહેરના રસ્તાઓ અને ગલીએ ગલીએ ઉમટી પડવાના હોવાને કારણે પોલીસ સુરક્ષાવ્યવસ્થામાં વ્યસ્ત છે.

પોલીસ ધમકીભર્યા સંદેશાનો સ્રોત શોધવાની સાથે સાથે શહેરમાં કોઈપણ પ્રકારની અણછાજતી ઘટના ન બને તે માટે સાવચેતીનાં તમામ પગલાં લઈ રહી છે.

શહેરના ચાવીરૂપ સ્થળોએ સુરક્ષાવ્યવસ્થા સઘન કરવામાં આવી છે અને વિવિધ સ્થળે કોમ્બિંગ ઑપરેશન હાથ ધરવામાં આવી રહ્યાં છે.

પોલીસે લોકોને અફવાઓથી દોરવાઈ ન જવાની અપીલ કરી છે અને કોઈપણ પ્રકારની શંકાશીલ હિલચાલ દેખાય તો પોલીસને તાત્કાલિક જાણ કરવાની વિનંતી કરી છે. (એજન્સી) ■

### અમદાવાદના

આવ્યું હતું. આ સમગ્ર રેકેટ બેંક ટ્રાન્ઝેક્શન્સ અને હવાલા મારફતે ચાલતું હતું.

પોલીસને એક મોબાઈલ એપ્લિકેશન પણ મળી હતી, જેના માધ્યમથી બુકીઓ સટ્ટો રમાડતા હતા. તેઓ એજન્ટો મારફતે આઈડી બનાવી લોકોને સટ્ટો રમવા માટે જોડતા હતા. આ કેસના મુખ્ય આરોપી હર્ષિત જૈન છેલ્લાં એક વર્ષથી પોલીસને ચકમો આપી રહ્યો હતો. પોલીસે તેની સામે લુકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ પણ બહાર પાડી હતી. આખરે, ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલે દુબઈ પોલીસના સહકારથી ઓપરેશન પાર પાડીને વહેલી સવારે ૪ વાગે હર્ષિત જૈનને દુબઈથી ડિપોર્ટ કરાવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર ઉતરતા જ તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

### અમિત શાહ આજે

પાર્ટીના નેતાઓ સાથે એક બેઠક પણ કરશે. ત્યારબાદ તેઓ સશસ્ત્ર સીમા દળ(એસએસબી)ની ૨૮મી બટાલિયનના મુખ્યાલયનો વર્ચ્યુઅલ શિલાન્યાસ કરશે.

આ દરમિયાન રાવે કેન્દ્ર સરકારના જીએસટી સ્લેબ ઘટાડવાના પગલાનું સ્વાગત કર્યું હતું. તેમ જ જીએસટી દરોમાં ઘટાડાને એક 'ઐતિહાસિક નિર્ણય' ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે જીએસટીમાં ફેરફારથી જરૂરી ચીજવસ્તુઓના ભાવ ઘટશે અને તેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થશે.

બીઆરએસના ભૂતપૂર્વ નેતા કે. કવિતા વિશે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે ભાજપમાં ભ્રષ્ટ લોકો માટે કોઇ સ્થાન નથી પછી ભલે તે કવિતા હોય કે અન્ય કોઇ હોય. કેસીઆરના નેતૃત્વ હેઠળના બીઆરએસમાંથી સસ્પેન્ડ થયા બાદ કવિતાએ બુધવારે પાર્ટીમાંથી રાજીનામાની જાહેરાત કરી હતી. ■

### ડૉલર સામે

૮૮.૧૫ની સૌથી નીચલી સપાટીએ બંધ રહ્યો હતો.

ટ્રમ્પ ભારતના આઈટી સેક્ટર પર વધુ ટૅરિફ લાદે એવી અફવાને પગલે અત્યાર સુધીની સૌથી નીચલી સપાટી પર બંધ રહ્યો હતો. આ અફવાને કારણે આઈટી ક્ષેત્રની કંપનીના શેરના ભાવમાં પણ ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. (એજન્સી) ■

### યુકેનાં નાયબ વડાં

અને સેકન્ડરી રેસિડન્સમાં ઊંચા દરે લેવી લગાડવામાં આવે છે. અહેવાલો સૂચવે છે કે રાયનરે યોગ્ય લેવી એટલે કે સ્ટેમ્પ ડ્યુટી ન ભરીને ૪૦,૦૦૦ પાઉન્ડનો વેરો બચાવ્યો હતો.

રાયનર મજૂર સરકારમાં આવાસ ખાતું સંભાળતા હતા. તેમની સ્પષ્ટ વકતાની છાપ હતી. તેમણે રૂઢિચુસ્ત વહીવટીતંત્રમાં જાણીબુઝીને વેરો ઓછો ભરનારનો વિરોધ કર્યો હતો. મજૂર પક્ષે જુલાઈ ૨૦૨૪માં સત્તા મેળવી હતી. (એજન્સી) ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, શનિવાર, તા. ૬–૯–૨૦૨૫, અનંત ચતુર્દશી, શ્રી ગણેશ વિસર્જન

- ભારતીય દિનાંક ૧૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ–૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ–૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા રાત્રે ક. ૨૨–૫૫ સુધી, પછી શતભિષા.
- ચંદ્ર મકરમાં સવારે ક. ૧૧–૨૦ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૭–૩૯, રાત્રે ક. ૧૯–૦૧.
- ઓટઃ બપોરે ક. ૧૪–૦૦, મધ્યરાત્રિ પછી ક. (તા. ૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – ચતુર્દશી. અનંત ચતુર્દશી, શ્રી ગણેશ વિસર્જન, હર્ષલ વક્રી સવારે ક. ૧૦–૨૩, પંચક પ્રારંભ સવારે ક. ૧૧–૨૦. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૫–૪૧, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી ગણેશ મહાઉત્સવ સમાપન, શ્રી ગણેશ વિદાય વિશેષ અર્ચના પૂજા, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાલ ચાલીસા, સુંદર કાંડ, વાંચન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, સર્વદેવ પ્રતિષ્ઠા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બગીચો બનાવવો, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ હર્ષલ સ્તંભી થઈ વક્રી થશે.

ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ–કન્યા, માર્ગી બુધ–સિંહ, ગુરુ–મિથુન, શુક્ર–કર્ક, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૭-૯-૨૦૨૫, પૌષ્ઠપદી પૂર્ણિમા, અંબાજીનો મેળો, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે).**

- ભારતીય દિનાંક ૧૬, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ–૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ–૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૨૧–૪૦ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ્ર

- ભરતીઃ સવારે ક. ૦૯–૦૭, રાત્રે ક. ૨૦–૫૦
- ઓટઃ બપોરે ક. ૧૫–૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૧૫ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – પૂર્ણિમા. વ્રતની પૂનમ, પૌષ્ઠપદી પૂર્ણિમા, ભાગવત સપ્તાહ સમાપ્તિ, સંન્યાસીના ચાતુર્માસ સમાપ્તિ, અંબાજીનો મેળો, ગોત્રિ–રાત્રિ વ્રત સમાપન, અન્વાધાન, ઈન્દ્ર ગોવિંદપૂજા (ઓરિસ્સા), નારાયણગુરુ જયંતી (કેરાલા), પંચક, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨–૪૧. ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે), સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ કુળદેવી, કુળદેવતા સ્થાનક, દર્શન યાત્રા, નદી, સરોવર, સમુદ્ર સ્નાન, ખગ્રાસ ચંદ્રગ્રહણ દેખાવાનું હોઈ નિયમ પાલન પાળવા. ગ્રહણ સ્નાનનો મહિમા, ગ્રહણ પર્વકાળમાં ઈષ્ટ દેવતા, ગુરુ મંત્રના જાપ, અનુષ્ઠાન, શિવધ્યાન, પંચાક્ષર મંત્ર જાપ આ ગ્રહણ કુંભ રાશિ, પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં થાય છે. દેખાવાનાં સ્થળોઃ મુંબઈ, યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, પેસિફિક, એટલાન્ટિક, હિન્દ મહાસાગર, આર્કટિક એટલાન્ટિકા. ગ્રહણ સ્પર્શઃ ક. ૨૧–૫૭, ગ્રહણ મધ્યઃ ૨૩–૪૧, ગ્રહણ મોક્ષઃ ક. ૨૫–૨૬
- આચમનઃ ચંદ્ર–બુધ પ્રતિયુતિ, ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ પ્રતિયુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે. ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે.)
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ–કન્યા, માર્ગી બુધ–સિંહ, ગુરુ–મિથુન, શુક્ર–કર્ક, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# ગુજરાત ૬૯ અબજ યુએસ ડૉલરના એફડીઆઈ સાથે મજબૂત વૈશ્વિક જોડાણ ધરાવતું રાજ્યઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં વિવિધ રાજદ્વારીઓ અને મિશનના વડાઓ સાથેની સંવાદ બેઠકમાં ગુજરાતના વૈશ્વિક વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરતા જણાવ્યું કે, ૬૯ અબજ યુએસ ડોલરના એફ.ડી.આઈ. અને નિકાસમાં ૨૭ ટકાના યોગદાન સાથે ગુજરાત સુદ્રઢ વૈશ્વિક જોડાણ ધરાવતું રાજ્ય બન્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસના પૂર્વાર્ધ રૂપે નવી દિલ્હીમાં રાજ્ય સરકાર દ્વારા યોજાયેલી સંવાદ બેઠકમાં ૪૫ જેટલા રાષ્ટ્રોના રાજદૂતો, ઉચ્ચ કમિશન અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય પ્રધાને આ સંવાદ બેઠકમાં કહ્યું કે, વડા પ્રધાનની પ્રેરણાથી ૨૦૦૩માં શરૂ થયેલી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ઉત્તરોત્તર સફળતાને પરિણામે ગુજરાત વેપારી રાજ્યની ઈમેજથી આગળ વધીને હવે ન્યુ એઈજ ઇન્ડસ્ટ્રીનું હબ બનવા તરફ અગ્રેસર છે. તેમણે ઉમેર્યું કે, એ.આઈ., સ્પેસટેક, ફિનટેક, સેમિકન્ડક્ટર, ડિફેન્સ એન્ડ એરોસ્પેસ, ઈ.વી. અને ગ્રીન એનર્જી જેવા ફ્યુચરિસ્ટિક સેક્ટર્સના ઉદ્યોગોના કેન્દ્ર સાથે ગુજરાત દેશનું પથપ્રદર્શક રાજ્ય બન્યું છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં પાછલા બે દશકમાં ગુજરાત ગ્રોથ, સ્ટેબિલિટી અને ઓપોર્ચ્યુનિટીઝનું ઉજ્જવળ પ્રતીક અને વૈશ્વિક રોકાણકારો માટે એક ટ્રસ્ટેડ પાર્ટનર પણ છે. નીતિ આધારિત શાસન, રોકાણકાર મૈત્રીપૂર્ણ વાતાવરણ અને સુગ્રથિત માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને ગુજરાત વિદેશી રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે તેમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે, કનેક્ટિવિટી અને ઔદ્યોગિક ઇકોસિસ્ટમ ગુજરાતની સ્ટ્રેન્થ છે. દેશનો સૌથી લાંબો દરિયા કિનારો, ૪૯ પોર્ટ્સ અને પીએમ ગતિશક્તિ અન્વયે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ નેટવર્ક સાથે લોજિસ્ટિક્સ અને નિકાસમાં ગુજરાત અગ્રણી રાજ્ય તરીકે સ્થાન પામ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશિપમાં, ગુજરાત દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકાનો ફાળો આપે છે.

વીજીઆરસીની ભૂમિકા આપતાં મુખ્ય પ્રધાને કહ્યું કે, આ પહેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાને રાજ્યના દરેક ક્ષેત્રમાં વિસ્તૃત કરશે, એમએસએમઈને સશક્ત બનાવશે અને પ્રાદેશિક રીતે સંતુલિત વિકાસને પ્રોત્સાહન આપશે.

# રાજ્યમાં નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને મંજૂરી આપવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાગરિકો નિયમિત વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશથી ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને ભારતના પ્રવર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૦માં 'વાંચે ગુજરાત' અભિયાન ચલાવ્યું હતું. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યું હતું. પુસ્તક વાંચનના મહત્ત્વને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યભરમાં સરકારી પુસ્તકાલયોની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ગત વર્ષે રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં તેમજ ૭ આદિજાતિ જિલ્લા ૧૪ તાલુકાઓમાં મળીને તાલુકા સ્તરે કુલ ૬૪ સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ૬૪ માંથી ૫૩ સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ ચૂક્યા છે, અને ૧૧નું કામ પ્રગતિમાં છે. સમગ્ર ગુજરાતમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે અને આ વર્ષે તાલુકા સ્તરે નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. જે બાદ રાજ્યના તમામ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ જશે.

રાજ્યમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે, જેમાં ૩૩ જિલ્લા પુસ્તકાલયો અને ૧૫૦ તાલુકા પુસ્તકાલયો સહિત મધ્યસ્ત પુસ્તકાલયો, ફરતા પુસ્તકાલયો, રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર, સ્ટેટ આર્ટ લાયબ્રેરી અને મહિલા ગ્રંથાલયોનો પણ સમાવેશ થાય છે. રાજ્યના મધ્યસ્થ પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૫૦૦થી વધુ નાગરિકો વાંચનનો લાભ લઇ રહ્યા છે, જ્યારે જિલ્લા પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૧૫૦થી વધુ વાચકો વાંચનનો લાભ લઇ રહ્યા છે. રાજ્યના જે જિલ્લા પુસ્તકાલયો ખાતે વાંચનની સુવિધા ઉપલબ્ધ છે, ત્યાં પ્રતિદિન ૨૫૦થી વધુ વાચકો વાંચનનો લાભ લઇ રહ્યા છે, અને તાલુકા પુસ્તકાલયો ખાતે પણ ૧૦૦થી વધુ વાચકો પ્રતિદિન વાંચનનો લાભ મેળવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૯ સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ રીડ અ બુક ડે' એટલે કે 'રાષ્ટ્રીય પુસ્તક વાંચો દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી દરેક વ્યક્તિને પુસ્તક વાંચનનો આનંદ માણવા માટે તેમના દિવસમાંથી સમય કાઢવા માટે પ્રેરિત કરવાનો છે.

# ગણેશ વિસર્જનને લઈ અમદાવાદના અનેક રસ્તા બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શનિવારે ગણેશ વિસર્જનને લઈ અમદાવાદના અનેક રસ્તાઓ બંધ રહેશે. અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં પાલડીથી ગીતા મંદિર અને કાલુપુર તરફનો રસ્તો તેમજ એલિસબ્રિજથી રાયપુર સુધીનો રસ્તો ઉપરાંત, રિવરફ્રન્ટના રસ્તા પણ બંધ રહેશે. જેથી વાહનચાલકોને અન્ય વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવી હતી.

અમદાવાદ પોલીસે બહાર પાડેલા જાહેરનામા મુજબ, પાલડીથી એસ ટી ગીતા મંદિર સુધીનો રસ્તો બંધ રહેશે. જેથી ગીતા મંદિરથી પાલડી આવવા માંગતા વાહન-ચાલકોને બહેરામપુરાથી દાણીલીમડા ચાર રસ્તા થઈને આંબેડકરબ્રિજ થઈને પાલડી અને આશ્રમ રોડ આવી શકાશે. જ્યારે ગીતા મંદિરથી રાયપુર ચાર રસ્તા અને ત્યાંથી કાલુપુર રેલવે સ્ટેશન સુધીનો રસ્તો પણ બંધ રહેશે. જેથી કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે એસટીથી ભુલાભાઈ ચાર રસ્તાથી કાંકરિયા ગોમતીપુર રેલવે કોલોનીથી આંબેડકર હોલથી કાલુપુર બ્રિજથી રેલવે સ્ટેશન જઈ શકાશે.

કાલુપુર રેલવે સ્ટેશનથી સારંગપુર સર્કલથી એલિસબ્રિજ સુધીનો રસ્તો બંધ રહેશે. તેમજ રખિયાલ ચાર રસ્તાથી સરસપુર આઈટીઆઈ ચાર રસ્તા સુધીનો રસ્તો પણ વાહનવ્યવહાર માટે સંપૂર્ણ બંધ રહેશે. જ્યારે દિલ્હી દરવાજાથી નમસ્તે સર્કલથી જૂની પોલીસ કમિશનર કચેરીથી દધિચીબ્રિજ સુધીનો રસ્તો પણ તમામ પ્રકારના વાહનો માટે બંધ રહેશે. આ ઉપરાંત દિલ્હી દરવાજાથી બીઆરટીએસથી દધિચીબ્રિજ સુધીનો પણ બંધ રહેશે. તેમજ રિવરફ્રન્ટ પૂર્વ અને પશ્ચિમના બંને રસ્તા પણ બંધ રહેશે. આ તમામ રસ્તા બપોરે એક વાગ્યાથી મોડી રાત સુધી બંધ રાખવામાં આવશે.

# નર્મદા ડેમમાં પાણીની આવક વધતાં સિઝનમાં પ્રથમ વખત ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા

## ભરૂચના ગોલ્ડન બ્રિજ નજીક નદીનું જળસ્તર ૨૪ ફૂટની ભયજનક સપાટી વટાવી ગયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે નર્મદા ડેમમાં પાણીની ભરપૂર આવક થઈ હતી. ડેમનું રૂલ લેવલ જાળવવા માટે સિઝનમાં પ્રથમ વખત ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા હતા. નર્મદા ડેમની સપાટી ૧૩૫.૯૪ મીટર સુધી પહોંચી ગઈ છે.

ઉપરવાસમાંથી ૪ લાખ ક્યૂસેકથી વધુ પાણીની આવક થઈ હતી. આ કારણે સિઝનમાં પહેલીવાર ડેમના ૨૩ દરવાજા ૨.૫૦ મીટર સુધી ખોલવામાં આવ્યા હતા. ડેમ ઓવરફ્લોથી ૨.૭૪ મીટર દૂર છે. છેલ્લા ૨૪ કલાકમાં ડેમની જળસપાટીમાં ૪૦ સેમીનો વધારો થયો હતો. ડેમમાંથી પાણી છોડવામાં આવતાં ૨૭ ગામને એલર્ટ કરાયાં હતાં.

સરદાર સરોવર ડેમમાં રૂલ લેવલ જાળવવા માટે તબક્કાવાર પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે નર્મદા નદીનું જળસ્તર વધ્યું હતું. નર્મદા ડેમમાંથી પાણી છોડવાને કારણે ભરૂચ અને એની આસપાસના વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આને કારણે ભરૂચના ગોલ્ડનબ્રિજ નજીક નદીનો જળસ્તર ૨૪ ફૂટની ભયજનક સપાટી વટાવી ગયો હતો. નદીકિનારે આવેલાં ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં અને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે સૂચના આપવામાં આવી હતી.

આ પૂરની અસર ગોરા ઘાટ અને ચાણોદના મલ્હાર ઘાટ પર જોવા મળી હતી. નદીની જળસપાટી વધતાં ઘાટો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ચાણોદ ઘાટનાં ૯૫ પગથિયાં પણ પાણીમાં ડૂબી ગયાં હતાં. ગોરા ઘાટ પરના નર્મદા આરતી, લેસર શો અને વોટર શો માટેના કરોડો રૂપિયાનાં સાધનો સમયસર હટાવી લેવામાં આવ્યાં હતાં.

૨૦૧૯માં પ્રથમવાર ડેમ છલોછલ ભરાયો હતો અને ત્યારે નર્મદાના ૨૩ ગેટ ખોલી લાખો ક્યૂસેક પાણી નર્મદામાં છોડવામાં આવ્યું હતું. ત્યાર પછી ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ એમ ગેટ ખોલવામાં આવ્યા હતા.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના 30 શિક્ષકનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* શહેરમાં શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યકક્ષાના શિક્ષક પારિતોષિક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ પ્રધાન ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં મુખ્ય પ્રધાનના હસ્તે રાજ્યના ૩૦ શિક્ષકનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કરાયું હતું અને પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ પ્રતીકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાનની વાત દોહરાવતાં કહ્યું કે માતા-પિતા પછી શિક્ષકો જ બાળમાનસ પર ઊંડો પ્રભાવ પાડે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે લોહીનો નહીં પણ વાત્સલ્યનો સંબંધ છે. માતા-પિતા પછી શિક્ષક જ બાળમાનસ પર સૌથી વધુ અસર કરે છે. ત્યારે ભાવિ પેઢીનું ઘડતર કરી, વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌ શિક્ષકોને અપીલ કરી હતી. તેમણે કહ્યું કે આપણા જીવનમાં કોઈ પણ કામને નાનું ન સમજીએ, પરંતુ જે કાર્ય કરવાનું સૌભાગ્ય આપણને મળ્યું હોય, એ સારી રીતે નિભાવીએ તે જ સાચું શિક્ષણકાર્ય છે. તેમણે આજીવન શિક્ષક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૭મી જન્મજયંતી પ્રસંગે પારિતોષિક મેળવનારા સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી, આજના દિવસે શ્રેષ્ઠ શિક્ષક સન્માન એ 'રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ' ગણાવી કહ્યું કે કોઈ પણ સમાજનો મજબૂત પાયો શિક્ષણ જ છે. મુખ્ય પ્રધાને આચાર્ય ચાણક્યના સૂત્રને યાદ કરી શિક્ષકની મહત્તા વિશે કહ્યું કે ગુરુ ભગવાનનાં પણ દર્શન કરાવી શકે છે. પ્રાચીનકાળથી ભારતમાં જ્ઞાનનાં દર્શન કરાવનાર આ ગુરુઓ જ છે. તેમનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું સમર્પણ જ્ઞાન પરંપરા અને મહાન બનાવે છે. તેમણે સ્વામી વિવેકાનંદને યાદ કરી કહ્યું કે, શિક્ષણ વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે છે. શિક્ષકની સકારાત્મકતા સૌથી મોટી મૂડી છે.

આ પ્રસંગે શિક્ષણ પ્રધાન કુબેરભાઈ ડીંડોરે ભગવાન શ્રી કૃષ્ણ, આચાર્ય ચાણક્ય, વિનોબા ભાવે તથા કાકાસાહેબ કાલેલકરના ઉદાહરણ આપીને જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ગુરુઓનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. વિદ્યાર્થીકેન્દ્રી, સમાજકેન્દ્રી લક્ષ્ય રાખીને અથાક પરિશ્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય ઘડતરનું કાર્ય કરનારા શિક્ષકોને તેમણે બિરદાવ્યા હતા.

શિક્ષણનાં માધ્યમોમાં આવેલાં પરિવર્તન વિશે વાત કરતાં ડીંડોરે કહ્યું કે આજે આધુનિક ટેક્નોલોજી અને એઆઈ કે રોબોટનો ઉપયોગ કરીને શાળામાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, પરંતુ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન તો શિક્ષકો જ કરી શકે છે. એ દૃષ્ટિએ શિક્ષકની ભૂમિકા કાયમી અને જીવંત છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ તકે શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ 'અમારા શિક્ષક અમારા માર્ગદર્શક' શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

# ભારે વરસાદથી નદીઓમાં ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે જિલ્લાના વિવિધ જળાશયોમાં પાણીની આવક વધી હતી. કડાણા ડેમ અને પાનમ ડેમ પણ છલકાયા હતા. પાણીનું સ્તર ખૂબ વધી જતાં કડાણા ડેમના ૧૩ દરવાજા ૧૦ ફૂટ ખોલીને ૩.૫ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું જ્યારે પાનમ ડેમમાંથી પણ ૫૦ હજાર ક્યૂસેકથી વધુ પાણી છોડાયું હતું. આને કારણે મહીસાગર નદી ભયજનક સપાટી વટાવી ગઈ હતી.

અચાનક પાણી છોડવામાં આવતાં મહીસાગરના નદીકાંઠાના ખેતરોમાં પાણી ભરાઈ ગયાં હતાં. ખેડૂતોના તમાકુ, ડાંગર, મકાઈ અને શાકભાજી જેવા પાકોને મોટું નુકસાન થયું હતું. આ વર્ષની તેમની મહેનત પાણીમાં ગઈ હતી અને તેમને મોટો આર્થિક ફટકો પડ્યો હતો. પાણીના પ્રવાહને કારણે નદી કિનારાના ઘણાં ગામોમાં પણ પાણી ઘૂસી ગયાં હતાં. તંત્ર દ્વારા ખાનપુર, લુણાવાડા, કડાણા, ગોધરા અને શહેરા તાલુકાના કુલ ૧૨૪ ગામને એલર્ટ કરવામાં આવ્યાં હતાં.

કડાણા ડેમમાં પાણીનું વર્તમાન સ્તર ૪૧૪.૧૦ ફૂટ છે, જ્યારે ડેમની કુલ ક્ષમતા ૪૧૯ ફૂટ છે. ડેમમાં અત્યારે ૨.૪૦ લાખ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. કડાણા ડેમના હાઈડ્રો પાવર પ્રોજેક્ટ દ્વારા વીજળી પણ બનાવવામાં આવી રહી છે. ડેમમાંથી ૨.૪૦ લાખ ક્યૂસેક પાણી છોડીને વીજ ઉત્પાદનના ચાર યુનિટ શરૂ કરવામાં આવ્યા હતા.

# શિક્ષક દિવસ પર ગાંધીનગરમાં શિક્ષકોએ વિરોધ પ્રદર્શન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષક દિવસની ઉજવણી વચ્ચે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષક બનવા ઇચ્છતા ઉમેદવારોએ સરકાર સામે આંદોલન શરૂ કર્યું હતું. તેમણે પોતાની વિવિધ માગણીઓ સાથે ભાજપ સરકાર અને શિક્ષણ પ્રધાનનો વિરોધ કર્યો હતો.શિક્ષક ભરતીના ઉમેદવારોએ શિક્ષણ વિભાગમાં ખાલી પડેલી ૧૦,૭૦૦ જેટલી શિક્ષકોની જગ્યાઓ તાત્કાલિક ભરવાની માગ કરી હતી. આ ઉપરાંત ભરતીમાં અનામત નીતિનું યોગ્ય રીતે પાલન થાય તેવી રજૂઆત કરવામાં આવી હતી.

વિરોધ પ્રદર્શન કરતાં શિક્ષકોએ શિક્ષણ ક્ષેત્રમાં વધી રહેલા ખાનગીકરણ અને વ્યાપારીકરણને રોકવાની માગ સાથે ઉમેદવારોએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત, ચિત્ર, સંગીત, વ્યાયામ અને કોમ્પ્યુટર શિક્ષકોની સીધી ભરતી કરવા માટે પણ માગ કરી હતી.

આ આંદોલનને રાજકીય સમર્થન મળ્યું. બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આંદોલનકારીઓને ટેકો આપવા માટે ગાંધીનગર પહોંચ્યા હતા. આંદોલન દરમિયાન, ઉમેદવારોએ પોસ્ટરો લઈને ''ભાજપ સરકાર હાય હાય'' અને ''શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર હાય હાય'' જેવા નારા લગાવ્યા હતા.

# અમદાવાદમાં ૧૦૦ કરોડના ગોલ્ડ કેસના આરોપી મેઘ-મહેન્દ્ર શાહની સંપત્તિ ડીઆરઆઈ ટાંચમાં લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા મહિનાઓ પહલો અમદાવાદના પાલડીમાં એક ફ્લેટમાંથી વિદેશી ગોલ્ડ બિસ્કિટ, વિદેશી ઘડિયાળ સહિત ૧૦૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ડીઆરઆઈ દ્વારા હવે મેઘ શાહ અને મહેન્દ્ર શાહની મિલકત ટાંચમાં લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કૌભાંડના સૂત્રધાર બાપ-દીકરો બંને દુબઈમાં હોવાનું સામે આવ્યું હતું.

મહેન્દ્ર શાહની મોડસ ઓપરેન્ડી મુજબ તે, છેલ્લાં પાંચેક વર્ષથી અમદાવાદના કેટલાક લોકો પાસેથી બંધ કંપનીઓને ખરીદીને સેબીમાં કાયદાકીય આંટીઘૂંટીનો લાભ લઈને કંપની ચાલુ કરાવતો હતો. આ પછી કંપનીના શેરોના રાઈટ ઈશ્યુ અને પ્રેફરન્સ શેરોની મંજૂરી મેળવીને કૃત્રિમ ઉછાળો લાવીને રોકાણકારોને શેરો પધરાવી દેવામાં આવતા હતા. રાઈટ ઈશ્યુના શેરોમાં અમદાવાદના બે શેર બ્રોકરોની મદદથી શેરો ભરાવીને મસ્ત મોટું કૌભાંડ આચરવામાં આવતું હતું.

ડીઆરઆઈની તપાસમાં ખુલાસો થયો હતો કે મહેન્દ્ર શાહ ઉર્ફે કાળિયો, જે શેરોમાં રોકાણ કરવાની ટીપ આપવા પર પ્રતિબંધ હોવા છતાં, પોતાનું સોશ્યલ મીડિયા નેટવર્ક બનાવીને રોકાણકારોને છેતરતો હતો. તે દરરોજ અમુક ચોક્કસ શેરોને કૃત્રિમ રીતે ઊંચા ભાવે લઈ જતો હતો. એકવાર ભાવ વધે એટલે તે શેર સામાન્ય રોકાણકારોને વેચી દેતો હતો. આનાથી તેને મોટી કમાણી થતી હતી. ડીઆરઆઈની તપાસમાં બહાર આવ્યું છે કે આ છેતરપિંડીમાંથી મળેલા પૈસા રોકડમાં લેવામાં આવતા હતા. આ માટે એક કૃષિ કંપની સાથે જોડાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની મદદ લેવામાં આવતી હતી. તે આંગડિયા પેઢી દ્વારા પૈસા મંગાવતો અને પછી તેમાંથી સોનું ખરીદીને તેને આપતો હતો. ડીઆરઆઈના સૂત્રોએ જણાવ્યું છે કે હવે આ સીએને પણ પૂછપરછ માટે સમન્સ મોકલીને બોલાવવામાં આવશે.

# હાલોલ જીઆઈડીસીમાં એગ્રો કંપનીમાં ગરમ પાણીનો વાલ્વ ખૂલી જતા પાંચ શ્રમિક દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના હાલોલ જીઆઈડીસીમાં આવેલી એક એગ્રો કંપનીમાં ગંભીર બેદરકારીને કારણે એક દુર્ઘટના બની હતી. કંપનીમાં અચાનક ગરમ પાણીનો વાલ્વ ખૂલી જતાં પાંચ જેટલા શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ ઘટનામાં તમામ પાંચ કામદારોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમને તાત્કાલિક કાલોલની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની હાલત વધુ ગંભીર હોવાથી, તેમને વધુ સારવાર માટે ગોધરાની સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. કંપનીની આ બેદરકારી પર ઘણા સવાલો ઊભા થઈ રહ્યા છે. સલામતીના નિયમોનું પાલન ન થવાને કારણે આ અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે. આ સમગ્ર મામલે હાલોલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# દિવાળી પર અમદાવાદથી રાજ્યની પ્રથમ અમૃત ભારત નોન એસી ટ્રેન શરૂ થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતને તેની પ્રથમ અમૃત ભારત ટ્રેન દિવાળી સુધીમાં મળવાની શક્યતા છે. આ ટ્રેન અમદાવાદથી શરૂ થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ ટ્રેન સંપૂર્ણપણે નોન એસી હશે. જેથી મુસાફરીનો ખર્ચ પણ ઓછો થશે. આ ટ્રેનનું ભાડું સામાન્ય ટ્રેનના જનરલ કોચ જેટલું જ રાખવામાં આવી શકે છે. આ ટ્રેનમાં ખાસ પ્રકારના નવા ડબલ ડેકર એન્જિન લગાવવામાં આવી શકે છે.

સામાન્ય રીતે અન્ય ટ્રેનો અમદાવાદથી વારાણસી ૨૮થી ૩૦ કલાકમાં પહોંચે છે ત્યારે આ ટ્રેન સરેરાશ ૧૨૦થી ૧૩૦ કિમીની ઝડપે દોડી ૨૨થી ૨૪ કલાકમાં વારાણસી પહોંચાડશે. અમૃત ભારત એક્સપ્રેસ ૨૦ એલએચબી કોચ અને ટ્રેનની બન્ને બાજુએ એન્જિન ધરાવતી ટ્રેન હશે. જેથી આ ટ્રેનમાં એન્જિન બદલ્યા વગર બન્ને દિશામાં મહત્તમ ૧૬૦થી ૧૮૦ કિલોમીટરની ઝડપે દોડાવી શકાશે. આ ટ્રેનમાં ઈપી બ્રેક લગાવવામાં આવી છે. એર બ્રેકમાં ટ્રેન રોકાવામાં જે સમય લાગે છે તે આ ઈપી બ્રેકમાં નથી લાગતો. તમામ કોચમાં એક સાથે બ્રેક લાગતા ઓછા અંતરમાં જ ટ્રેન રોકાઈ જાય છે અને ઝટકો લાગતો નથી.

ઉલ્લેખનીય છે કે ભારતીય રેલવેએ સંપૂર્ણપણે નોન-એસી અમૃત ભારત ટ્રેનો શરૂ કરી છે, જેમાં હાલમાં ૧૧ જનરલ ક્લાસ કોચ, આઠ સ્લીપર ક્લાસ કોચ, એક પેન્ટ્રી કાર અને બે સેકન્ડ ક્લાસ કમ લગેજ કમ ગાર્ડ વાન અને દિવ્યાંગ મૈત્રીપૂર્ણ કમ્પાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. આ ટ્રેનો નોન-એસી સેગમેન્ટના મુસાફરોને વિશ્વ કક્ષાની આધુનિક અને આરામદાયક રેલ મુસાફરીનો અનુભવ પ્રદાન કરીને સામાન્ય લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ડિઝાઇન અને ઉત્પાદિત કરવામાં આવી છે.

# જૂનાગઢની આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં વિદ્યાર્થીને માર મારવાનો વીડિયો વાઈરલ થતાં વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં આવેલી આલ્ફા ઇન્ટરનેશન સ્કૂલની હોસ્ટેલ ફરી વિવાદોમાં સપડાઈ હતી. થોડા દિવસ પહેલા જ ૧૭ વર્ષીય વિદ્યાર્થી પર હુમલાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, ત્યારે હવે આ જ હોસ્ટેલમાં એક વિદ્યાર્થીઓ મળીને એક વિદ્યાર્થીને માર મારી રહ્યા હોવાનું સામે આવતા ભારે ચકચાર મચી ગઈ હતી, આ ઘટનાથી વાલીઓમાં ભારે રોષ વ્યાપ્યો હતો તેમજ હોસ્ટેલના સંચાલન અને વિદ્યાર્થીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ખડા કર્યા હતા.

મળતી વિગતો અનુસાર આ ઘટના જૂનાગઢના મધુરમ ચોકડી નજીક આવેલી આલ્ફા ઇન્ટરનેશનલ સ્કૂલની છે. સ્કૂલની હોસ્ટેલમાં પાંચથી છ જેટલા વિદ્યાર્થીઓએ મળીને એક વિદ્યાર્થીને ગંભીર રીતે માર માર્યો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. ત્યારબાદ આ વીડિયો ૩૦ ઓગસ્ટના રોજ વિદ્યાર્થીના વાલીના ધ્યાન પર આવ્યો હતો અને ત્યારબાદ તેમણે આ અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીઝના ઝડપથી વધી રહેલા વ્યાપથી જાપાથનીઝ પ્રતિનિધિમંડળ પ્રભાવિત થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાપાનના ઈવાટે પ્રીફેક્ચરના વાઇસ ગવર્નર શ્રીયુત સાસાકી જૂનના નેતૃત્વમાં જેઆઈસીએના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. આ પ્રતિનિધિ મંડળ નવી દિલ્હીમાં યોજાયેલા સેમિકોન ઇન્ડિયા-૨૦૨૫માં સહભાગી થવા ભારત આવ્યું હતું. આ દરમિયાન તેમણે રાજ્યમાં કાર્યરત જાપાનીઝ સેમિકોન ઇન્ડસ્ટ્રીઝનો મુલાકાત પ્રવાસ યોજ્યો હતો.

આ ડેલિગેશન ધોલેરા એસઆઈઆરમાં કાર્યરત સેમિકોન ઉદ્યોગોની સ્થળ મુલાકાત લઈને ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને મળ્યું હતું અને રાજ્ય સરકાર દ્વારા જાપાનીઝ ઉદ્યોગોને મળી રહેલા સહયોગ અંગે આભાર વ્યક્ત કર્યો હતો. રાજ્યમાં સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીઝના ઝડપથી વધી રહેલા વ્યાપથી પણ આ ડેલિગેશન પ્રભાવિત થયું હતું

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભારત-જાપાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોથી રાજ્યમાં સેમિકન્ડક્ટર સેક્ટરમાં જાપાનીઝ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળશે તેમ બેઠકની ચર્ચા દરમિયાન જણાવ્યું હતું.

આ ઉપરાંત ગુજરાત ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ ધરાવતું રાજ્ય છે અને સેમિકન્ડક્ટર હબ બનવાની પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહ્યું છે તેવો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

# શિક્ષકોને કાયમી થવા અથવા પ્રમોશન માટે ટીઈટી પાસ થવું ફરજિયાત

## નહીં તો રાજીનામું આપી દેવા સુપ્રીમ કોર્ટનો આદેશ

નાગપુર: શિક્ષકોએ નોકરીમાં કાયમી થવા માટે અથવા બઢતી માટે શિક્ષક પાત્રતા પરીક્ષા (ટીઇટી) આપવી અને તેમાં પાસ થવું ફરજિયાત છે, એવો ચુકાદો સુપ્રીમ કોર્ટે સોમવારે આપ્યો. આ ચુકાદો મહારાષ્ટ્ર, તમિળનાડુ સહિતના કેટલાક રાજ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર આપવામાં આવ્યો હતો, જેમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે આ પરીક્ષા આપવી ફરજિયાત છે કે નહીં.

નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશને ૨૦૧૦ માં એક થી આઠ ધોરણના શિક્ષકોની નિમણૂક માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નક્કી કરી હતી. તે પછી નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશને ટીઇટી ની પરીક્ષા શરૂ કરી હતી.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે કહ્યું કે જે શિક્ષકોના નિવૃત્તિ માટે પાંચ વર્ષ બાકી છે તેઓ જ પરીક્ષા આપ્યા વિના તેમનો સેવા સમયગાળો પૂર્ણ કરી શકશે, પરંતુ જેમની નિવૃત્તિ માટે પાંચ વર્ષથી વધુ સમય બાકી છે, તેમના માટે ટીઇટી પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે. જે લોકો માટે આ શક્ય ન હોય, તેઓએ રાજીનામું આપવું જોઈએ અથવા નિવૃત્તિના લાભો લઈને ફરજિયાત નિવૃત્તિ (વીઆરએસ) સ્વીકારવી જોઈએ, એમ પણ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું. ■

# પાલિકાની ઘોર બેદરકારી: કૂપરમાં મહિલા દર્દીને ઉંદર કરડયો

મુંબઈ: કૂપર હૉસ્પિટલમાં મહિલા દર્દીને ઉંદર કરડયો હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. મહિલા દર્દીની તબિયત હાલ સ્થિર છે, જોકે આ બનાવ બાદ દર્દીની સંબંધીઓએ હૉસ્પિટલ પ્રશાસનને આડે હાથ લીધું હતું. મરોલમાં શિવાજી નગર પરિસરમાં રહેતી ૮૫ વર્ષની ઈંદુમતી કદમને શ્વાસની તકલીફ તથા તેને શનિવારે સાંજે કૂપર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી હતી અને તબિયતમાં હળવો સુધારો થતા તેને જનરલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવી હતી. એ દરમ્યાન તેને બુધવારે રાતના જમણા હાથમાં ઉંદર કરડયો હતો.

તેના સંબંધીઓના કહેવા મુજબ દવાને કારણે મોટાભાગે તે સૂતી રહેતી હોવાથી ઉંદર કરડયો હોવાનું તેણે ધ્યાનમાં આવ્યું નહોતું. ગુરુવારે સવારના તેનો પૌત્ર વોર્ડમાં આવ્યો ત્યારે તેના ધ્યાનમાં આવતા તેણે નર્સનું ધ્યાન દોર્યું હતું. ઈંદુમતીના સંબંધીના કહેવા મુજબ તેને ડાયાબિટીઝ હોવાને કારણે ઉંદરોએ તેનો હાથ કરડી નાખ્યો છે તેને જલદી સારો થવામાં સમય લાગશે.

આ બાબતે હૉસ્પિટલ પ્રશાસનને ફરિયાદ કરવામાં આવી છે. આ બનાવ બાદ પાલિકાના ઉચ્ચ અધિકારીએ હૉસ્પિટલની મુલાકાત લીધી હતી અને સંબંધિત અધિકારીઓને યોગ્ય પગલા લેવાનો આદેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# નવાબ મલિકને ક્લિન ચીટ : સમીર વાનખેડેની બહેનની વિરોધ અરજી

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વરિષ્ઠ નેતા નવાબ મલિક વિરુદ્ધ ‘કોઈ પણ જાતની પૂર્વગ્રહ વિના’ બદનક્ષીની ફરિયાદની તપાસ કરવામાં પોલીસ નિષ્ફળ રહી હોવાનો આરોપ વરિષ્ઠ આઇઆરએસ અધિકારી અને એનસીબીના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેની બહેન યાસ્મીન વાનખેડેએ કર્યો છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન મલિક દ્વારા તપાસ ‘પ્રભાવિત અને અમુક અંશે પણ નિર્દેશિત’ હોવાનું જણાય છે એવો દાવો પણ તેમણે કર્યો હતો.

યાસ્મીન વાનખેડેએ ૨૦૨૧માં નોંધાવેલી ફરિયાદમાં મલિક પર વિવિધ ટિવટ્સ અને ટેલિવિઝન ઇન્ટરવ્યુમાં પોતાની સામે ખોટા, બદનક્ષીકારક અને નિંદાકારક આક્ષેપો મૂકવાનો આરોપ મૂક્યો હતો. ત્યારબાદ બાન્દ્રા મેજિસ્ટ્રેટ કોર્ટે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી)ની કલમ ૨૦૨ હેઠળ તપાસનો આદેશ આપી પોલીસને રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

અદાલતને સુપરત કરેલા રિપોર્ટમાં પોલીસે મલિકને ક્લિનચીટ આપતાં જણાવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ તેની સામે કોગ્નિઝેબલ કે નોન-કોગ્નિઝેબલ ગુનાના કોઈ પુરાવા નથી. રિપોર્ટમાં મલિકના નિવેદનને ટાંકીને કહેવામાં આવ્યું છે કે તેમની પોસ્ટ્સ અને પ્રેસ કોન્ફરન્સ તે સમયે એક રાજકીય પક્ષના પ્રવક્તા તરીકેની તેમની ફરજનો એક ભાગ હતા.

મલિકે પોલીસને જણાવ્યું હતું કે યાસ્મીન વાનખેડે પ્રત્યે તેમને કોઈ વ્યક્તિગત દુશ્મનાવટ નથી.

આ મામલાની આગામી સુનાવણી ૨૨ સપ્ટેમ્બરે થશે. (પીટીઆઈ) ■

# ઉલ્હાસનગરમાં મહિલા વકીલની આત્મહત્યા: પાંચ સામે ગુનો

થાણે: ઉલ્હાસનગરમાં મહિલા વકીલ અને સામાજિક કાર્યકરે આત્મહત્યા કર્યા બાદ પોલીસે પાંચ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

એનજીઓ સાથે સંકળાયેલી મહિલા વકીલ સરિતા પુરુષોત્તમ કહાનચંદાની (૫૧)એ ઉલ્હાસનગરમાં ગયા સપ્તાહે ઇમારતના સાતમા માળેથી ઝંપલાવી જીવાદોરી ટૂંકાવી હતી.

મૃતદેહને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હતો.

વકીલના અંતિમસંસ્કાર પર બાદ તેના પતિને સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં પાંચ જણનાં નામ લખવામાં આવ્યાં હતાં અને તેઓ વકીલને માનસિક ત્રાસ આપતા હતા, એવો દાવો કરવામાં આવ્યો હતો.

દરમિયાન વિઠ્ઠલવાડી પોલીસે વકીલને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ પાંચ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી ન હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# બહેનના ઘરમાંથી ૨૪.૪૨ લાખના ઘરેણાં-રોકડ ચોર્યા: મહિલાની ધરપકડ

થાણે: થાણે જિલ્લામાં પોતાની બહેનના ઘરમાંથી ૨૪.૪૨ લાખ રૂપિયાનાં ઘરેણાં-રોકડ ચોરવા બદલ ૨૯ વર્ષની મહિલાની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબ્રા વિસ્તારમાં ૩૧ ઑગસ્ટે ચોરીની ઘટના બની હતી અને પોલીસે આ પ્રકરણે નવી મુંબઈમાં રહેતી મહિલાને ઝડપી પાડી હતી.

મુંબ્રામાં રહેનારી ફરિયાદી ઘર લૉક કરીને પોતાની માતાને મળવા માટે ગઇ હતી. એ સમયે કોઇએ ડુપ્લિકેટ ચાવીની મદદથી ઘરમાં પ્રવેશ મેળવ્યો હતો અને ઘરેણાં તથા રોકડ સહિત ૨૪.૪૨ લાખ રૂપિયાની મતા ચોરી હતી.

મુંબ્રા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અનિલ શિંદેએ જણાવ્યું હતું કે ઘરમાં ફોર્સ એન્ટ્રીના કોઇ નિશાન ન હોવાથી ગુનામાં કોઇ જાણભેદુનો હાથ હોવાની શંકા ગઇ હતી.

પોલીસે બાદમાં ટેક્નિકલ પુરાવા, મોબાઇલ ફોન એનાલિસિસ અને સીસીટીવી ફૂટેજને આધારે તપાસ કરીને ગુનામાં સંડોવાયેલી મહિલાને આઠ કલાકમાં ઝડપી પાડી હતી.

પૂછપરછમાં મહિલાએ પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાદમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી, જેને પગલે તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

# વિનામૂલ્યે એગ્રી પમ્પ વીજ પુરવઠા માટે બે હજાર કરોડ મંજૂર

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે કૃષિ પંપ ગ્રાહકો માટે બનાવવામાં આવેલી મુખ્ય પ્રધાન બળિરાજા વિનામૂલ્યે વિદ્યુત યોજના હેઠળ મહાડીસ્કોમ અથવા રાજ્યની વીજ વિતરણ કંપનીને રૂ.બે હજાર ૧૭૨ કરોડની ફાળવણીને મંજૂરી આપી હતી. સરકારે જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬માં કૃષિ પંપ ગ્રાહકો માટે મુખ્યમંત્રી બળિરાજા ફ્રી ઇલેક્ટ્રિસિટી/કન્સેશનલ ટેરિફ સ્કીમ હેઠળ લાભ આપવા માટે એડજસ્ટમેન્ટ દ્વારા એમએસઇડીસીએલને બે હજાર ૧૭૨ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી દીધી છે. (પીટીઆઈ)■

## જૈન મરણ

**વિસા પોરવાડ વટા ગોરવાડ ખૂણી જૈન**

મૂળ ગામ બુહારી હાલ કાંદિવલી, નલિનકાંત મગનલાલ શાહ (ઉં. વ. ૭૭) તે સ્મિતાબેનના પતિ. રોઝી અને રાહુલ (રીંકુ)ના પિતા. પ્રદીપકુમાર તથા અનિશાના સસરા. સ્વ. ડો. જયંતીલાલ કેશવલાલ શાહના જમાઇ. તા. ૪-૯-૨૫ ગુરુવારે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા ઓશવાળ જૈન**

ગામ વરાડીયા હાલ ગોરેગાંવ (વે.) કીર્તિકુમાર ધનજી નાથાભાઇ મોમાયા (ઉં. વ. ૭૮) તે સ્વ. મધુબેન ધનજી મોમાયાના સુપુત્ર સ્વ. વિશાખાબેનનાં પતિ. જય તથા શ્વેતા યશેશ લોડાયાના પિતાશ્રી. તે સ્વ. શામજી જેઠાભાઇ પટેલ (ડુમરા)ના જમાઇ. મંજુલા હરીશ પોલડીયા, હીના તિલકચંદ છેડા, તનુજા, પ્રફુલ્લ ખોનાનાં ભાઇ. તે નમ્રતા તથા યશેશ પ્રફુલ લોડાયાનાં સસરાજી. શુક્રવાર તા. ૫-૯-૨૫નાં અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે. ઠે. ચંદ્રભુવન ૨જે માળે, રૂમ. નં. ૯, હીરજી નેણશી કંપાઉન્ડ, તુલસી ટાવર પાસે, એમ.જી. રોડ, ગોરેગાંવ (વે.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. કુસુમબેન પ્રતાપભાઇ લલ્લુભાઇ વાસાના સુપુત્ર મિનેષભાઇ (ઉં. વ. ૬૨) સ્નેહાબેનના પતિ. અમીષ તથા પ્રિયંકાના પિતાશ્રી. જયોતિ અને મિતેનકુમારના સસરા. વિમલભાઇ અને પલ્લવીબેન (દેવુબેન) હરીશકુમારના ભાઇ. સ્વ. જયંતીલાલ લલ્લુભાઇના ભત્રીજા. ભાવનગરવાળા સ્વ. મણિલાલ મૂળચંદના જમાઇ. ગુરુવાર, તા. ૪-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તેમ જ સાદડીની પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડીયા હાલે મોટા આસંબીયાના સંદીપ તલકશી રાંભીયા (ઉં. વ. ૫૦) તા. ૪-૯-૨૫ના રોજ અવસાન પામેલ છે. સ્વ. મંઠાબેન તલકશીના પુત્ર. ચૈતાલીના પતિ. ભવ્યના પિતા. સ્વ. મીના શાંતીલાલ છેડા, અ.સૌ. લતા જયંતીલાલ દેઢીયા, અ.સૌ. લીના પ્રફુલ દેઢીયા, સ્વ. શૈલેષના ભાઇ. માતુશ્રી દમયંતીબેન હરખચંદના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સંદીપ રાંભીયા, એ-૫૬, પુષ્પાપાર્ક, એસ.વી.રોડ, બોરીવલી (વે.).

શેરડી (ઇંદોર)ના શામજી દેવજી ભાણજી (ઉ. ૯૫) તા ૩-૯-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ મણીબેનના પતિ. વેલબાઈના પુત્ર. ગઢ મોંઘીબેન નાગશીના જમાઈ. હેમંત-લતા, રીટા ભાવેશ, કેતન-મીલન, કિરીટ-પ્રિતિ, મુકેશ-વિનીતાના પિતા. ડુંગરશી, સુશીલા શામજી, લક્ષ્મી લક્ષ્મીચંદના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન શાહ, બી-૫૦૩ માંગલ્ય કો.હા.સો., જી.વી.એસ. રોડ ૪, મુલુંડ (ઇ.) ૪૦૦૦૮૧.

મોટા લાયજાના માતુશ્રી ચંચળબેન જગશીભાઈ છેડા (ઉ.વ. ૮૩) તા. ૩/૯/૨૦૨૫ના અવસાન પામેલ છે. હીરબાઈ જેઠાભાઈના પુત્રવધુ. જગશીભાઈના ધર્મપત્ની. કિશોર, વિજય, મીનાના માતુશ્રી. મોટા લાયજાના વેલબાઈ ખીમજી થોભણના સુપુત્રી. શાંતિલાલ, નવીન, નેમચંદ, લક્ષ્મી, લીલા, દમયંતી, સુશીલાના બેન. પ્રા. રવિવાર, તા. ૭/૯/૨૦૨૫. ૧૦.૩૦ થી ૧૨. સ્થળ : યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર-ઈસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી સ્વ. કિશોરકાંત વાડીલાલ શાહ (ખંધાર)ના ધર્મપત્ની ઇન્દિરાબેન (ઉં. વ. ૯૨) ગુરુવાર તા. ૪-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પંકજભાઇ, સ્વ. હેમંતભાઇ, અ. સૌ. સ્મીતાબેન દિનેશભાઇ શાહ, સ્વ. સંગીતાબેન સવાઇલાલ પારેખના માતુશ્રી. અ. સૌ. તરલીકાબેન પંકજભાઇ શાહ, સ્મિતાબેન હેમંતભાઇ શાહના સાસુમા. લખતર નિવાસી સ્વ. સમતાબેન હિંમતલાલ શાહના દીકરી. અ. સૌ. હેતલ, સૌરભ, ઝરણા, અર્પીતા, ધર્મિષ્ઠા, ધ્રુવીના દાદી. જીજ્ઞા સૌરભ શાહના વડ સાસુમાં. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

## હિન્દુ મરણ

સ્વ. ચંપાબેન ચતવાણી જે. દલસુખભાઇના પત્ની. શૈલેષભાઇના માતુશ્રી. હાર્દિક તથા પ્રશાંતના દાદી. જેસ્ટારામભાઇ, દિલીપભાઇ તથા અશોકભાઇના ભાભી. તે સ્વ. વ્રજલાલ કાનજીભાઇ કોટકના બેન. તા. ૪-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જેનું ઉઠમણું તા. ૬-૯-૨૫ શનિવારના ૫.૦૦ કલાકે. ઠે. કષ્ટ ભંજન મહાદેવ મંદિર, સિંચાઇ નગર, એરપોર્ટ રોડ, રાજકોટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વણીક**

મુળ મહુવા વતની હાલ વિરાર પ્રકાશભાઇ મહેતા (ઉં. વ. ૬૬) તા. ૫-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રસીકલાલ અમૃતલાલ મહેતાના સુપુત્ર. હર્ષાબેનના પતિ. જતીનભાઇ તથા અમીબેન હાર્દિકકુમાર કામદારના પપ્પા. જીનલના સસરા. હર્ષીલના દાદા. ધીરજલાલ શામળજીભાઇ કામદારના જમાઇ. બીપીનભાઇ, રામકૃષ્ણભાઇ, નલીનીબેન હસમુખરાય શાહ, ગીતાબેન નરેશકુમાર રાઠોડના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૭-૯-૨૫ બપોરે ૩થી ૫. ઠે. અમૃતબાગ હોલ પહેલે માળે, એમ. જી. કમ્પાઉન્ડ, વિરાર (વેસ્ટ), રેલવે સ્ટેશન.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મઉ મોટી હાલ મુલુંડ સ્વ. જશોદાબેન રવજીભાઇ મજેઠીયાના મોટા સુપુત્ર રમેશભાઇ મજેઠીયા (ઉં. વ. ૭૪) તે મંજુલાબેનના પતિ. શૈલેશ, હિતેશ તથા હીનાબેન રાજેશકુમારના પિતાશ્રી. તે દામજીભાઇ હેમરાજભાઇ, સ્વ. અરવિંદભાઇ, ભાનુબેન લીલાધરના ભાઇ. તથા હરેશભાઇના મોટાભાઇ. તે સ્વ. ચાગબાઇ દેવજી ભીન્ડે (કચ્છ ગામ વાડા પદ્ધર)ના જમાઇ. શુક્રવાર, તા. ૫-૯-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૯-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, આર.આર. ટી. રોડ મુલુંડ (વે). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**ઝા. સ. તા. ઔ. મંડળ**

કાંદિવલી નિવાસી સ્વ. ગીતાબેન હિંમતલાલ રાવલના સુપુત્ર ભુપેનભાઇ રાવલ (ઉં. વ. ૬૯) તા. ૫-૯-૨૫ના શુક્રવારના કૈલાસવાસ પામ્યા છે. તે સ્વ. સરોજબેનના પતિ. સ્વ. તારાગૌરી નંદકિશોર રાવલના જમાઇ. તે પ્રતીક (રવિ)ના પિતા. તથા નિધિના સસરા. તે જયશ્રીબેન, રાજીવભાઇ, સ્વ. અતુલભાઇના મોટાભાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

બળેજ નિવાસી હાલ બીલીમોરાના રશ્મીકાંત (ઉં. વ. ૬૭) તે સ્વ. મણીબેન વલ્લભદાસ ગોવિંદજી કોટેચાના પુત્ર. સુધાના પતિ. અર્જુન, કેવીન, રિદ્ધિના પિતાશ્રી. પ્રવીણ, લલીત, અ. સૌ. ગીતા શરદકુમાર રૂધાણી, મુકેશના ભાઇ. તે સ્વ. પુનીબેન પ્રભુભાઇ રાઠોડના જમાઇ. નીતા તથા સંધ્યાના જેઠ. તા. ૪-૯-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

**કપોળ**

ભાવનગરવાળા સ્વ. શાંતાબેન ભગવાનદાસ વોરાના સુપુત્ર જસવંત વોરા (ઉં. વ. ૮૪) ગુરુવાર, તા. ૪-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અ. સૌ. વંદના વોરાના પતિ. તે રાજેન, વિનેષ, ડો. મિતેષના પિતાશ્રી. તે ગીતા, પુષ્પા, હેમાલીનાં સસરા. સ્વ. જવાહરભાઇ, સ્વ. ધીરજલાલ, રસીકભાઇ તથા સ્વ. દમયંતીબેન જેઠાલાલ ગાંધીના ભાઇ. મકનદાસ છગનલાલ મહેતા (રાજુલાવાળા)નાં જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૮-૯૨૫ના ૪થી ૬. ઠે. પાવનધામ, મહાવીર નગર, પાવનધામ રોડ, સચીન તેંડુલકર જીમખાનાની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

રાજેશ ઉદેશી (ઉં. વ. ૬૮) તે સ્વ. ડુંગરશી જમનાદાસ તથા સ્વ. પુષ્પાબેન ડુંગરશી ઉદેશીના સુપુત્ર. સ્વ. માનસિંગભાઇ વિઠ્ઠલદાસ, સ્વ.નરેન્દ્રભાઇ, સ્વ. હરિશભાઇ, પુષ્પસેનભાઇ, ભરતભાઇ તેમ જ પ્રદીપભાઇના ભાઇ. તે સ્વ. રશ્મિ (મધુબેન) રમેશભાઇ કાપડિયાના ભાઇ. તે સ્વ. દ્વારકાદાસભાઇ પુરષોતમના દોહિત્રા. ગુરુવારે તા. ૪-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર સુતાર**

અશોક છનિયારા (ગજ્જર) (ઉં. વ. ૬૫) મુળગામ મોરબી હાલ ઘાટકોપર તે સ્વ. હીરાભાઇ તથા સ્વ. ઉર્મિલાબેનના પુત્ર. નીતાબેનના પતિ. મધુબેન ધોળકીયા, બીપીનભાઇ અને મહેશભાઇના ભાઇ. વિધી ગજ્જર ગદાણીના પિતા. નિશાંત ગદાણીના સસરા. મનહરભાઇ હરજીવન ધોળકીયાના સાળા. તા. ૧-૯-૨૫ સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૯-૨૫ના શુક્રવારે હતી.

**બ્રહ્મક્ષત્રિય**

યજ્ઞેશ ઠાકોર ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના અવસાન પામ્યા છે. અંતિમ યાત્રા શનિવારે તા. ૬-૯-૨૫ના સવારે ૧૦ વાગે વરલી સ્મશાન ભૂમિએ પહોંચશે. મંજરી ઠાકોર, પ્રીતિ અને રવીન્દ્ર વીરકર, કૃણાલ અને વરખા ઠાકોર, શ્રુતિ અને દીપક મેહરા, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

અ. સૌ. રૂકમા કાપડીયા તે કિરીટ રામદાસ કાપડીયાના ધર્મપત્ની. સ્વ. રજનીબેન તથા સ્વ. રામદાસ કાપડીયાના પુત્રવધૂ. સ્વ. જગતસિંહ અને સ્વ. ભાનુમતિ મર્ચન્ટના પુત્રી. સ્વ. ખ્યાતિ અને શ્વેતા મેહુલ મર્ચન્ટના માતુશ્રી. સ્વ. જવાહીર ભરત, દેવી હમીર અને કિન્નરીના બેન. ઓમના નાની. તા. ૩-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ સાવરકુંડલા હાલ દહીંસર, સ્વ. કિશોરકુમાર શામજીભાઈ ખખ્ખરના ધર્મપત્ની ગં.સ્વ રોહિણીબેન તા. ૪/૯/૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે અલ્પા પ્રિયાંક જોશી, કિન્નરી બિમલ રસપુત્રા, કશ્યપના માતૃશ્રી. કવિતાના સાસુ. વસંતગૌરી રામજી મૂળજી સિંધવડના દિકરી. પ્રભુદાસ માધવજી પડિયાના ભાણેજ. લૌકીક ક્રિયા બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી, સ્વ. શાંતિકુમાર ત્થા સ્વ. શાંતાબેન દેસાઈના જ્યેષ્ઠ પુત્ર મધુસૂદન દેસાઈ (ઉં. વ. ૮૬) તે સ્વ. નંદિનીબેન (નલીબેન) ના પતિ. રાહુલ-સ્વ. પ્રિતી, વિપુલ - અલ્પા, ભૈરવી - ભરત સરવૈયાના પિતા. અશ્વિન - વિણાના મોટાભાઈ, જાફરાબાદવાળા (વાંઢવાળા) સ્વ. દ્વારકાદાસ ગોકળદાસ ગોરડિયાના જમાઈ. નલીબેન - સ્વ. કીર્તિકુમાર દોશી, સ્વ. પ્રવિણા - સ્વ. કિરીટકુમાર મુની, મૃદુલા - બકુલેશ વોરાના મોટાભાઈ તા. ૫-૯-૨૫ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૯-૨૦૨૫ના ૪ થી ૬. હાલાઈ લુહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલટાવર પાસે, કાંદિવલી વે.

**વ્યાસ નાયક ભોજક બ્રાહ્મણ**

ગામ કડી હાલ બોરીવલી, નીલકંઠ ડાહ્યાલાલ વ્યાસ (ઉં. વ. ૭૪) ગુરુવાર, તા. ૪-૯-૨૫ના દેવલોક પામ્યા છે. તે શર્મિષ્ઠાબેનના પતિ. માનસી જિગર જોશી, મનાલી તુષાર પંડયાના પિતા. ઘનશ્યામભાઈ, મુકેશભાઈના ભાઈ. નૈતિક કિશોર વ્યાસના કાકા. કમલેશભાઈ નર્મદાશંકરના બનેવી. મિશુભના નાના. ટેલિફોનિક બેસણું રવિવાર, ૭-૯-૨૫ના ૩ થી સાંજે ૬.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

પાચમાં પાનાનું ચાલુ

### પૂજા ખેડકરની

નિયુક્તિ થાય છે, એ રાજ્યના મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન અને અન્ય લોકો વિશે વિગતવાર માહિતી મેળવવાની સંબંધિત અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશને તેમના દસ્તાવેજોની ચકાસણી કરવી જોઈએ. જો કોઈ આઇપીએસ અધિકારીને ખબર ન હોય કે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન કોણ છે, તો શું તેને તેમના શિક્ષણનું દુર્ભાગ્ય કહેવું જોઈએ? તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને પણ સંબંધિત મહિલા અધિકારી દ્વારા બદનામ કરવામાં આવ્યા હતા.

સોલાપુરના કુર્દુ ગામમાં ગેરકાયદે ખનન પ્રકરણમાં નાયબ પોલીસ અધિક્ષક અંજના કૃષ્ણાએ કાર્યવાહી કર્યા પછી, ત્યાંના એક કાર્યકર્તાએ અજિત પવારનો સીધો તેમના મોબાઇલ ફોન પર સંપર્ક કર્યો. અજિત પવાર અને સંબંધિત મહિલા અધિકારી વચ્ચેની વાતચીતની એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઇ હતી. તે વીડિયો ક્લિપમાં થયેલી વાતચીતથી રાજ્યમાં વિવાદ થયો હતો. ■

### વિસર્જન વખતે

સામનો કરવો પડશે. બ્લોકના સમયગાળા દરમિયાન કર્જત અને ખોપોલી વચ્ચેની સ્થાનિક લોકલ ટ્રેન સર્વિસ બંધ રહેશે. લોકો ફક્ત કર્જત સુધી મુસાફરી કરી શકશે. જોકે ખોપોલી- સીએસએમટી લોકલ ટ્રેનની મુસાફરી રદ કરવામાં આવશે. તહેવારોના દિવસોમાં મધ્ય રેલવે પ્રશાસન બ્લોક લઈ રહ્યું હોવાથી મુસાફરોએ પ્રચંડ રોષ વ્યક્ત કર્યો હતો.

કર્જત યાર્ડ સુધારણાની કામગીરી માટે છઠ્ઠી સપ્ટેમ્બરને શનિવારે બપોરે અઢી વાગ્યાથી સાડા ચાર દરમિયાન કર્જત અપ માર્ગ અને નાગનાથ કેબિન વચ્ચે બ્લોક અમલમાં આવશે. આ સમયગાળા દરમિયાન કર્જત - ખોપોલી લોકલ ટ્રેન બંધ કરવામાં આવશે. કર્જતથી ખોપોલી જતી લોકલ ટ્રેન બપોરે ૩.૩૯ વાગ્યે બંધ કરવામાં આવશે. ખોપોલીથી કર્જત જતી લોકલ ટ્રેન બપોરે ૨.૫૫ વાગ્યે બંધ કરવામાં આવશે.

રવિવારથી મંગળવાર (૭ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર) સુધી દરરોજ બપોરે અઢી વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી કર્જત અપ માર્ગથી નાગનાથ કેબિન સુધી બ્લોક રહેશે. આ બ્લોકના કારણે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી ખોપોલી જતી લોકલ ટ્રેન સતત ત્રણ દિવસ સુધી બપોરે ૧૨.૨૦ કલાકે કર્જત સુધી દોડશે. કર્જત અને ખોપોલી વચ્ચે લોકલ ટ્રેન રદ કરવામાં આવશે. સાંજે સાડા ચારે ખોપોલી-છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ લોકલ કર્જતથી ખોપોલીને બદલે સાંજે ૪.૫૭ વાગ્યે ઉપાડશે. આ લોકલ ખોપોલી અને કર્જત વચ્ચે બંધ કરવામાં આવશે. ■

### રાજ્યના પ્રધાન

આપ્યો છે, તેઓ પોતે વિદેશી અને મોંઘા માલનો ઉપયોગ કરે છે. નરેન્દ્ર મોદી જર્મન બનાવટની બીએમડબ્લ્યુ કાર, ઇટાલિયન બનાવટનો જ્યોર્જિયો અરમાની સૂટ વાપરે છે. તેઓ અમેરિકન કંપની કેનેથ કોલના જૂતા, ઇટાલિયન કંપનીની ઘડિયાળ, અમેરિકન કંપની કોપર વિઝનના ચશ્મા અને અમેરિકન કંપનીનો આઇફોન વાપરે છે. તેઓ ૮,૦૦૦ કરોડ રૂપિયાના વિમાનનો ઉપયોગ કરે છે. એવી ચર્ચા છે કે તેઓ જે મશરૂમ ખાય છે તે પણ વિદેશથી આવે છે, એમ સચિન સાવંતે કહ્યું હતું. ■

### અજિત પવારને

જણાવ્યું હતું કે ‘મુર્રમ’ માટી (લાલ માટી)ના ગેરકાયદેસર ખોદકામને કારણે સરકારી તિજોરીને નુકસાન થાય છે. આ વાત જાહેરમાં આવી હોવાથી અજિત પવારને સરકારમાં રહેવાનો કોઈ અધિકાર નથી. અગાઉ ઘણા (નેતાઓ)એ આવા કિસ્સાઓને કારણે નૈતિક ધોરણે રાજીનામું આપવું પડ્યું હતું. તમે આખા રાજ્યને લૂંટી રહ્યા છો. પ્રધાનોને શરમ આવવી જોઈએ.’

વીડિયોમાં પવાર કથિત રીતે સોલાપુર જિલ્લામાં મુર્રમ માટીના ગેરકાયદેસર ખોદકામ સામે કાર્યવાહી કરી રહેલી મહિલા આઈપીએસ અધિકારીને ઠપકો આપી રહ્યા છે. વીડિયો અનુસાર પવારે એનસીપીના એક કાર્યકર્તાના ફોનથી કરમાલાના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી અંજના કૃષ્ણા સાથે વાત કરી હતી. જોકે, મહિલા અધિકારી પવારના અવાજને ઓળખી નહોતી શકી. ત્યારબાદ પવાર પોલીસ અધિકારીને વીડિયો કોલ કરી મુર્રમ માટીના ગેરકાયદેસર ખોદકામ સામે કાર્યવાહી બંધ કરવા કડક શબ્દોમાં જણાવે છે. આ માટીનો ઉપયોગ રસ્તાના બાંધકામમાં વ્યાપકપણે કરવામાં આવે છે. (પીટીઆઈ)■

### આજે બાપ્પાનું

ફોર્સની ૧૪ કંપની, સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સની ચાર કંપની, ક્વિક રિસ્પોન્સ ટીમ, રાયટ્સ કન્ટ્રો ફોર્સ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, કોમ્બેટ, ડેલ્ટા, એન્ટિ-ડ્રોન સ્કવોડ તથા હોમગાર્ડસની મદદ લેવામાં આવી છે.

જોઇન્ટ પોલીસ કમિશનર (કાયદો-વ્યવસ્થા) સત્યનારાયણ ચૌધરીએ જણાવ્યું હતું કે શહેરના વિવિધ દરિયાકિનારા, અન્ય જળાશયો અને ૨૦૫ કૃત્રિમ તળાવોમાં ૬,૫૦૦ સાર્વજનિક ગણેશ મંડળોની મૂર્તિઓ અને ૧.૭૫ લાખ ઘરની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. પોલીસ મુંબઈ મહાનગરપાલિકાની મદદથી સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરી છે. વિસર્જનના સ્થળે લાઇફ ગાર્ડસને પણ તહેનાત કરવામાં આવશે.

વિસર્જનના માર્ગો પર ૩,૦૦૦થી વધુ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ અને ૨૮૫ મહારાષ્ટ્ર સિક્યુરિટી ફોર્સના જવાનોને તહેનાત કરાશે. ટ્રાફિકની સરળ અવરજવર માટે અમુક માર્ગો પર ડાયવર્ઝન અને અમુક માર્ગો બંધ રહેશે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એક અધિકારીના જણાવ્યા અનુસાર પહેલી વાર રૂટ મેનેજમેન્ટ અને ટ્રાફિક સંબંધી અપડેટ્સ માટે પહેલી વાર એઆઇનો ઉપયોગ કરવામાં આવશે. ગિરગામ ચોપાટી પર એઆઇ-આધારિક કન્ટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે, જ્યારે શોભાયાત્રામાં ભાગ લેનારાં વાહનો માટે અગ્રણી ગણેશ મંડળોને સ્ટિકર્સ સાથે ક્યુઆર કોડ જારી કરવામાં આવ્યા છે, જે પોલીસને વાહનો શોધવામાં અને ભીડ પર નજર રાખવામાં મદદરૂપ થશે. ■

### વરસાદ પણ

જોકે બપોર બાદ વરસાદે વિરામ લીધો હતો. હવામાન વિભાગે આજે મુંબઈ, થાણે, રાયગઢ માટે યલો અલર્ટ જાહેર કરીને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. તો પાલઘર માટે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ હાલ બંગાળના ઉપસાગર પર લો પ્રેશર સર્જાયું છે. આ લો પ્રેશર હાલ પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ સરકી રહ્યું છે. એ સાથે જ નૈઋત્યનું ચોમાસું પણ ફરી મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સક્રિય થયું છે. એ ઉપરાંત રાજસ્થાન અને નજીકના આકાશમાં ૫.૮ કિલોમીટર અંતરે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની પણ અસર છે. આ તમામ પરિબળોને કારણે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ફરી વરસાદી માહોલ સર્જાયો છે. ■

### આઈપીએસ

ગેરકાયદેસર ‘મુરુમ’ (નરમ) માટીના ખોદકામ સામે કાર્યવાહી કરતી વખતે આઈપીએસ અધિકારી અંજના કૃષ્ણા અને અન્ય અધિકારીઓને કથિત રીતે અવરોધિત કરવા બદલ અનેક વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો હતો.

ગુરુવારે સામે આવેલા વાયરલ વીડિયોમાં, પવાર ફોન પર કૃષ્ણાને ધમકાવી રહ્યા હોવાનું સાંભળવા મળ્યું હતું.

‘હું સ્પષ્ટ કરું છું કે મારો ઈરાદો કાયદાના અમલમાં દખલ કરવાનો નહોતો, પરંતુ ત્યાંની સ્થિતિ શાંતીપુર્ણ રહે અને વધુ ન બગડે તે સુનિશ્ચિત કરવાનો હતો, એમ પવારે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

‘હું પારદર્શક શાસન માટે પ્રતિબદ્ધ છું અને ખાતરી રાખું છું કે રેતી ખનન સહિતની દરેક ગેરકાયદે પ્રવૃત્તિ સામે કાયદા મુજબ કડક રીતે કાર્યવાહી કરવામાં આવે,’ એમ પવારે વધુમાં કહ્યું હતું.

મરાઠી ન્યૂઝ ચેનલો દ્વારા પ્રસારિત કરવામાં આવેલા આ વીડિયોમાં કરમાળાના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી અંજના કૃષ્ણા સ્થાનિક એનસીપી કાર્યકરના ફોન પર પવાર સાથે વાત કરતા દેખાય છે. તેણે શરૂઆતમાં પવારનો અવાજ ઓળખ્યો નહોતો.

પવારે ત્યારબાદ પોલીસ અધિકારીને વીડિયો કોલ કર્યો હતો અને કથિત રીતે ગેરકાયદે ખોદકામ સામે કાર્યવાહી બંધ કરવા કડક સ્વરમાં આદેશ આપ્યો હતો.

#### મુરુમ માટીનો ઉપયોગ રસ્તાના બાંધકામમાં થાય છે

આ દરમિયાન બાબા જગતાપ, નીતિન માલી, સંતોષ કાપરે, અન્ના ધાણે અને ૧૫થી ૨૦ અન્ય લોકો સામે ભારતીય ન્યાય સંહિતાની જાહેર સેવકને તેમની ફરજ બજાવવાથી રોકવા માટે હુમલો કરવો અથવા ગુનાહિત બળનો ઉપયોગ કરવો, ગેરકાયદેસર ભેગા થવું અને પર્યાવરણ સંરક્ષણ કાયદાની સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો, એમ કુર્દુવાડી પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું.

અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના ૩૧ ઓગસ્ટે બની હતી જ્યારે મહેસૂલ વિભાગના અધિકારીઓ આઈપીએસ અધિકારી અંજલિ કૃષ્ણા સાથે ગેરકાયદે ખોદકામ સામે કાર્યવાહી કરવા માટે કાપરે પહોંચ્યા હતા.

આરોપીઓએ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે, એમ તેમણે જણાવ્યું હતું.

હવે આ કેસના બંને વીડિયો વાયરલ થયા છે. ■

### ખાડાએ લીધો જીવ

પસાર થઈ ગયો હતો.

તેને ઘાટકોપરમાં આવેલી રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કર્યો હતો પણ સારવાર પહેલા જ તેને ડૉક્ટરે મૃત જાહેર કર્યો હતો.

તો સ્વપનીલ પર પવઈમાં આવેલી ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પોલીસે આ અક્સ્માત બાદ બેસ્ટના ૫૭ વર્ષના ડ્રાઈવર ઉત્તમ જીજાબા કુમકર સામે કેસ નોંધીને તપાસ આદરી હતી. ■

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

**૨૧,૦૦૦ પોલીસ** | **૧૦,૦૦૦ સીસીટીવી-ડ્રોન** | **AIની ત્રીજી આંખ**

# આજે બાપ્પાનું વિસર્જન



**જડબેસલાક...:** ગણપતિ વિસર્જન નિમિત્તે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિઘ્નહર્તા ગણપતિના વિસર્જનને દિવસે (શનિવારે) શહેરમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને આ માટે ૨૧,૦૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીને તહેનાત કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ૧૦,૦૦૦થી વધુ સીસીટીવી કેમેરા અને ડ્રોનથી શોભાયાત્રા તથા ભીડ પર નજર રાખવામાં આવશે. બીજી તરફ વિસર્જન દરમિયાન વાહનવ્યવહારની સરળતા માટે ટ્રાફિક પોલીસે પણ તૈયારી કરી લીધી છે. આ વખતે પહેલી વાર પોલીસ દ્વારા રૂટ મેનેજમેન્ટ અને ટ્રાફિક સંબંધિત અન્ય અપડેટ્સ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)નો ઉપયોગ કરવામાં આવશે. દરમ્યાન મહાનગરમાં ૧૪ આતંકવાદી ૪૦૦ કિલો આરડીએક્સ સાથે ઘૂસ્યા હોવાની ધમકી આપતો મેસેજ મળ્યા બાદ પોલીસ હાઇ એલર્ટ પર છે.

શહેરમાં ગણપતિ વિસર્જન શાંતિથી અને નિર્વિઘ્ને પાર પડે એ માટે ગોઠવાયેલા બંદોબસ્તમાં ૧૦ એડિશનલ પોલીસ કમિશનર, ૩૭ ડેપ્યુટી પોલીસ કમિશનર, ૬૧ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર, ૨,૯૯૦ પોલીસ અધિકારીઓ અને ૧૭,૫૫૮ પોલીસ કર્મચારીઓ તહેનાત હશે. ઉપરાંત મહત્ત્વનાં સ્થળોએ સ્ટેટ રિઝર્વ પોલીસ

(જુઓ પાનું ૪) ▸▸

## વિસર્જન વખતે જ રેલવેના બ્લોકનું વિઘ્ન: જનતામાં નારાજી

મુંબઈ: મધ્ય રેલવેમાં કર્જત અને ખોપોલી વચ્ચે ઓએચઇ (રેલવે ઓવરહેડ ઈક્વીપમેન્ટ) અને એન્જિનિયરિંગ સંબંધિત કામ માટે ૬ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવશે. જો કે છઠ્ઠી સપ્ટેમ્બર, શનિવારે અનંત ચતુર્દશી (ગણેશ વિસર્જન)ના દિવસે બ્લોકના કારણે પ્રવાસીઓએ મુશ્કેલીનો

(જુઓ પાનું ૪) ▸▸

## વરસાદ પણ નડશે

બંગાળના ઉપસાગરમાં સર્જાયેલા લો પ્રેશરને કારણે મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં આગામી ત્રણથી ચાર ચ દિવસ વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે ત્યારે આજે અનંત ચતુર્દશીના ગણપતિબાપ્પાની વિદાય સમયે વરસાદનું વિઘ્ન નડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. મુંબઈમાં શુક્રવાર સવારથી અનેક વિસ્તારોમાં વરસાદનું જોર રહ્યું હતું.

(જુઓ પાનું ૪) ▸▸

**ખાડાએ લીધો જીવ**

# લાલબાગચા રાજાના દર્શન કરી પાછા ફરી રહેલા ગુજરાતી યુવકનું અકસ્માતમાં મોત

**ટૂ-વ્હિલર સ્કીડ થઈ અને યુવકનું માથું બેસ્ટની બસના ટાયર નીચે આવી ગયું**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બરોબર ગણેશોત્સવ દરમ્યાન રસ્તા પરના એક ખાડાએ બાવીસ વર્ષના ગુજરાતી યુવકનો જીવ લીધો હતો. વહેલી સવારના લાલબાગચા રાજાના દર્શન કરીને ટૂ-વ્હીલર પરથી ઘરે પાછા ફરતા સમયે પવઈમાં રસ્તા પરના ખાડાથી બચવાના ચક્કરમાં સ્કૂટી સ્કીડ થઈ ગઈ હતી અને બરોબર એ જ સમયે ત્યાંથી પસાર થઈ રહેલી બેસ્ટની બસ સ્કૂટી પરથી પડી ગયેલા ગુજરાતી યુવક દેવાંશ પટેલના માથા પરથી ફરી વળી હતી અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. તો બીજા યુવક પર પવઈની ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

શુક્રવારે વહેલી સવારના ૬.૫૫ વાગે પવઈ આઈઆઈટી ગેટ પાસે આ બનાવ બન્યો હતો. ઘટના સ્થળેથી મળેલી માહિતી મુજબ વિક્રોલી ડેપોની ઓલેક્ટ્રા કૉન્ટ્રેક્ટરની એસી એ-૪૨૨ નંબરની બસ વિક્રોલીથી બાન્દ્રા બસ સ્ટેશન જઈ રહી હતી ત્યારે પવઈ આઈઆઈટી માર્કેટના મેઈન ગેટ બસ સ્ટોપ આ દુર્ઘટના બની હતી, જેમાં ગેટ સામેના રસ્તા પર રહેલા ખાડાને જોતા તેનાથી બચીને ૨૩ વર્ષનો સ્વપનીલ વિશ્વકર્મા સ્કૂટર ચલાવવા ગયો હતો પણ બરોબર તે જ સમયે જમણી બાજુએ દોડી રહેલી કારે તેને કટ મારવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં સ્કૂટર સ્કીડ થઈ હતી

પોલીસના જણાવ્યા મુજબ સ્કૂટર સ્કીડ થયાની સાથે જ સ્વપનીલ તથા તેની પાછળ બેઠેલો દેવાંશ ભરત પટેલ બંને રસ્તા પર પડી ગયા હતા. દેવાંશ જમણી બાજુએ પડયો હતો અને બરોબર તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલી બેસ્ટની બસનો ડાબી બાજુનો ટાયર તેના માથા પરથી

(જુઓ પાનું ૪) ▸▸

# આઈપીએસ અંજના કૃષ્ણા સાથેના ઝઘડા અંગે અજિત પવારનો ખુલાસો

### ‘ઠપકો આપવાનો નહીં, પરિસ્થિતિ શાંત કરવાનો ઈરાદો હતો’

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક મહિલા આઈપીએસ અધિકારીને ‘ઠપકો’ આપતા અને ગેરકાયદેસર માટીના ખોદકામ સામેની કાર્યવાહી બંધ કરવાનો આદેશ આપતા વીડિયોના વાઈરલ થયાના બીજા દિવસે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે એવી સ્પષ્ટતા કરી હતી કે તેઓ કાર્યવાહીમાં દખલ કરવા માગતા ન હતા, પરંતુ તણાવપૂર્ણ પરિસ્થિતિને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

આ ઘટના અંગે એનસીપીના વડા ટીકા હેઠળ આવ્યા છે. બીજી તરફ પોલીસે સોલાપુર જિલ્લામાં

(જુઓ પાનું ૪) ▸▸

## પૂજા ખેડકરની જેમ શું અંજના કૃષ્ણાની નિમણૂકમાં કોઈ ગોલમાલ?

### અમોલ મિટકરીએ શંકા વ્યક્ત કરી

અકોલા: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને આઇપીએસ અંજના કૃષ્ણાને સાંકળતા કથિત બોલાચાલી પ્રકરણમાં હવે એનસીપીના વિધાનસભ્ય અમોલ મિટકરીએ શંકા વ્યક્ત કરીને તપાસની માગણી કરી. શું પૂજા ખેડકરની જેમ અંજના કૃષ્ણાની પણ બનાવટી દસ્તાવેજો દ્વારા નિમણૂક કરવામાં આવી હતી? તેવી શંકા તેમણે વ્યક્ત કરી હતી.

મિટકરીએ કહ્યું હતું કે, જે રાજ્યમાં

(જુઓ પાનું ૪) ▸▸

**મોદીના સ્વદેશી નારા ને તેમના જ સાથીઓ તરફથી કચરાની ટોપલી**

# રાજયના પ્રધાન પ્રતાપ સરનાઈક દ્વારા વિદેશી ‘ટેસ્લા’ની ખરીદી પર કૉંગ્રેસની ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વદેશીનો નારાને કચરાની ટોપલીમાં નાખવાનું કામ કર્યું છે. અત્રે નોંધનીય છે કે, શું અમેરિકન કાર ખરીદવી, તે પણ સંપૂર્ણપણે આયાતી, વડાપ્રધાન મોદીના આદેશનું સ્પષ્ટ ઉલ્લંઘન નથી? શું તે ભાજપની આગેવાની હેઠળની સરકારના પ્રધાન તરફથી છે અને ભાજપે આ મુદ્દા પર સ્પષ્ટતા કરવી જોઈએ, એમ મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ પ્રવક્તા સચિન સાવંતે જણાવ્યું હતું.

સચિન સાવંતે વધુમાં કહ્યું કે ઈડીએ પ્રતાપ સરનાઈક પર નોટિસ જારી કરી છે. ભાજપના ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ પણ સરનાઈકના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો. હવે પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે અમેરિકન કંપની દ્વારા બનાવેલી ટેસ્લા કાર ખરીદી છે, આ અમેરિકન કાર ખરીદવા માટે કયા પૈસાનો ઉપયોગ કરવામાં આવ્યો તેનો જવાબ ગુલદસ્તામાં રહેશે.

શિવસેનાને ખબર પણ નથી કે ગઈકાલ સુધી મારા મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પ, નમસ્તે ટ્રમ્પ, અબકી બાર ટ્રમ્પ સરકાર, હાઉડી ટ્રમ્પ કહેતા નરેન્દ્ર મોદીએ પોતાનું સૂત્ર બદલીને હિન્દી ચીની ભાઈ ભાઈ કરી દીધું છે. તેથી સાથી પક્ષો હવે મહાયુતિની જેલમાં સુરંગ ખોદવાનું કામ કરી રહ્યા છે. વડા પ્રધાન મોદીએ સ્વદેશીનો નારો

(જુઓ પાનું ૪) ▸▸

## અજિત પવારને સરકારમાં રહેવાનો કોઈ અધિકાર નથી: રાઉત

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે અજિત પવાર પર ‘ચોરો’ને બચાવવાનો આરોપ કરી જણાવ્યું હતું કે તેમને સરકારમાં રહેવાનો કોઈ અધિકાર નથી. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન કથિત રીતે એક મહિલા આઈપીએસ અધિકારીને ફોન પર ખખડાવતા હોવાનો એક વીડિયો બહાર આવતા વિવિધ નિવેદનો આવી રહ્યા છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે જણાવ્યું હતું કે ’ડેપ્યુટી સીએમ એક આઇપીએસ અધિકારીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું સમર્થન કરવા માટે કહી રહ્યા છે, પણ એજ વ્યક્તિ અન્ય લોકોને કાયદાનું પાલન કરવા અંગે ઉપદેશ આપે છે. શિસ્તપાલનમાં તેઓ ચુસ્ત હોવાનું કહેવાય છે, ખરું ને? ક્યાં છે તમારી શિસ્ત? તેઓ તેમને (આઈપીએસ અધિકારીને) ઠપકો આપી તેમના પક્ષની ચોર મંડળીને સુરક્ષા પૂરી પાડવા કહી રહ્યા છે.’ રાજ્યસભાના સભ્યએ

(જુઓ પાનું ૪) ▸▸

## ખાડીમાથી યુવકનો મૃતદેહ ૨૪ કલાકે મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે અને કલવા વચ્ચે આવેલી ખાડીમાં ગુરુવારે બપોરના પડી ગયેલા મુલુંડના ૧૯ વર્ષના યુવકનો મૃતદેહ છેક ૨૪ કલાક બાદ ખાડીમાંથી માછીમારોને હાથ લાગ્યો હતો. પોસ્ટમાર્ટમ બાદ તેના મૃતદેહને પરિવારને સોંપવામાં આવ્યો હતો. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી યાસીન તડવીએ જણાવ્યું હતું કે ગુરુવારે બપોરના એક વાગ્યાની આસપાસ કલવાના ઘોલાઈ નગરમાં રહેતો ૧૯ વર્ષનો આકાશ શર્મા મુલુંડથી કલવા ટ્રેનમાં આવતા સમયે ટ્રેનમાં દરવાજા પાસે ઊભો હતો ત્યારે બેલેન્સ ચૂકી જતા ચાલતી ટ્રેનમાંથી વિટાવા ખાડીમાં પડી ગયો હતો. ■

## અભિનેત્રી શિલ્પા શેટ્ટી, પતિ રાજ કુંદ્રા વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જારી



મુંબઈ: ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને બિઝનેસમેન પતિ રાજ કુંદ્રા વિરુદ્ધ મુંબઈ પોલીસ દ્વારા લૂકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવામાં આવ્યું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ દંપતી વારંવાર આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરતું હોય છે, જેથી મુંબઇ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા તેમની વિરુદ્ધ એલઓસી જારી કરવામાં આવ્યું છે.

વેપારી સાથે લોન-કમ-ઇન્વેસ્ટમેન્ટ ડીલમાં ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના આરોપસર જુહુ પોલીસ સ્ટેશનમાં ૧૪ ઑગસ્ટે શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુંદ્રા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. છેતરપિંડીની રકમ મોટી હોવાથી આ કેસની તપાસ બાદમાં આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી, જેણે હવે એલઓસી જારી કર્યું છે.

લૂકઆઉટ સર્ક્યુલર એવી યંત્રણા છે જે જારી કરાતાં તેમાં તેનું નામ હોય તે વ્યક્તિ દેશ છોડી નહીં શકે અથવા તેની અવરજવર પર નજર રાખવામાં આવે છે. લાક્ષણિક રીતે ઇમિગ્રેશન અને બોર્ડર કન્ટ્રોલ પોઇન્ટ્સને સતર્ક કરવા માટે આ સર્ક્યુલર જારી કરવામાં આવે છે. (પીટીઆઇ)■


## મુંબઈમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરાશે

મુંબઈ: ગયા વર્ષે રાજ્યમાં ૧૦ નવી મેડિકલ કોલેજો શરૂ થયા બાદ આ વર્ષે મુંબઈમાં વધુ એક નવી મેડિકલ કોલેજ શરૂ થવા જઈ રહી છે. આ નવી કોલેજ કર્મચારી રાજ્ય વીમા યોજના (ઇએસઆઇસી) ની અંધેરીની હોસ્પિટલમાં શરૂ કરવામાં આવશે. રાષ્ટ્રીય તબીબી આયોગે આ કોલેજ માટે પરવાનગી આપી છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૫૦ બેઠકો મંજૂર કરી છે. ઉપરાંત આ શૈક્ષણિક વર્ષમાં કમિશને મહારાષ્ટ્રની નિયુક્ત યુનિવર્સિટીઓમાં ૩૦૦ બેઠકોને મંજૂરી આપી છે, જેનાથી રાજ્યમાં ૩૫૦ નવી બેઠકો ઉમેરાશે. આ બેઠકોનો સમાવેશ અખિલ ભારતીય ક્વોટામાં કરવામાં આવશે અને બીજો રાઉન્ડ પાંચ સપ્ટેમ્બરથી શરૂ થશે.

મુંબઈના અંધેરીમાં નવી મંજૂર થયેલી ઇએસઆઇસી હોસ્પિટલમાં ૫૦ બેઠકો મંજૂર કરવામાં આવી છે. અંધેરીમાં આ કોલેજમાં ૧૫ ટકા એટલે કે આઠ બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટા માટે જ્યારે ૨૦ થી ૩૦ ટકા બેઠકો ઇએસઆઇસી કર્મચારીઓના બાળકો માટે અનામત રાખવામાં આવશે. ■

## ભિવંડીમાં ગૃહિણી અને તેની ત્રણ વર્ષની પુત્રી પાંચ દિવસથી ગુમ





(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભિવંડીમાં ભાડાના ઘરમાં રહેતી ૨૮ વર્ષની ગૃહિણી અને તેની ત્રણ વર્ષની પુત્રી છેલ્લા પાંચ દિવસથી ગુમ છે. ગૃહિણીના પતિએ આ પ્રકરણે નારપોલી પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હોવાથી પોલીસ પણ બંનેની શોધ ચલાવી રહી છે.

નારપોલી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર વિજય કડબાનેએ જણાવ્યું હતું કે મહિલા અને તેની પુત્રીનો હજી સુધી કોઇ પત્તો લાગ્યો નથી અને બંને જણ સીસીટીવી કેમેરામાં પણ નજરે પડી નથી. મહિલાનો મોબાઇલ પણ બંધ છે. અમારી ટીમ તેમને શોધી રહી છે.

ભિવંડીમાં કાલ્હેર ખાતેના જય માતાદી કોમ્પ્લેક્સમાં પેટોનિયા બિલ્ડિંગમાં રહેતો અને થાણેના ઉપવન ખાતે વર્કશોપ ધરાવતો ઋષી રાજકુમાર વિશ્વકર્મા (૩૩) ૩૧ ઑગસ્ટે સવારના ૧૧.૩૦ વાગ્યે કામે જવા માટે નીકળ્યો ત્યારે તેણે પત્ની પ્રિયા (૨૮)ને કહ્યું હતું કે તું જમવાનું સમયસર બનાવતી નથી, જેને કારણે મને કામ જતા મોડું થાય છે. પતિની આ વાત પ્રિયાને લાગી આવી હતી. ઋષી કામે ગયા બાદ તેણે પ્રિયાને કૉલ કરીને વાતચીત કરી હતી. થોડા સમય બાદ ઋષીએ ફરી પ્રિયાને કૉલ કર્યો હતો, પણ તેનો કૉલ લાગ્યો નહોતો.

દરમિયાન વારંવાર કૉલ કરવા છતાં પ્રિયાનો મોબાઇલ નોટરિચેબલ આવતો હોવાથી ઋષી ત્વરિત ઘરે પહોંચ્યો હતો. તેણે પડોશીઓને પ્રિયા વિશે પૂછતાં તેમણે કહ્યું હતું કે ફૂલો તળાવમાં પધરાવવા જઇ રહ્યાનું કહીંને પ્રિયા પુત્રી શાનવી (૩)ને લઇ ઘરેથી નીકળી હતી. શાનવીને ગાર્ડનમાં ફરાવવા લઇ રહી હોવાનું પણ પ્રિયાએ કહ્યું હતું.

ઋષીએ ઘરમાં થોડા સમય બંનેની રાહ જોયા છતાં તેઓ પાછી ન ફરતાં તેણે પુર્ણા, કાલ્હેર, કશેળી ખાતે તેમની શોધ ચલાવી હતી, પણ કોઇ જ પત્તો ન લાગતાં ઋષી તેના મિત્રને લઇ નારપોલી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને બંનેની મિસિંગની ફરિયાદ નોંધાવી હતી.

ઋષી વિશ્વકર્માએ ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે મારી પત્ની અને માસૂમ પુત્રી છેલ્લા પાંચ દિવસથી ગુમ છે અને હું તેમની સતત શોધ ચલાવી રહ્યો છું. મને બંનેની ખૂબ જ ચિંતા થઇ રહી છે. મેં સગાંવહાલાં, મિત્રો અને પરિચિતોને કૉલ કરી બંને વિશે પૂછ્યું હતું, પણ કોઇ જ માહિતી મળી નહોતી. પોલીસ પણ બંને જણની શોધ ચલાવી રહી છે અને તેમણે સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસ્યા હતા. ઋષી વિશ્વકર્માની પત્ની પ્રિયા અને પુત્રી શાનવી વિશે કોઇ પણ માહિતી મળે તો ૭૭૩૮૫૮૬૯૪૬ પર સંપર્ક કરવો. ■

## મુંબઈ પાલિકાના વોર્ડની રચના માટે ફક્ત ૪૮૮ વાંધા-સૂચનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના વોર્ડની રચનાના ડ્રાફ્ટ બાબતે આપેલી મુદતમાં માત્ર ૪૮૮ વાંધા-વિરોધ અને સૂચનો પ્રાપ્ત થયા હતા. આ વાંધા અને સૂચનો પર ૧૦,૧૧ અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના ત્રણ દિવસમાં મહારાષ્ટ્ર સરકારે નીમેલા અધિકારી મારફત સુનાવણી હાથ ધરવામાં આવશે.

મહારાષ્ટ્ર સરકારના નગર વિકાસ વિભાગે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે જુદા જુદા તબક્કા નક્કી કર્યા છે, જે અંતર્ગત ૨૨ ઑગસ્ટ ૨૦૨૫ના ડ્રાફ્ટ વોર્ડની ભૌગોલિક સીમા પ્રસિદ્ધીનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. તેના પર શુક્રવાર ૨૨ ઑગસ્ટ, ૨૦૨૫થી ગુરુવાર ચાર, સપ્ટેમ્બર, ૨૦૨૫ના બપોરના ત્રણ વાગ્યા સુધીની મુદતમાં વાંધા-વિરોધ અને સૂચના મગાવવામાં આવી હતી. તેના પર આ મુદતમાં ૪૮૮ વાંધા અને સૂચનો આવ્યા હતા. ■

## કાલાઘોડાથી ઓશિવરા વચ્ચે બેસ્ટની એસી બસ

### રવિવારથી શરૂ કરાશે આ નવો રૂટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) દ્વારા રવિવારથી દક્ષિણમુંબઈમાં આવેલા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ચોક (કાલાઘોડા)થી ઓશિવરા વચ્ચે નવી એસી બસ દોડાવવામાં આવવાની છે. આ બસ કોસ્ટલ રોડ પરથી દોડશે.

બેસ્ટ પ્રવક્તાના જણાવ્યા મુજબ રવિવારથી ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ચોક (મ્યુઝિયમ)થી પશ્ચિમ ઉપનગરનમાં આવેલા ઓશિવરા ડેપોને જોડતી રૂટ નંબર એ-૮૪ પર નવી એરકંડિશન બસ સેવા ચાલુ કરવામાં આવવાની છે.

બેસ્ટ પ્રશાસનના જણાવ્યા મુજબ આ પોતાની એરકંડિશન બસના કાફલામાં વધુ એસી બસ સમાવવાના પ્રયાસનો આ એક ભાગ છે. રવિવારથી શરૂ થનારો આ નવો રૂટ તાજેતરમાં ખુલ્લા મૂકવામાં આવેલા ધર્મવીર સ્વરાજ્ય રક્ષક છત્રપતિ સંભાજી કિનારા માર્ગ (કોસ્ટલ રોડ) પરથી પાસર થશે. આ રૂટ પર બસ અહિલ્યાબાઈ હોળકર ચોક (ચર્ચગેટ સ્ટેશન), વરસી સી ફેસ, શિવાજી પાર્કનજીક મેયર બંગલો, માહિમ, અંધેરી સ્ટેશન (પશ્ચિમ), વિલેપાર્લે, ઓશિવરા બ્રિજ, બાબાસાહેબ વરલીકર ચોક, વરલી ડેપો અને સાંતાક્રુઝ ડેપો સહિતના મુખ્ય સ્થળોને આવરી લેશે અને ઓશિવરા ડેપો તેનો છેલ્લો સ્ટોપ હશે.

ઓશિવરાથી પહેલી બસ સવારના ૭.૧૫ વાગે ઉપડશે, જ્યારે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ચોક પહેલી બસ સવારના ૮.૫૦ વાગે ઉપડશે. ઓશિવરાથી છેલ્લી બસ સાંજે ૫.૨૦ વાગે ઉપડશે અને મ્યુઝિયમથી છેલ્લી બસ સાંજે ૭.૧૫ વાગે ઉપડશે. આ રૂટ પર સર્વિસ ૪૦થી ૪૫ મિનિટના અંતરે ઉપલબ્ધ થશે. ■

## થાણેમાં સેક્સ રેકેટ ચલાવવા બદલ અભિનેત્રીની ધરપકડ

થાણે: થાણે જિલ્લામાં સેક્સ રેકેટ ચલાવવા અને ઉભરતી મહિલા કલાકારોને દેહવ્યાપારમાં ધકેલવા બદલ ૪૧ વર્ષની અભિનેત્રીની ધરપકડ કરવામાં આવી હતી. સેક્સ રેકેટ વિશે માહિતી મળ્યા બાદ પોલીસ ટીમે બે બોગસ ગ્રાહક તૈયાર કર્યા હતા, જેમણે બાદમાં આરોપી અનુષ્કા મોની મોહન દાસનો સંપર્ક સાધ્યો હતો. અનુષ્કાએ બંનેને બુધવારે મુંબઈ-અમદાવાદ હાઇવે પર કાશીમીરા વિસ્તારમાં મૉલ નજીક મળવા માટે બોલાવ્યા હતા. દરમિયાન પોલીસ ટીમે ત્યાં અગાઉથી છટકું ગોઠવ્યું હતું અને બંને બોગસ ગ્રાહક પાસેથી રૂપિયા લેતી વખતે અનુષ્કાને રંગેહાથ પકડી પાડી હતી. પોલીસે ત્યાંથી બે યુવતીનો પણ છુટકારો કરાવ્યો હતો, જેઓ ટીવી સિરિયલ અને બાંગ્લા સિનેમામાં સક્રિય હતી, એમ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (મીરા-ભાયંદર વસઇ-વિરાર) મદન ભલ્લાળે જણાવ્યું હતું.■

# ભારતની નવમા ક્રમની મહિલા હૉકી ટીમનો થાઇલૅન્ડ સામે ૧૧-૦થી વિજય



હાન્ગઝો (ચીન): એક તરફ બિહારના રાજગીરમાં હરમનપ્રીત સિંહની કૅપ્ટન્સીમાં ભારતના પુરુષોની હૉકી ટીમ એશિયા કપમાં ફાઇનલમાં પહોંચવાની તૈયારીમાં છે ત્યાં બીજી બાજુ ચીનમાં સલીમા ટેટેના નેતૃત્વમાં ભારતીય મહિલા હૉકી ટીમે એશિયા કપમાં શરૂઆતમાં જ ધમાલ મચાવી દીધી છે. ભારતે શુક્રવારે પોતાની પહેલી જ મૅચમાં થાઇલૅન્ડને ૧૧-૦થી માત આપી હતી.

મહિલા એશિયન હૉકીમાં ભારતીય ટીમ નવમા સ્થાને અને થાઇલૅન્ડ ૩૦મા ક્રમે છે. ભારતીય ખેલાડીએ થાઇલૅન્ડની પ્લેયર્સથી ઘણી ચડિયાતી છે, પણ ભારતની વિરુદ્ધમાં તેઓ એક પણ ગોલ નહોતી કરી શકી. ભારત વતી ઉદિતા દુહાન અને બ્યૂટી ડન્ગ ડન્ગે બે-બે ગોલ કર્યા હતા, જ્યારે બાકીની સાત ખેલાડીએ એક-એક ગોલ કરીને ભારતની જીતમાં યોગદાન આપ્યું હતું. હાફ ટાઇમ વખતે ભારતીય ટીમ ૫-૦થી આગળ હતી.

ઉદિતાએ ૩૦મી તથા બાવનમી મિનિટમાં પેનલ્ટી કૉર્નર દ્વારા અને ડન્ગ ડન્ગે ૪૫ તથા ૫૪મી મિનિટમાં ગોલ કર્યા હતા. ભારતની અન્ય ગોલકર્તા ખેલાડીઓમાં મુમતાઝ ખાન (સાતમી મિનિટ), સંગીતા કુમારી (૧૦મી મિનિટ), નવનીત કૌર (૧૬મી મિનિટ), લાલરેમસિયામી (૧૮મી મિનિટ), થૉન્ડૅમ સુમન દેવી (૪૯મી મિનિટ), શર્મિલા દેવી (૫૭મી મિનિટ) અને રુતજા દાદાસો પિસાલ (૬૦મી મિનિટ)નો સમાવેશ હતો.

એશિયા કપ જીતનારી ટીમ ૨૦૨૬ના વિમેન્સ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થશે. હવે ભારતીય ટીમ જાપાન તથા સિંગાપોર સામે રમશે. ■

# એશિયા કપમાં કમબૅક પહેલાં હાર્દિક પંડ્યાનો નવો લૂક

## ચાહકોએ બેન સ્ટોક્સ અને પૂરન સાથે સરખામણી કરી

દુબઈ: મંગળવાર, ૯મી સપ્ટેમ્બરથી એશિયા કપ ૨૦૨૫ની શરૂઆત થવા જઈ રહી છે, જેના માટે ભારતીય ટીમ દુબઈ પહોંચી ગઈ છે. એ પહેલાં ટી-૨૦માં નંબર.૧ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ નવો લૂક જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા પર હાર્દિકના નવા લૂકની ચર્ચા થઇ રહી છે.

હાર્દિક ગુરુવારે સાંજે દુબઈ પહોંચ્યો હતો અને શુક્રવારથી તેણે ટીમ સાથે પ્રૅક્ટિસ શરૂ કરી છે. આ ટૂર્નામેન્ટમાં હાર્દિક નવા લૂકમાં જોવા મળશે. હાર્દિકે સોશિયલ મીડિયા પર નવી હેરસ્ટાઇલ સાથેનો ફોટો શેર કર્યો છે.





### સોશિયલ મીડિયા પર ચર્ચા

હાર્દિક પંડ્યાએ ઇન્સ્ટાગ્રામ પર ન્યૂ લૂકનો ફોટો શેર કર્યા છે, ફોટો સાથે તેણે કેપ્શનમાં 'ન્યુ મી' લખ્યું છે. હાર્દિકે ટૂંકા વાળ કપાવ્યા છે અને સેન્ડી બ્લોન્ડ કલર કરાવ્યો છે. હાર્દિકના ગળામાં ટૅટૂ પણ જોવા મળે છે. હાર્દિકનો નવો લૂક સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. ચાહકો વિવિધ પ્રકારના રીએક્શન આપી રહ્યા છે. ઘણા લોકોએ તેના લૂકની પ્રશંસા કરી અને દુબઈ તે મજબૂત કમબૅક કરે એવી અપેક્ષા વ્યક્ત કરી. ઘણા યુઝર્સ હાર્દિકના લુકને બેન સ્ટોક્સ અને નિકોલસ પૂરન સાથે સરખાવી રહ્યા છે.

### હાર્દિક નંબર.૧ ઓલરાઉન્ડર

હાર્દિક છેલ્લે ચૅમ્પિયન્સ ટ્રોફી વન-ડે સ્પર્ધામાં રમતો જોવા મળ્યો હતો. હાર્દિકે અત્યાર સુધીમાં ૯૪ વન-ડે, ૧૧૪ ટી-૨૦ અને ૧૧ ટેસ્ટ રમ્યો છે. તેણે ૨૭.૮૭ની બૅટિંગ એવરેજ અને ૧૪૧.૬૭ના સ્ટ્રાઇક રેટથી ૧,૮૧૨ રન બનાવ્યા છે તેમ જ ૯૪ વિકેટ લીધી છે. ■

# સાઉથ ઝોનનો જગદીશન ૧૯૭ રને થયો રનઆઉટ

## વેસ્ટ ઝોન-સેન્ટ્રલ ઝોન વચ્ચે જોરદાર રસાકસી



૧૯૭ રન પર આઉટ થયેલો નારાયણ જગદીશન

બેંગલૂરુ: ચાર દિવસીય દુલીપ ટ્રોફી સેમિ ફાઇનલમાં નોર્થ ઝોન સામે શુક્રવારે બીજા દિવસે સાઉથ ઝોને પહેલા દાવમાં ૫૩૬ રનનો ઢગલો કરીને ફાઇનલ માટેનો દાવો મજબૂત કર્યો હતો, પરંતુ એના ઓપનર નારાયણ જગદીશન (૧૯૭ રન, ૩૫૨ બૉલ, બે સિક્સર, ૧૬ ફોર)એ રનઆઉટમાં વિકેટ ગુમાવી દીધી હતી અને તે ફક્ત ત્રણ રન માટે ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારી ચૂકેલા જગદીશનને નોર્થ ઝોનના લેફ્ટ-આર્મ સ્પિનર નિશાંત સિંધુ (૪૭.૨-૬-૧૨૫-૫)એ રનઆઉટ કર્યો હતો.

સાઉથ ઝોનના ૫૩૬ રનમાં બીજા ઓપનર તન્મય અગરવાલના ૪૩ રન ઉપરાંત ત્રણ પ્લેયરની હાફ સેન્ચુરી સામેલ હતી: દેવદત્ત પડિક્કલ (૫૭ રન), રિકી ભુઈ (૫૪ રન) અને તન્મય ત્યાગરાજન (૫૮ રન). નોર્થ ઝોનના સિંધુની પાંચ વિકેટ ઉપરાંત જાણીતા પેસ બોલર અંશુલ કંબોજની બે વિકેટ છતાં સાઉથ ઝોનની ટીમ સ્કોર ૫૦૦-પ્લસનો સ્કોર નોંધાવી શકી હતી.

નોર્થ ઝોન પાસે પ્રથમ દાવની સરસાઈને આધારે ફાઇનલમાં પહોંચવા સાઉથ ઝોનથી એક રન વધુ એટલે કે ૫૩૭ રન કરવા બે દિવસનો સમય છે.

બીજી સેમિ ફાઇનલમાં વેસ્ટ ઝોનનો ઋતુરાજ ગાયકવાડ (૧૮૪ રન, ૨૦૬ બૉલ, એક સિક્સર, પચીસ ફોર) ગુરુવારે ડબલ સેન્ચુરીથી વંચિત રહ્યો ત્યાર બાદ તનુષ કોટિયન (૭૬ રન, ૧૬૬ બૉલ, છ ફોર) ઉપરાંત



પાંચ વિકેટ લેનાર નિશાંત સિંધુ

કૅપ્ટન શાર્દુલ ઠાકુરે (૬૪ રન, ૯૮ બૉલ, એક સિક્સર, સાત ફોર) હાફ સેન્ચુરીથી ટીમના સ્કોરને ૪૦૦-પ્લસ સુધી પહોંચાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. વેસ્ટ ઝોનની ટીમ ૪૩૮ રનના સ્કોર પર આઉટ થયા બાદ સેન્ટ્રલ ઝોનને શુક્રવારના બીજા દિવસે સન્માનજનક સ્થિતિ અપાવી હતી. રમતના અંત સુધીમાં સેન્ટ્રલ ઝોનનો સ્કોર બે વિકેટે ૨૨૯ રન હતો અને પ્રથમ દાવમાં સરસાઈ મેળવવા હજી બીજા ૨૧૦ રન કરવાના બાકી છે. સેન્ટ્રલ ઝોનને પણ ઓપનર ડેનિશ માલેવાર (૭૬ રન, ૧૩૬ બૉલ, એક સિક્સર, બાર ફોર)ની ઇનિંગ્સે મુશ્કેલીમાંથી ઉગારી હતી. રમતને અંતે કૅપ્ટન અને આરસીબીનો ચૅમ્પિયન સુકાની રજત પાટીદાર ૪૭ રને અને શુભમ શર્મા ૬૦ રને રમી રહ્યા હતા. વેસ્ટ ઝોન વતી અર્ઝાન નાગવાસવાલા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ એક-એક વિકેટ લીધી હતી. ■

# બીસીસીઆઈએ ટીમ સ્પોન્સરશિપનો ભાવ વધાર્યો

બીસીસીઆઈએ ભારતીય ક્રિકેટ ટીમને સ્પોન્સર કરવા માટેનો ભાવ વધારી દીધો હોવાનું જાણવા મળ્યું છે. ડ્રીમ૧૧ હટી ગયા બાદ આ નિર્ણય લેવાયો છે. અગાઉ દ્વિપક્ષી મૅચો માટે ૩.૧૭ કરોડ રૂપિયાનો ભાવ હતો જે વધારીને ૩.૫૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે. આઈસીસી તથા એશિયન કાઉન્સિલની મૅચો માટેનો દર અગાઉ ૧.૧૨ કરોડ રૂપિયા હતો જે હવે ૧.૫૦ કરોડ રૂપિયા કરાયો છે. ■

# પ્રીતિ ઝિન્ટાના કહેવા પર બદલવામાં આવ્યો હતો પ્લેયર ઓફ ધ મૅચ

## પંજાબના જ ખેલાડી સંદીપ શર્માનો સનસનાટીભર્યો દાવો

મુંબઈ: આઇપીએલ-૨૦૨૫માં શાનદાર પ્રદર્શન કરીને પંજાબ કિંગ્સની ટીમ ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે હારી ગઈ હતી. પંજાબની ટીમની કો-ઓનર પ્રીતિ ઝિન્ટા પણ આઇપીએલ ૨૦૨૫ દરમિયાન ચર્ચામાં રહી હતી. પ્રીતિ ઝિન્ટાએ ટીમની દરેક મૅચ દરમિયાન સ્ટેડિયમમાં હાજર રહી ખેલાડીઓનો જુસ્સો વધાર્યો હતો. એવામાં પંજાબની ટીમના એક ખેલાડીએ પ્રીતિ ઝિન્ટા વિશે મોટો ખુલાસો કર્યો છે. ખુલાસો એ કરવામાં આવ્યો કે એક આઇપીએલ મેચમાં પ્રીતિ ઝિન્ટાના કહેવા પર પ્લેયર ઓફ ધ મૅચ બદલવામાં આવ્યો હતો.



પંજાબના ખેલાડી સંદીપ શર્માએ ઇન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો કે બેંગલુરુમાં યોજાયેલી એક ઈઝ્ક મેચમાં પ્રીતિ ઝિન્ટાના કહેવા પર પ્લેયર ઓફ ધ મેચ બદલવામાં આવ્યો હતો.

સંદીપ શર્માએ કહ્યું, 'બેંગ્લૂરુમાં રમાયેલી મેચમાં મેં વિરાટ કોહલી, એબી ડી વિલિયર્સ અને ક્રિસ ગેઇલને આઉટ કર્યા હતા, પરંતુ એ મેચમાં અક્ષર પટેલ પ્લેયર ઓફ ધ મૅચ બનવાનો હતો કારણ કે તેણે બે વિકેટ લેવાની સાથે પચીસ રન પણ બનાવ્યા હતા. જોકે પ્રીતિ ઝિન્ટાએ રવિ શાસ્ત્રીને કહ્યું કે પ્લેયર ઓફ ધ મેચ સેન્ડી (સંદીપ શર્મા)ને બનાવો જોઈએ.'

ઈન્ટરવ્યૂ દરમિયાન સંદીપ શર્માએ શ્રેયસ ઐયરને ઇન્ડિયન ક્રિકેટ ટીમનો કેપ્ટન ન બનાવવા અંગે પણ મંતવ્ય આપ્યું. તેણે કહ્યું કે ટીમને ફાઇનલમાં પહોંચાડવી એનો અર્થ એ નથી કે તમે ભારતીય ટીમના કેપ્ટન બની શકો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો પડકાર એક અલગ છે.'

તેણે કહ્યું કે 'સૂર્યકુમાર યાદવ કોઈ આઇપીએલ ટીમની કૅપ્ટન્સી કરી રહ્યો નથી, તેથી તેનો અર્થ નથી કે એ ભારતીય ટીમનો કેપ્ટન ન હોઈ શકે. ભારતીય ટીમ સંપૂર્ણપણે અલગ ટીમ છે, એ સમજવું જોઈએ.' ■

# સાઉથ આફ્રિકા સિરીઝ જીત્યું

લૉર્ડ્સ: ગુરુવારે અહીં એક તરફ ઇંગ્લૅન્ડની ટીમ ૧૧માંથી આઠમી વન-ડેમાં પરાજિત થઈ ત્યાં બીજી બાજુ સાઉથ આફ્રિકાએ ૧૯૯૮ પછી પહેલી વાર ઇંગ્લૅન્ડમાં વન-ડે શ્રેણીમાં વિજય મેળવ્યો હતો. ટેમ્બા બવુમાની ટીમે ૨-૦થી સરસાઈ મેળવી હતી. મૅથ્યૂ બ્રીટ્ઝકે (૮૫ રન, ૭૭ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર)ના યોગદાનની મદદથી સાઉથ આફ્રિકાએ આઠ વિકેટે ૩૩૦ રન કર્યા હતા. બ્રિટિશ પેસ બોલર જોફ્રા આર્ચરે ચાર વિકેટ લીધી હતી. ઇંગ્લૅન્ડે જો રૂટ (૬૧ રન) બેથેલ (૫૮ રન) અને જૉસ બટલર (૬૧ રન)ની હાફ સેન્ચુરી છતાં નવ વિકેટે ૩૨૫ રન કર્યા હતા અને આફ્રિકાનો પાંચ રનથી રોમાંચક વિજય થયો હતો. નાન્દ્રે બર્ગરે ત્રણ અને કેશવ મહારાજે બે વિકેટ લીધી હતી. ■

# રૉસ ટેલરે નિવૃત્તિ પાછી ખેંચી

વેલિંગ્ટન: ન્યૂ ઝીલૅન્ડના ૪૧ વર્ષની ઉંમરના બૅટિંગ-લેજન્ડ રૉસ ટેલરે સમોઆ નામના ટચૂકડા દેશની ટીમને ટી-૨૦ વર્લ્ડ કપના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં જિતાડીને વિશ્વ કપ સુધી પહોંચાડવાના આશયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટની નિવૃત્તિ પાછી ખેંચી છે. તે ૨૦૨૨માં નિવૃત્ત થયો હતો. એ સાથે, ટેલર બે દેશ વતી ક્રિકેટ રમનાર ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ રહ્યો છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પંકજ | વણ વાપર્યું |
| પંજરી | પરોઢિયું |
| પગાહ | કમળ |
| પડતર | અધોગતિ |
| પતન | નૈવેદ્ય |

## ઓળખાણ પડી?



દેખાવમાં સંતરા જેવા લાગતા અને વિટામિન બી ધરાવતા એક્ઝોટિક ફ્રૂટની ઓળખાણ પડી? ખટમીઠો સ્વાદ ધરાવતું આ ફળ કોલંબિયાનું છે.

A) Braeburn b) Fig c)Physalis d) Granadilla

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભૂ | સ્ખ | ૨ લ | ૩ ન | ■ | ૪ અં | ૫ ત | રિ | ૬ યા | ળ |
| કં | ■ | ૭ વા | ર | ૮ સ | દા | ર | ■ | વ | ■ |
| ૯ પ | ૧૦ ટા | રો | ■ | ૧૧ હ | જ | મ | ■ | ૧૨ ક | ૧૩ દા |
| ■ | ચ | ■ | ૧૪ રે | વા | ■ | ૧૫ રી | ૧૬ ત | ■ | ણ |
| ૧૭ આં | કો | ■ | ૧૮ વ | સ | ન | ■ | ૧૯ ખ | ર | ચો |
| દો | ■ | ૨૦ ગ | તી | ■ | ■ | ૨૧ પ | લ્લુ | ■ | રી |
| લ | ■ | ણ | ■ | ૨૨ ઓ | છા | ■ | ૨૩ સ | ૨૪ ખા | ■ |
| ૨૫ ન | ત | ■ | ૨૬ વા | ર | ■ | ૨૭ પૂ | ■ | ૨૮ ઉ | મા |
| ■ | ■ | ૨૯ અ | પ | મા | ન | જ | ૩૦ ન | ક | ■ |
| ૩૧ અ | પ | જ | સિ | યું | ■ | ૩૨ ક | ર | ડ | વું |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ૭ |
| | ■ | ૮ | | ૯ | | ■ | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | | ■ | ■ |
| ૧૪ | | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ■ | ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | ■ | ૨૨ | |
| ૨૩ | ■ | ૨૪ | | ■ | ૨૫ | | | | |
| ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | ■ | | ■ | | ■ |
| ૨૯ | | ■ | ૩૦ | | | | ૩૧ | ■ | ૩૨ |
| | ■ | ૩૩ | ■ | | ■ | ■ | ૩૪ | ૩૫ | |
| ૩૬ | | | ■ | | ■ | ૩૭ | | | |

### આડી ચાવી

૧. સંસ્થાની પત્રિકા (૪)
૪. સંમતિ, ટેકો (૫)
૮. શરદીથી ચહેરાના પોલાણમાં થતો કફ (અં) (૪)
૧૦. ધૂળ, દટાયેલું (૩)
૧૧. ચર્ચા (૩)
૧૩. હીરા માણેક વગેરે ઝવેરાત (૪)
૧૪. પત્ની, લક્ષ્મી (૨)
૧૫. રાહત (૩)
૧૬. નેપાળી ગુરખો (૩)
૧૯. લપસી જવાય એવું (૪)
૨૨. ---થવું એટલે રહસ્ય છતું થવું (૨)
૨૪. દાઝ્યા ઉપર --- (૨)
૨૫. વેપારીઓનો સંકેત (૫)
૨૬. મઢાવ (૩)
૨૯. ઘોડાના પગે --- હોય (૨)
૩૦. વિસર્જન કરવા જેવું (૫)
૩૪. 'જમાવવું'નું આજ્ઞાર્થ (૩)
૩૬. ઇચ્છા પ્રમાણે (૩)
૩૭. અમીર, માલદાર (૪)

### ઊભી ચાવી

૧. હિજરતી, બીજે દેશ રહેનાર (૪)
૨. વટાયેલું, આરપાર ગયેલું (૩)
૩. ત્રણ (૨)
૪. સવારી કરનાર (૪)
૫. મોગરાનું ફૂલ (૪)
૬. ભાવ (૨)
૭. મોટી નદી (૨)
૯. ભેટ, સોગાદ (૪)
૧૨. કબીર કહે --- કો, દો બાતેં સીખ લે (૩)
૧૫. સોંગદ, શપથ (૩)
૧૭. સંવેદનશીલ ભાગમાં થતો સળવળાટ (૪)
૧૮. નગદ નાણું (૩)
૨૦. મુકામ, છાવણી (૩)
૨૧. મનમાં આવે તેમ વર્તવું (૪)
૨૩. લોકો જમવા આવે (૫)
૨૭. અમે એક ---નાં પંખી (૨)
૨૮. રસની લહાણી (૪)
૩૧. યજ્ઞ કરવો, પૂજન (૩)
૩૨. યજ્ઞમાં આહૂતી આપવી (૩)
૩૩. ગુજરાતનો એક જિલ્લો (૨)
૩૫. --- ના પેંડા બને (૨)

## ગુજરાત મોરી મોરી રે

અમિતાભ - જયા અને અશોક કુમારની 'મિલી' ફિલ્મ અને કયા સુપરહિટ ગુજરાતી નાટકની સ્ટોરી સરખી હતી એ જણાવો.

અ) અમે બરફના પંખી બ) રમત શુન ચોકડીની
ક) રાહુ કેતુ ડ) સખા સહિયારા

## જાણવા જેવું

ક્યુબા વિશ્વના સાકરના વાટકા કે છાલિયા તરીકે ઓળખાય છે. આવી ઉપમા મળવાનું કારણ એવું છે કે આ દેશ સાકર - ખાંડ ઉત્પાદનમાં વિશ્વનો નંબર વન દેશ છે. દેશ સ્પેનિશ સત્તા હેઠળ હતો ત્યારથી ખાંડ ઉત્પાદનમાં આ દેશ અગ્રણી રહ્યો છે. વર્ષો સુધી દેશનું અર્થતંત્ર ખાંડના વેપારને લીધે મજબૂત રહ્યું હતું.

## સુડોકુ-૯૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૫ | ૩ | | | ૮ | ૧ | |
| ૨ | | | | | | | | |
| | ૯ | | ૫ | | | | ૬ | ૭ |
| | | ૯ | | | ૫ | ૭ | | |
| | ૬ | | | | | | ૮ | |
| | | ૩ | ૭ | | | ૫ | | |
| ૯ | ૩ | | | | ૧ | | ૫ | |
| | | | | | | | | ૨ |
| | ૫ | ૬ | | | ૪ | ૩ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૮ | ૫ | ૧ | ૩ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૫ | ૧ |
| ૫ | ૭ | ૧ | ૯ | ૬ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૭ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૪ | ૯ |
| ૯ | ૧ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૨ | ૯ | ૬ | ૫ | ૧ | ૭ |
| ૧ | ૫ | ૩ | ૮ | ૪ | ૯ | ૭ | ૬ | ૨ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૭ | ૧ | ૪ | ૯ | ૫ |
| ૪ | ૯ | ૭ | ૬ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

વિમાની મુસાફરી માટે એરપોર્ટ આવશ્યક છે. વિશ્વના કયા શહેરમાં સૌથી વધુ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે એ ખબર છે ખરી?

અ) મ્યુનિક બ) પેરિસ
ક) લંડન ડ) કેલિફોર્નિયા

## નોંધી રાખો

ઓળખાણથી મળેલું કામ ઝાઝો સમય નથી ટકી શકતું, પણ કામથી મળેલી ઓળખ જિંદગીભર ટકી રહે છે એ વાત નહીં ભૂલતા.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૪, ૮, ૧૬, ૩૨, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૩૨ પછી કઈ સંખ્યા આવે?

A) 42 b) 54
c) 60 d) 64

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નખ્ખોદ | સત્યાનાશ |
| નચિંત | બેફિકર |
| નજરાણું | ભેટ |
| નઠારું | ખરાબ |
| નતીજો | પરિણામ |

ગુજરાત મોરી મોરી રે
કોઈ ભીંતેથી આયના ઉતારો

ઓળખાણ પડી
JADE VINE

માઈન્ડ ગેમ
૧૬૫

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
કૈરો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) નૈશીધ દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) વિપીન શાહ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) પ્રવીણ વોરા (૧૬) જીત શાહ (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) અંબરીષ ઓઝા (૨૪) નયના ગિરીશ મિસ્ત્રી (૨૫) મહેશ સંઘવી (૨૬) ભાવના કર્વે (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) મહેશ દોશી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) વિણા સંપટ (૩૬) ડાયના સંતોકે (૩૭) નિતિન જયંતિલાલ બજરિયા (૩૮) પુષ્પા ખોના (૩૯) કિશોર સંઘરાજકા (૪૦) અરવિંદ કામદાર (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) નયના મિસ્ત્રી (૪૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદેશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) હરીહર ભટ્ટ -ડલ્લાસ - યુએસએ. (૫૨) ધવલ શાહ (૫૩) કમલ માતલિયા

# વીક એન્ડ

# વિશ્વ વિજેતાઓનો હવે એશિયામાં ડંકો વાગશે?

**સ્પોર્ટ્સમૅન**

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

**ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન અને વર્લ્ડ ચૅમ્પિયન ભારતની ટીમ મંગળવારે યુએઇમાં શરૂ થતો એશિયા કપ જીતવા માટે હૉટ-ફેવરિટ છે**




**ભારતીય ટીમઃ**

- સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન),
- શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન),
- જિતેશ શર્મા (વિકેટકીપર),
- સંજુ સૅમસન (વિકેટકીપર),
- અભિષેક શર્મા,
- હાર્દિક પંડ્યા,
- તિલક વર્મા,
- રિન્કુ સિંહ,
- શિવમ દુબે,
- અક્ષર પટેલ,
- જસપ્રીત બુમરાહ,
- અર્શદીપ સિંહ,
- હર્ષિત રાણા,
- કુલદીપ યાદવ
- વૉશિંગ્ટન સુંદર.

**ભારતની મૅચોનું શેડ્યૂલ**

- બુધવાર, ૧૦મી સપ્ટેમ્બર, રાત્રે ૮.૦૦ વાગ્યાથી યુએઇ સામે
- રવિવાર, ૧૪મી સપ્ટેમ્બર રાત્રે ૮.૦૦ વાગ્યાથી પાકિસ્તાન સામે
- શુક્રવાર, ૧૯મી સપ્ટેમ્બર રાત્રે ૮.૦૦ વાગ્યાથી ઓમાન સામે

બરાબર ૨૪ મહિના પહેલાં (સપ્ટેમ્બર, ૨૦૨૩માં) મેન્સ એશિયા કપમાં ભારતે ટાઇટલ જીતી લીધું ત્યારે રોહિત શર્મા ટીમનો કૅપ્ટન હતો અને મોહમ્મદ સિરાજે શ્રીલંકા સામેની ફાઇનલમાં માત્ર ૨૧ રનમાં છ વિકેટ લઈને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો. ફરી એક વાર એશિયા કપ નજીક આવી ગયો છે, પણ આ વખતે મેદાન પર ન તો રોહિત જોવા મળશે અને ન સિરાજ સપાટો બોલાવશે. કારણ એ છે કે આ વખતે એશિયન સ્પર્ધા ટી-૨૦ ફૉર્મેટમાં છે અને રોહિત આ ફૉર્મેટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે. સિરાજને ઇંગ્લૅન્ડ સામેના સંઘર્ષપૂર્ણ અને સફળ ટેસ્ટ પ્રવાસ બાદ ટીમમાં નથી લેવામાં આવ્યો.

જોકે આ બે દિગ્ગજ વિના પણ ભારતીય ટીમ ટ્રૉફી જીતી લેવા માટે હૉટ-ફેવરિટ છે. સૂર્યકુમાર યાદવના સુકાનમાં મજબૂત ટીમ યુએઇ પહોંચી ગઈ છે અને સ્પર્ધાના સાત દેશો (ખાસ કરીને પાકિસ્તાન) ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન અને વર્લ્ડ ચૅમ્પિયન ભારતની ટીમ સામે કેવી રીતે સાવચેત રહેવું એની મથામણમાં હશે.

આઠ દેશ વચ્ચે ટી-૨૦નો એશિયા કપ મંગળવાર, નવમી સપ્ટેમ્બરે શરૂ થઈ રહ્યો છે. ભારત આ સ્પર્ધાનું મુખ્ય યજમાન છે, પરંતુ તટસ્થ સ્થળે આ રસાકસીભરી સ્પર્ધા રાખવા ભારત અને પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડ સહમત થયા હોવાથી યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં તમામ મૅચો રાખવાનું નક્કી કરાયું છે જેમાં ભારતની બધી મૅચો દુબઈમાં રમાશે.

૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત ચૅમ્પિયન બન્યું હતું. ભારતના ખેલાડીઓ છેલ્લી ૪૦માંથી ૩૫ ટી-૨૦ મૅચ જીત્યા હોવાથી હાલમાં જબરદસ્ત ફૉર્મમાં છે. કૅપ્ટન સૂર્યકુમાર યાદવ ઉપરાંત વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ અને શુભમન ગિલ તથા રિન્કુ સિંહ કોઈને કોઈ મૅચ એકલા હાથે જિતાડી શકે એમ છે.

## ટી-૨૦નો એશિયા કપ શા માટે?

ભારત હાલમાં એશિયા કપમાં એક રીતે ડિફેન્ડિંગ ચૅમ્પિયન કહેવાય અને એક રીતે ન પણ કહેવાય. વાત એવી છે કે છેલ્લે ૨૦૨૩માં એશિયા કપ નામની ટૂર્નામેન્ટ વન-ડે ફૉર્મેટમાં રમાઈ હતી જેમાં ભારતે વિજેતાપદ મેળવ્યું હતું એટલે ટીમ ઇન્ડિયા ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. જોકે એના પાછલા વર્ષે (૨૦૨૨માં) એશિયા કપ ટી-૨૦ ફૉર્મેટમાં રમાયો હતો અને એમાં ભારતીય ટીમ ફાઇનલમાં પણ નહોતી પહોંચી શકી. શ્રીલંકાએ ત્યારે ફાઇનલમાં પાકિસ્તાનને પરાસ્ત કર્યું હતું એટલે ખરા અર્થમાં શ્રીલંકા ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે યુએઇ આવી છે.

એશિયા કપ ક્યારેક વન-ડેમાં તો ક્યારેક ટી-૨૦ ફૉર્મેટમાં રમાયો છે. ૨૦૨૬નો ટી-૨૦ વર્લ્ડ કપ હવે બહુ દૂર નથી એટલે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) હેઠળ આવતી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)એ એશિયા કપ ટી-૨૦માં રાખ્યો છે.

## ભારત સામે ચાર પડકાર

ટી-૨૦ ફૉર્મેટમાં ભારત વર્લ્ડ નંબર-વન છે. આક્રમક ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્મા ટી-૨૦ના બૅટ્સમેનોમાં વર્લ્ડ નંબર-વન છે, જ્યારે હાર્દિક પંડ્યા વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર અને વરુણ ચક્રવર્તી વર્લ્ડ નંબર-ફૉર બોલર છે. આમ છતાં, ટી-૨૦ની ગેમમાં કંઈ પણ અણધાર્યું બની શકે અને તરતી રૅન્કવાળી ટીમ ચડિયાતી ટીમને માત આપી શકે એ જોતાં આ વખતના એશિયા કપમાં ભારતીય ટીમે પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ તેમ જ જાયન્ટ-કિલર તરીકે જાણીતા અફઘાનિસ્તાન સામે ખૂબ સાવચેત રહેવું પડશે.

પાકિસ્તાનની ટીમમાં બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન જેવા મોટા નામવાળા ખેલાડીઓ નથી, પણ સલમાન આગાના નેતૃત્વમાં યુએઇ મોકલવામાં આવેલી યંગ ટીમ રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે ભારત માટે પડકાર ઊભો કરી શકે. શ્રીલંકનો ૨૦૨૨ની સાલમાં વિજેતા બન્યા હોવાથી ચરિથ અસલંકાના નેતૃત્વમાં યુએઇ આવ્યા છે. કામિન્દુ મેન્ડિસ અને દાસુન શનાકા સહિતના ખેલાડીઓ ધરાવતા ડિફેન્ડિંગ ચૅમ્પિયન શ્રીલંકાને જો કોઈ દેશે આસાનીથી હરાવવાનો મનસૂબો ઘડ્યો હશે તો એણે પસ્તાવું પડશે.

બાંગ્લાદેશની ટીમને પણ નજરઅંદાજ ન કરી શકાય. મેહદી હસન, તાસ્કિન અહમદ અને મુસ્તફિઝુર રહમાન કોઈ પણ હરીફ ટીમની છાવણીમાં સન્નાટો લાવી શકે એમ છે.

અફઘાનિસ્તાનના ખેલાડીઓ પોતાના દેશમાં (૪-૫ સપ્ટેમ્બરે) માત્ર ૨૪ કલાકમાં ચાર વિનાશક ભૂકંપ થયા હોવાથી ખૂબ ચિંતાતુર હશે જ, પરંતુ એ આઘાત છતાં તેઓ ફરી એક વાર એશિયામાં ભારત પછીની શ્રેષ્ઠ ટીમ તરીકે હરીફ ટીમોને પડકારશે તો નવાઈ નહીં લાગે. ગુલબદીન નઇબ, અઝમતુલ્લા ઓમરઝાઈ, રહમનુલ્લા ગુર્બાઝ, નૂર અહમદ, ઇબ્રાહિમ ઝદ્રાન અને મુજીબ-ઉર-રહમાન સારામાં સારી ટીમને ભારે પડી શકે એવા છે. ■

**અરાઉન્ડ ધ વર્લ્ડ**

# જિન્ઝામાં શીખવા મળી કિન્ત્સુગી, તૂટેલી ચીજોને જોડવાની કલા...

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com



શિન્જુકુમાં ગોલ્ડન ગાઈ ફૂડ માર્કેટમાં મોડી રાત્રે ૯૦નું કુમાર સાનુનું એક બોલિવૂડ સોંગ ચાલુ હતું. આપણે ત્યાં હાઇવે પર ટ્રક ડ્રાઇવરો વગાડે તેવું. અહીં તેને વર્લ્ડ મ્યુઝિકમાં નોવેલ્ટી તરીકે વગાડવામાં આવતું હશે. અંદર કોઈને એટલું અંગ્રેજી નહોતું આવડતું કે જવાબ આપી શકે કે આ ગીત કોણે પસંદ કર્યું છે. આ જાપાનીઝ બાર અને ફાસ્ટફૂડ વચ્ચે લોકોનો એસોટેરિક મ્યુઝિકનો ટેસ્ટ જરા અલગ જ માહોલ બનાવી રહ્યો હતો. હજી એક વીક પણ નહોતું થયું અને જાણે જાપાનના એક જ શહેરમાં લાઇફટાઇમના અનુભવો થઈ ગયેલા. સ્થાનિકો માટે ગોલ્ડન ગાઈ જરા પ્રોસ્ટિટ્યુશન અને ડાર્ક માહોલ સાથે પણ જોડાયેલો છે. અને બીજી તરફ અહીં દૂર દૂરથી લિમોમાં બેચલર પાર્ટી માટે ગ્રુપ્સ પણ દેખાતાં હતાં. સાથે અમારા જેવાં ટૂરિસ્ટ પણ જલસાથી આંટા મારી રહ્યાં હતાં. શિન્જુકુમાં સ્ટેશનની બહાર એક ખૂણો આવો પણ છે તે પણ જોવા મળી ગયું.

હવે ઓસાકા અને ક્યોટો તરફ જતા પહેલાં છેલ્લો દિવસ ઇમ્પિરિયલ પેલેસમાં વિતાવવાનો હતો, અને ઇમ્પિરિયલ પેલેસ પછી અડધો દિવસ આમ જ રખડપટ્ટીમાં વિતાવવો હતો. હવે તે રખડપટ્ટી કરવામાં સૌથી મોટી લાલચ હતી ત્યાં એક રેસ્ટોરાંમાં સાઉથ ઇન્ડિયન ફૂડની. હવે રામેન, સુશી, તૈયાકી, બધું ખાઈને જરા મનને કંઇ ઘરની યાદ અપાવે તેવું ખાવું હતું. ત્યાં ગુજરાતી થાળી તો મળવાની ન હતી, તો ઢોસા અને મેદુવડાં જ સહી. જિન્ઝાનું શોપિંગ ત્યાંના સાઉથ ઇન્ડિયન ફૂડ કરતાં પણ વધુ મજેદાર બની રહ્યું. ત્યાં યુનિક્લો, દાઇસો, ડોન્કી, મુજી, બધાંની કમસેકમ ત્રણ-ચાર માળની અને ક્યારેક તેનાથી પણ ડબલ કદની ઇમારતો વચ્ચે જાપાનીઝ શોપિંગની મજા જ કંઈ ઓર હતી. તે વચ્ચે ટોક્યોમાં ઘણું અનુભવવાનું રહી પણ જવાનું હતું.

ખાસ તો સુમો રેસલિંગ લાઈવ નહીં જોઈ શકાય તેનો જરા અફસોસ હતો. ટોક્યોની લાઇવ સુમો રેસલિંગની સીઝન માત્ર જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બરમાં જ હોય છે. ઓસાકાની સુમો સિઝન માર્ચમાં હોય છે પણ ત્યાંની પણ ટિકિટ અમને હજી સુધી તો ઓનલાઈન મળી ન હતી. આ ઉપરાંત નાગોયામાં જુલાઈ અને ફુકુઓકામાં નવેમ્બરમાં લાઈવ સિઝન હોય છે. એક જમાનામાં ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ ચેનલો ચાલુ થઈ ત્યારે સુમો રેસલિંગ કોને કહેવાય તેની ખબર પડી હતી. સુમો શબ્દનો અર્થ જ જાપાનીઝમાં રેસલિંગ કે કુસ્તી એવો થાય છે. સુમો લડવૈયાઓનો હેવી ડાયેટ, તેમની ખાસ હેર સ્ટાઇલ વગેરે તો ખ્યાતનામ છે જ, પણ નિયમ મુજબ સુમો રેસલરને ડ્રાઇવ કરવાનું અલાઉડ નથી. ૨૦૦૦ની સાલમાં એક સુમો રેસલર સાથેના અકસ્માતમાં એક યુવતીનું મોત થયા પછી આ બેન લાગી ગયું છે. તે સમયે તો અમારા માટે માત્ર રોગ્યોકુ ડિસ્ટ્રિક્ટમાં સુમો અરીના પાસે આંટો તો મારવાનું શક્ય હતું જ.

સુમો રેસલિંગ ન જોવા મળ્યું પણ કિન્ત્સુગી વર્કશોપ અમે ન ચૂક્યાં. ખાસ તો એટલા માટે કે ત્યાં ટૂરિસ્ટ માટે ખાસ ડિઝાઈન કરેલી એક-બે કલાકની કિન્ત્સુગી વર્કશોપ પણ મળી જાય છે. જિન્ઝામાં દાઈવા બિલ્ડિંગમાં એક રૂમમાં પ્રાઇવેટ ક્લાસિસમાં ૯૦ મિનિટ વિતાવવામાં જાણે જિંદગી જોવાનો એક નવો દૃષ્ટિકોણ પણ મળી ગયો હોય તેવું લાગતું હતું. ત્યાં ૬૦ યુરોમાં ટીચરની સાથે એક કિન્ત્સુગી કિટ પણ ઇન્ક્લુડેડ હતી. સોશ્યલ મીડિયા આ શબ્દ અને તેના રેફરન્સથી ભરેલું છે. કોઈ તૂટેલી ચીજને જોડીને તેને ફરી વાપરવાને વધુ રોમેન્ટિસાઇઝ કરવામાં આવે છે. આજકાલ ખરાબ થતા જતા પર્યાવરણમાં કશું પણ ફરી વાપરીને તેની યાદગીરી બનાવી શકાય તેમ હોય તો શું વાંધો.



પહેલાં તો એક મેટલના બાઉલ પર પ્રેક્ટિસ કરવા મળી. સિરામિકનું એક તૂટેલું બાઉલ ત્યાંથી સાથે પણ લાવવા મળ્યું. અંતે તો જાપાનથી જાતે બનાવેલું સુવિનિયર જ મળી ગયું. કોઈ તૂટીને સંધાયેલી ચીજનું મૂલ્ય ઓર વધી જાય છે તેનો લાઇવ અનુભવ કરવા મળી ગયો. જોકે તેના કારણે હવે ઘરમાં મારાથી સિરામિક દૂર રાખવા માંડ્યાં છે. જરા પણ ક્યાંય તિરાડ દેખાય એટલે હું મારી કિન્ત્સુગી કિટ લઈને તેને ગોલ્ડન સાંધો લગાવવા તૈયાર થઈ જાઉં છું. આમ પણ કિન્ત્સુગીમાં એક્સપર્ટીઝનાં અલગ સ્તર છે. પ્રોફેશનલ લેવલ પર કામ કરનારાંઓનાં આર્ટની પણ અહીં કોઈ કમી નથી. આ પારંપરિક તૂટેલી ચીજોને જોડવાની કલાનાં ખ્યાતનામ કલાકારોને ત્યાં રોકસ્ટાર જેટલું જ માન મળે છે. જોકે જાપાનમાં લોકપ્રિય થવાના રુલ્સ બાકીની દુનિયા કરતાં જરા અલગ લાગે છે. અહીં ઘણી આર્ટ ગેલેરીમાં કિન્ત્સુગીથી બનાવેલાં આર્ટ પીસનાં એક્ઝિબિશન પણ લાગે છે.

જાપાનમાં જાપાનીઝ કલ્ચરનો આવો અનુભવ ધાર્યા કરતાં વધુ ઇન્ટેન્સ બની ગયો હતો.

હજી જિન્ઝામાં જ અમે એક કલાકની વધુ એક વર્કશોપ માટે સજ્જ હતાં. અમારા સમયમાં કાં તો જાપાનીઝ સુશી ક્લાસ લેવો કે પછી કાન્જી કેલિગ્રાફી. અને અમે કાન્જી પર પસંદગી ઉતારી. તે દિવસે ખાણી-પીણીને બદલે લખાણ પ્રત્યે વધુ મન ખેંચાઈ રહ્યું હતું. ખાસ તો એટલા માટે કે પેટ મેદુવડાંથી ભરેલું હતું. એવામાં કાન્જીના અક્ષરોના અર્થ, તેમને કઈ રીતે પીંછીથી ચિત્રોની જેમ બનાવવાં, તેમને ઘૂંટવા માટેની પ્રિન્ટ્સ, અંતે અમારાં જાતે લખેલાં પોસ્ટર, બધું વધુ એક યાદગાર સુવિનિયર બનીને અમારી સાથે આવેલું. એવામાં વોટરકલર બ્રશ અને સ્પેશિયલ પ્રિન્ટિંગ પેપર ઉપરાંત ત્યાં માત્ર ડેકો માટે વપરાંતાં ક્યુટ સ્ટેમ્પ્સ પણ વાપરવા મળ્યાં. ઘણાં લોકો પાતાનાં મનપસંદ કેરેક્ટર કે લખાણનાં સ્ટેમ્પ હાથવગાં જ રાખે.

જાપાન દરેક પગલે અલગ અનુભવોથી સરપ્રાઇઝ કર્યે રાખતું હતું. હવે જાણે અમે દરેક પગલે સરપ્રાઇઝ થવા માટે તૈયાર હતાં. જિન્ઝામાં શોપિંગ જેવી કહેવાતી શૅલો પ્રવૃત્તિઓની સાથે અમે જાપાનીઝ કલ્ચરમાં ત્યાંની પારંપરિક પ્રવૃત્તિઓ સાથે ઊંડા ઊતરી રહ્યાં હતાં તેવું લાગ્યું હતું. હવે ઇમ્પિરિયલ પેલેસનો વારો હતો. ■









## મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ‘ગુરુ દેવો ભવઃ’ ફક્ત બોલવાનો કે માનવાનો મંત્ર?



**ટાઇટલ્સઃ**
**ભણતર અને ચણતરમાં પાયો અગત્યનો છે. (છેલવાણી)**

ગઈ કાલે ‘શિક્ષક દિવસ’ ગયો ને યાદ આવી એક કવિતાઃ

‘વીસ વરસ પછી આજે અમારા ‘ક્લાસ-ટીચર’ મળી ગયા. સહેજ વીલું મોં, પ્રાણ વિનાનાં પગલાં, જૂનો કોટ,

શાળાની નોકરીએ એમને આટલો જ વૈભવ આપ્યો છે. હવે રિટાયર્ડ થયા છે. સિંહ જેવો એમનો રોફ હતો. એમનો અવાજ નહીં, એમની ત્રાડ આખા ક્લાસને ધ્રુજાવતી. એ અમને ઊભા કરતા ને અમે પાટલૂનમાં થરથરતા.

એક દિવસ ખરાબ અક્ષર માટે એમણે મને હાથ પર ફૂટ મારેલું. તે હજી યાદ છે.આજે મને ઢીલા અવાજે કહે, તને તો ખબર છે મારા અક્ષર સુંદર ને મરોડદાર છે, અને હું હિસાબના ચોપડા પણ લખી શકું છું. તારી ફેક્ટરીમાં...’

વિપીન પરીખની ‘ફૂટપટ્ટી’ નામની આ કવિતા, જેટલી વાર વાંચીએ એટલી વાર આપણાં શિક્ષકો યાદ આવે ને આંખો ભીની થઈ જાય.

કોઇએ કહેલુંઃ ‘જો મારી પાસે ખૂબ પૈસા આવે તો હું શું કરું? એક સેનેટોરિયમ કે વિશ્રામગૃહ બનાવું, જ્યાં ગામડાનાં ગરીબ તરછોડાયેલા શિક્ષકોને રાખું. મોટાં રૂમ, મોટી બારીઓ, હવા ઉજાસવાળાં મકાનમાં થાકેલા-હારેલા ને સમાજમાં નક્કામા ગણાતા ટીચર્સને ત્યાં પ્રેમથી સાચવું...એ સેનેટોરિયમમાં લાઈબ્રેરી, મ્યુઝિક રૂમ હોય, ફૂલોનો બગીચો હોય... શિક્ષકોને ખુશહાલ જીવન શું છે-એની ખબર હોવી જોઈએ. એક ઉદાસ બોરિંગ ટીચર, આપણાં બાળકોને શું ભવિષ્ય આપી શકે?’

આ શબ્દો રશિયાનાં જ નહીં, પણ વિશ્વનાં અદ્‌ભુત વાર્તાકાર ચેખોવે છેક ૧૯૦૦માં, ત્યારનાં રશિયન પ્રાથમિક શિક્ષકો માટે કહ્યા હતા, જે આજે ય શું આપણાં સમાજને લાગુ નથી પડતા?

ચેખોવ કહે છેઃ ‘શિક્ષક તો કલાકાર હોવો જોઈએ. જે પોતાનાં કામને પ્રેમ કરતો હોય પણ આપણે ત્યાં શિક્ષક એટલે એક ગામથી બીજે ગામ વેઠિયું કરવા જતો થાકેલો હારેલો માણસ છે, જેને જાણે જીવનમાંથી દેશવટો મળ્યો ના હોય! ગામના વેપારીઓ, પોલીસકર્મીઓ એને હડધૂત કરે છે, ‘માસ્તર-માસ્તર’ કહીને એના પર ઑર્ડર કરે છે. શા માટે? ખખડધજ મકાનોમાં-તડકો-વરસાદ વેઠીને ભણાવતો શિક્ષક, દિવસે ને દિવસે દુર્બળ અને મરિયલ બનતો જાય છે. એ શું દેશનું ભાવિ બનાવશે?’

દિલ પર હાથ મૂકીને કહેજો કે આઝાદીના ૭૬ વરસ બાદ આપણાં સમાજને પણ આ વાત લાગુ નથી પડતી? ખરેખર તો શિક્ષકો માત્ર સ્કૂલ ક્લાસ રૂમ પૂરતા જ નથી હોતા. તમને પહેલીવાર સાઇકલ શીખવનાર મિત્ર, જિમનેશિયમમાં ડંબેલ્સ પકડતા શીખવનાર ટ્રેનર કે પ્રણયમાં પહેલ કિસ કરતા શીખવનાર પ્રેમી-પ્રેમિકા કે પછી સારા ખરાબ દિવસોમાં તમે જેને સાથ આપ્યો હોય એ જ્યારે દગાબાજી કરે ત્યારે દોરંગી દુનિયાનો દાખલો શીખવનાર દોસ્ત પણ જાણે-અજાણે તમારો શિક્ષક જ છે. માતા-પિતાથી લઇને મહોબ્બતમાં દગો દેનારા કે માલમત્તામાં મૂંડી નાખનાર સહુ લોકો શિક્ષક જ હોય છે. લાઇફના દરેક તબક્કે સારા ડોક્ટરથી લઇને કૂનેહબાજ વકીલો, તમને જીવતા કે મરતા હરપલ હંમેશ શીખવે જ રાખે છેને? જીવતરનો આખરી ઘંટ વાગે ત્યાં સુધી જીવન નામનો ક્લાસ, કદીયે ખતમ જ નથી થતો. શતરૂપે શિક્ષક મરતો જ નથી.

**ઇન્ટરવલઃ**
**સબ કુછ સીખા હમને**
**ના સીખી હોશિયારી (શૈલેંદ્ર)**

જાણીતા ફિલ્મ નિર્દેશક હિષિકેશ મુખરજીએ ત્યારના દિન-રાત શૂટિંગ કરનારા સુપરસ્ટાર રાજેશ ખન્નાને એકવાર પૂછેલું કે શીખવેલું : ‘તુમને કભી ઉગતે હુએ સૂરજ કો દેખા હૈ? વો દેખો, ફિર તુમ્હે જીવન ક્યા હૈ સમઝમેં આયેગા! સ્ટારડમ તો આયેગા-જાયેગા.. ‘અને પછી એ જ રાજેશ ખન્નાને એમને અભિનેતા તરીકે ઘડનારા રંગભૂમિના નિર્દેશક વી.કે.શર્માને જતી જિંદગીએ ‘અવતાર’ જેવી અમુક હિટ ફિલ્મો લખવા અપાવીને ‘ગુરુ-દક્ષિણા’ આપેલી!

તો ૮૦-૯૦ ના દાયકાના સફળ નિર્દેશક મહેશ ભટ્ટે એમના હિન્દી સાહિત્યકાર-ટીચર જે.પી.દિક્ષીત પાસે ‘સર’ જેવી સુંદર ફિલ્મ લખવા આપેલી, જેથી એમને કામ અને પૈસા મળે.

હિન્દીના સ્ટાર-વ્યંગકાર શરદ જોષી શિક્ષકો કે શિક્ષણ માટે કહે છેઃ ‘શિક્ષણ એ એક એવી બગડેલી ગાડી છે, જેના સ્પેરપાર્ટ્સ હવે રિપેર કરવા પડે છે અથવા બદલવા પડે એમ છે. માત્ર શિક્ષણની ગાડીમાં જ નહીં, ગાડી ચલાવનાર ડ્રાઈવરમાં પણ સુધારો કરવો પડે અને જરૂર પડે એને બદલવો પણ પડે... અરે! કેટલાક શિક્ષકો અને પ્રોફેસરોને પૂછો તો એ એમના વિદ્યાર્થીઓ બદલવા માગે છે! તો વળી વિદ્યાર્થીઓ કેટલાક શિક્ષકો અને પ્રોફેસરોને બદલવા માગે છે?’

-તો વળી ભારતમાં લોકશિક્ષણનું સૌથી મોટું કામ કરનાર આજનાં બદનામ બોખા બાપુ ઉર્ફ ગાંધીજીએ શિક્ષણ વિશે શું શું કહેલું એ વાંચો :

‘શિક્ષણ, ચારિત્ર્ય અને ધર્મ એ ત્રણે શબ્દોને એકબીજાની પર્યાય ગણવા જોઈએ. જ્યાં ચારિત્ર્યનું ઘડતર ન થતું હોય એ સાચું શિક્ષણ હોઈ જ ન શકે. સમગ્ર જીવનને આવરી લે એનું નામ શિક્ષણ. ખાલી ગોખણપટ્ટી કે પુસ્તકિયું જ્ઞાન સાચું શિક્ષણ નથી.’

***

‘કેળવણીનો હેતુ માત્ર પૈસા કમાવાનો નથી, પણ સારા માણસ બનવાનો છે. જો આ હેતુ પાર ન પડે તો કેળવણી પર નાખેલા પૈસા નકામા ગયા સમજવું...’

***

‘જે શિક્ષક, વિદ્યાર્થીઓના મગજને અગણિત હકીકતો ભરી મૂકવાનું કબાટ બનાવી મૂકે છે એ પોતે કેળવણીનો પહેલો પાઠ જ નથી શીખ્યો...’

***

છેલ્લે વન્સ અગેઇન, કોઇ પ્રેમ કે પેશનનો સંબંધ ના હોય તો યે જેના ખભે રડી શકીએ એવી કોઇ ગર્લ ફ્રેંડ કે આંગળી ઝાલીને અક્ષરનો મરોડ શીખવનાર કે પાર્કિંગ શીખવતો વોચમેન કે જોડણીથી માંડીને જીવનને જોતાં શીખવનાર મુરબ્બીઓ જેવા અનેક અનામ અજાણ્યા ગુરુઓને આજે હૈયાથી હજારો વંદન.

અંગૂઠો કાપીને નહીં, પણ દિલ આપીને.!

**એન્ડ-ટાઈટલ્સઃ**
**આદમઃ તું ખરેખર ગુરુ છે.**
**ઈવઃ બસ બોલ નહીં, પાસે આવ.** ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ‘૧૯૫૫ સિસ્ટમ’ : આ છે જાપાનની યુનિક રાજકીય વ્યવસ્થા

### ડાબેરીઓ અને જમણેરીઓ ભેગા થઇને સામ્યવાદી બની ગયા અને પછી...

રાજકારણ ક્ષેત્રે સતત નવું નવું વાંચતા રહેવાથી કેટલાક વિશિષ્ટ પારિભાષિક શબ્દો સાંભળવા મળે છે. આ એવા શબ્દો છે જેમની સાથે ચોક્કસ ઇતિહાસ સંકળાયેલો હોય... જેમ કે one-party dominant system - એકપક્ષીય પ્રભુત્વ પ્રણાલી. ભારતે સ્વતંત્રતા મેળવી એ પછી ૧૯૫૨માં પ્રથમ વખત સામાન્ય ચૂંટણીઓ યોજાઈ. એમાં કૉંગ્રેસ પક્ષને બહુમતી મળી. ૧૯૭૭ સુધી લગભગ અઢી દાયકા જેટલો સમય કૉંગ્રેસનું એકધારું શાસન રહ્યું. આને કહેવાય એકપક્ષીય પ્રભુત્વ. વિશ્વના ઘણા દેશોમાં આ પ્રકારનું શાસનતંત્ર જોવા મળ્યું છે, જ્યાં એક જ પક્ષે દાયકાઓ સુધી શાસનધૂરા સંભાળી હોય.

૧૯૭૭ની જનતા સરકાર બાદ ફરી એક વખતે નવ વર્ષ (૧૯૮૦ થી ૧૯૮૯ વચ્ચે) કૉંગ્રેસનો દબદબો રહ્યો. એ પછી મોરચા સરકારોનો દોર ચાલ્યો. ૨૦૧૪થી આજદિન સુધી આશરે અગિયાર વર્ષથી ભાજપના વડપણ હેઠળનો રાજકીય મોરચો સત્તા પર છે. આ રીતે એક જ પક્ષના પ્રભુત્વ હેઠળ શાસન ચાલતું હોય ત્યારે એ પ્રકારની લોકશાહીમાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો જોવા મળે છે, જેની અસર આંતરરાષ્ટ્રીય સંબંધો ઉપર પણ પડે છે.

હવે રાજકારણના બીજા એક પારિભાષિક શબ્દની વાત કરીએ, જે પ્રમાણમાં ઓછો જાણીતો છે. કારણકે એ ટચૂકડા દેશ જાપાન પૂરતો જ સીમિત છે. આ શબ્દ એટલે ‘૧૯૫૫ સિસ્ટમ’ (કે ‘સિસ્ટમ ૧૯૫૫) આ શબ્દ પણ એકપક્ષીય પ્રભુત્વ દર્શાવવા માટે જ વપરાય છે, પણ એનું પશ્ચાદભૂ જરા જુદા પ્રકારનું અને અત્યંત રસપ્રદ છે.

**શું છે આ ૧૯૫૫ સિસ્ટમ?**

આ સિસ્ટમ સમજતા પહેલા બે નવા શબ્દો જાણવા પડશે સ્કેપ અને યાકુઝા. સ્કેપ (SCAP) એટલે

Supreme Commander for the Allied Powers. બીજા વિશ્વયુદ્ધની હાર પછી અમેરિકી જનરલ ડગ્લાસ મેકઆર્થરને જાપાનમાં ‘સ્કેપ’ તરીકે નિમણુંક આપવામાં આવી. વિજેતા દેશો ઇચ્છતા હતા કે જાપાનમાં હવે પછી જે સરકાર આવે એની નીતિઓ લોકશાહી તરફી બીજા શબ્દોમાં કહીએ તો યુએસ, યુકે અને યુરોપને અનુકૂળ હોય. બીજા વિશ્વયુદ્ધ પછી સામ્યવાદી રશિયાને કંટ્રોલમાં રાખવું જરૂરી હતું. આથી એશિયન દેશો સામ્યવાદના પ્રભાવ હેઠળ રશિયાના ખોળામાં ન બેસી જાય એનું ધ્યાન અમેરિકાએ ખાસ કરીને અમેરિકી જાસૂસી સંસ્થા ‘સીઆઈએ’એ રાખવાનું હતું. મેકઆર્થરનું મુખ્ય ધ્યેય પણ આવું જ હશે, પણ થયું એવું કે જાપાનમાં ૧૯૫૫માં યોજાયેલ સામાન્ય ચૂંટણીઓમાં જાપાનીઝ સોશ્યલ પાર્ટી ‘જેએસપી’ના બેનર હેઠળ ડાબેરીઓ અને જમણેરીઓ એક થઇ ગયા. જાપાનીઝ ડેમોક્રેટિક પાર્ટીએ એકલા હાથે બહુમત તો મેળવી લીધો પણ સામ્યવાદીઓની વધેલી તાકાત અમેરિકાથી માંડીને જાપાનની બિઝનેસ લોબી સુધીના બધાને અકળાવતી હતી. એ પછી જે થયું તે અદ્‌ભુત હતું.



નોબુસુકે કિશી

જાપનાના ડાબેરીઓ અને જમણેરીઓ ભેગા થઈને સામ્યવાદી બની ગયા. એના તોડ તરીકે લિબરલ્સ (લિબરલ પાર્ટી) અને ડેમોક્રેટ્સ (સત્તાધારી જાપાનીઝ ડેમોક્રેટિક પાર્ટી) પણ એક થઇ ગયા. આ રીતે જે નવી પાર્ટી બની એ ‘લિબરલ ડેમોક્રેટિક પાર્ટી LDP’ તરીકે ઓળખાઈ. ૧૯૫૫માં થયેલી આ ગોઠવણ મુજબ આજદિન સુધી (વચ્ચેના અમુક અપવાદો બાદ કરતાં) જાપાનની શાસનધૂરા આ ‘લિબરલ ડેમોક્રેટિક પાર્ટી’ના હાથમાં જ રહી છે. આ ગોઠવણ રાજકારણમાં ‘૧૯૫૫ સિસ્ટમ’ તરીકે પ્રખ્યાત છે.

ઓકે ફાઈન, પણ હમણાં અન્ય એક શબ્દ ‘યાકુઝા’નો પણ ઉલ્લેખ કરેલો.

આ યાકુઝા એટલે શું? ૧૯૫૫ સિસ્ટમ સાથે યાકુઝાને શું સંબંધ હતો?

ટૂંકમાં કહીએ તો ‘યાકુઝા’ એટલે જાપાનીઝ માફિયા. જેમ જાપાનીઝ પ્રજા મધ્યયુગમાં સામુરાઈ યોદ્ધાઓને માનથી જોતી. એમ વીસમી સદી દરમિયાન ગેન્ગસ્ટર્સને પણ માનની નજરે જોવામાં આવતા. યાકુઝા ખુલ્લેઆમ પોતાનો બિઝનેસ કરતા અને નેતાઓને જરૂર પડે ત્યારે યાકુઝા પોતાની આવડત મુજબ વિવિધ રાજકીય પક્ષોને કેટલીક વિશિષ્ટ ‘સેવા’ પ્રદાન કરતા. વિરોધી રાજકારણીનું અપહરણ કરવાથી માંડીને કાસળ કાઢી નાખવા સુધીના કામ યાકુઝા દ્વારા લેવામાં આવતા. રાજકીય રેલીઓમાં પણ યાકુઝાની હાજરી રહેતી. મજાની વાત એ હતી કે યાકુઝાની છાપ જાપાનની ભૂમિને વફાદાર લોકો તરીકેની હતી. એટલે લોકો એમને ગુનેગાર તરીકે જોવાને બદલે દેશભક્ત તરીકે જોતા! અમેરિકી ખુફિયા એજન્સી સીઆઈએ આવો મોકો છોડે?

કહેવાય છે કે સીઆઈએ દ્વારા યાકુઝાને જાપાનીઝ રાજકારણમાં વિધિવત એન્ટ્રી અપાવવામાં આવી. લિબરલ ડેમોક્રેટિક પાર્ટીમાં યાકુઝા ગેન્ગ્સના સરદારોનો ખાસ્સો પ્રભાવ હતો. એલડીપી તરફથી ૧૯૫૭મા પ્રધાનમંત્રી તરીકે નોબુસુકે કિશીની વરણી થઇ. આ કિશી મહાશય તો પોતે જ ગેન્ગસ્ટર જેવા હતા. ભૂતકાળમાં ન કરવા જેવા ઘણા ધંધા એમણે કરેલા. એટલું જ નહિ પણ યુદ્ધ પૂરું થયા બાદ સ્કેપના ઓર્ડર પ્રમાણે નોબુસુકે કિશીને જેલમાં ય ધકેલવામાં આવેલા. તેમ છતાં કેટલાક અમેરિકન પોલિસી મેકર્સને લાગ્યું કે યુદ્ધ પછીના જાપાનને કિશી જ નેતૃત્વ પૂરું પાડી શકશે.

આ બધું કઈ રીતે થયું એ તો તત્કાલીન અમેરિકન થિન્ક ટેન્ક જ કહી શકે. બટ ધ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી.

૨૦૨૨માં જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેને કોઈકે ગોળી મારી દીધેલી. આ શિન્ઝો આબે એટલે નોબુસુકે કિશીના પૌત્ર. લિબરલ ડેમોક્રેટિક પાર્ટીએ ભોગવેલ લાંબા શાસન દરમિયાન કિશી-સાટો-આબે તરીકે ઓળખાતા પરિવારનું ખાસ્સું પ્રભુત્વ રહ્યું.

આમાંથી આપણે શીખવા જેવો પાઠ એ છે કે રાજકીય જરૂરિયાત ઊભી થાય ત્યારે ડાબેરીઓ અને જમણેરીઓ ભેગા થઇ શકે છે. સાથે જ લિબરલ્સ અને ડેમોક્રેટ્સ પણ એક પાર્ટીના છત્ર નીચે આવીને લગભગ પોણી સદી સુધી દેશનું શાસન સંભાળી શકે છે. ■

## કૅરિયર

નરેન્દ્ર કુમાર

# સાઇકોલોજીને બનાવો તમારું શાનદાર ફિલ્ડ

આજે માનસિક તણાવ અને સંબંધોમાં કડવાશ વધુ જોવા મળે છે. એને કારણે લોકો માનસિક બીમારીઓનો ભોગ બને છે. એથી સમાજમાં સાઇકોલોજિસ્ટ અને મનોવૈજ્ઞાનિકની જરૂર વર્તાવા લાગી છે. આપણા દેશમાં સામાન્ય ડૉક્ટરની સરખામણીએ મનોવૈજ્ઞાનિકની વધુ ડિમાન્ડ છે. એથી આ ક્ષેત્રે કૅરિયર બનાવવાની આ સુવર્ણ તક છે. સરકાર સિવાય ખાનગી ક્ષેત્ર પણ આ સમસ્યાથી મુક્તિ મેળવવા માટે રોકાણ કરે છે. આ જ કારણ છે કે આગામી દસ વર્ષમાં ભારતમાં સાઇકોલોજિસ્ટની જરૂર ખૂબ વધી જવાની છે.

આવો જાણીએ આ ક્ષેત્રે કૅરિયર બનાવવા માટે શું કરવું જોઈએ?

સાઇકોલોજીમાં કૅરિયર બનાવવા માગતા વિદ્યાર્થી જ્યારે ૧૧ અને ૧૨મા ધોરણમાં હોય ત્યારે જ તેને વિષયોની પસંદગી પણ ધ્યાન આપવું જોઈએ. સાઈકોલોજીમાં છ પ્રકાર હોય છે. ઉદાહરણ તરીકે ક્લિનિકલ સાઇકોલોજી, કાઉન્સિલિંગ સાઇકોલોજી,ઓર્ગેનાઇઝેશન સાઇકોલોજી, એજ્યુકેશન સાઇકોલોજી, સ્પોર્ટસ સાઇકોલોજી અને ફોરેન્સિક સાઇકોલોજી. આ તમામ ક્ષેત્ર એકમેકથી જુદા છે. સાઇકોલોજીના ક્ષેત્રે જવા માટે સાયન્સ સ્ટ્રીમની જરૂર હોય છે તો અમુકમાં આર્ટસમાં સ્ટડી કરીને પણ આ ક્ષેત્રે કરીઅર બનાવી શકાય છે.

**સ્ટડી માટે અગત્યની સંસ્થા**

ભારતમાં સાઇકોલોજીમાં કૅરિયર બનાવવા ઈચ્છતા લોકો માટે કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાનો છે.

બીએ અને એમએ સાઇકોલોજી માટે દિલ્હી યુનિવર્સિટી મહત્ત્વની છે.

મુંબઈમાં આવેલી ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ સાયન્સ પણ અગત્યની છે. જ્યાં અપ્લાઈડ સાઇકોલોજી, ક્લિનિકલ સાઇકોલોજી અને કાઉન્સિલિંગ સાઇકોલોજીની સ્ટડી કરી શકાય છે.

કેટલી રહેશે સેલેરી?

બીએ અને બીએસસીની ડિગ્રી મેળવ્યા બાદ શરૂઆતમાં વીસથી પચીસ હજારના પગારની નોકરી મળે છે. એમએ-એમએસસી કરનારને સ્કૂલોમાં ૩૦થી ૪૦ હજાર રૂપિયાના પગારની નોકરી મળી જાય છે. તો કોર્પોરેટ ક્ષેત્રે ૪૦થી ૬૦ હજાર રૂપિયાની સેલેરી મળે છે.

ભારતમાં નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અને ટેલી મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સરકારી નોકરીઓના અવસર અઢળક છે.

કુલ મળીને જો તમને માનવ વ્યવહારને જાણવામાં રસ હોય, તમે ધૈર્યવાન અને સંવેદનશીલ હોવ તો સાઈકોલોજીમાં તમે ઉજ્જવળ કૅરિયર બનાવી શકો છો. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ટપુફુવા અમેરિકામાં રીસાણા છે...




(અ)પ્રિય ફુવા,

આમ તો તમને ક્યારેય અમે પત્ર લખ્યો નથી, કારણ કે આપણે રૂબરૂ મળવાના અને ભેટવાના સંબંધો છે, પરંતુ આ વખતે તમે જે મોઢુ ફુલાવ્યું છે એ ખરેખર વ્યાજબી નથી. આપણા ખાટા થયેલા સંબંધને કારણે તમારી પરજા અને અમારી પરજા બે’ય હેરાન થાય છે. વાર તે’ વારે આપણે અવારનવાર ભેગા થઈએ ત્યારે કેટલો આનંદ કરીએ છીએ! તમે અહીં આવ્યા ત્યારે મેં તમારું સ્વાગત કરવામાં બાકી રાખ્યું હતું? અમારા ગુજરાતી સમાજમાં એક સાથે ક્યારેય ન હોય તેટલા મિષ્ટાન અને ફરસાણ તમારા મોઢામાં ઠુસ્યા હતા. મેં પણ ત્યાં આવી અને ન ભાવતા હોવા છતાં ગોદડા જેવા પીઝાના ડુચા માર્યા છે, ભૂલી ગયા?

હશે ભગવાન તમને સદબુદ્ધિ આપે, પણ તમે કુટુંબી છો એટલે જાણ કરું છું કે અમે તમને ક્યારેક ગમતા અને ક્યારેક ન ગમતા એવા તમારા મિત્રો સાથે ડિનર કરવાના છીએ. મેનુ પણ ફિક્સ થઈ ગયું છે. ઢોકળા, નુડલ્સ, અને વોડકા અને તે પણ આજુબાજુના વિસ્તારમાં પણ ક્યાંય પીઝા ન મળતા હોય તેવા ટાપુ પર પાર્ટી રાખી છે. મને હજુ થોડું તમારું પેટમાં બળે એટલે જાણ કરું છું. બાકી બીજા બે સગાવાલા તમારો ફોટો જોવા પણ રાજી નથી.

લિખિતંગ

ચાની ચૂસકી લેતા લેતા તમારો મિત્ર સૌ પોતપોતાના ડબ્બા લઇ અને અદ્રશ્ય ટાપુ ઉપર ભેગા થઈ ગયા અને બળાપો ઠાલવવા લાગ્યા.

વોડકા પીતા પીતા પરસોત્તમ તેલવાળા બોલ્યા, ‘મને તો પહેલેથી જ ખબર હતી કે આ કુટુંબમાં ભળી શકે એવો જણ નથી. લ્યો, તમે તમારા ડબ્બામાંથી ઢોકળા આપો અને નુડલ્સ અને ઢોકળા ગળે ઉતારવા આ એક ઘૂંટડો મારો.’

અત્યાર સુધી ચમચી ફરતે અળસિયા જેવા નુડલ્સના ગૂંચળા કરતો જયંતી મોટા ગલફામાં નુડલ્સનો ડુચો મૂકી બીજા ગલોફામાં ઢોકળાના બે કટકા નાખ્યા અને વોડકાનો જગ ઉપાડી ઘટક ઘટક ચાર-પાંચ ઘુંટડા વોડકાના ગાગર જેવા પેટમાં ઉતારી ગયો. અને ખોટો ઓડકાર ખાઈ બંનેના ખભે હાથ મૂકી સાંત્વના આપી કીધું, ‘જો, તમે નયણા કોઠે નુડલ્સ ખાવાનું વચન આપતા હોય તો, અને બંને જમણા હાથમાં વોડકા લઈ સંકલ્પ કરતા હોય કે આજ પછી ભોજનમાં ક્યારેય પીઝા નહીં આરોગું તો, બાય વન ગેટ વન ફ્રીની સ્કીમ સાથે હું આજીવન નુડલ્સ સપ્લાય કરવા તૈયાર છું.’

‘મારું પણ વચન છે કે આજીવન મારા કુટુંબને પણ ન મળ્યું હોય એટલા ડિસ્કાઉન્ટ સાથે વોડકાની ટાંકીયુની ટાંકી દેવા તૈયાર છું...’ હવે પરસોત્તમ પણ રંગમાં આવી ગયો હતો.

ઢોકળા ખાતા ખાતા મુછમાં હસતા હસતા નાનજીભાઈએ બંનેનું મૌન અભિવાદન કર્યું. પરસોત્તમ અને જયંતી સમજી ન શક્યા કે હા પાડે છે કે ના ?

હસીખુશી દર પાંચ મિનિટે એકબીજાને ભેટી નવી નવી સસ્તી સસ્તી સ્કીમ એકબીજાને તાલી દેતા દેતા રજૂ કરતા હતા. અચાનક ટચલી આંગળી દેખાડી નાનજીભાઈ ઊભા થઈ અને નીકળી ગયા.

ફુવાને અમેરિકા ફોન લગાડ્યો અને ડિનર પાર્ટીની જાણ કરી. અને એ પણ કહ્યું કે મારું અને તમારું કુટુંબ એક થઈ અને રહે તેવું ઇચ્છતા હો તો જયંતીના નુડલ્સ અને પરસોતમની વોડકા લિમિટમાં લઉ. બાકી ભૂખ્યા પેટે હવે માપ રહેશે નહીં.

ટપુ ફુવા હજારો કિલોમીટર દૂર પણ પેટમાં ઊંધો ગેસ ચડે અને આકુળ વ્યાકુળ થાય તેમ આળોટવા મંડ્યા.

નાનજીએ છેલ્લે કહ્યું કે ‘મને મેસેજ કરી દેજો. નહીં તો રોજ સવારમાં ૦૫:૦૦ વાગે હું યોગા ટીચરને ત્યાં મોકલી તમન્ને શીર્ષાસન કરાવીશ.’

‘પરસોત્તમભાઈ, તેલની ઘાણીમાંથી તેલ મોકલવાનું બંધ કરશે તો તમારી ગાડી બંધ થઈ જશે અને તમારે સાઈકલ લઇ અને નીકળવું પડશે.’

‘જયંતીની તો તમને ખબર જ છે. એવા મોબાઈલ મોકલશે કે ફોન કરતા જ સાયબર ક્રિમિનલ જેમ તમારો ડેટા અને બેંક બેલેન્સ ઉડાડી મૂકે છે તેમ તમારા ભૂતકાળના લફરાં ઉઘાડાં થઈ જશે અને તમારી ઊંઘ ઊડી જશે. હું તો તમારું હિત ઈચ્છું છું એટલે આટલી મગજમારી કરું છું, ફુવા.’

હવે જોઈએ કે ટપુ ફુવા લઈને આવે છે કે વોડકા, નુડલ્સ અને ઢોકળાનો નાસ્તો કાયમી મેનુમાં ઉમેરાઈ જાય છે. ■

**વિચારવાયુઃ**

*ટૅરિફના વધવાથી અમેરિકામાં ‘ચાય પે ચર્ચા’ નહીં થઈ શકે, કારણ કે દસ ડૉલરની ચા કરતાં પાંચ ડૉલરની વ્હીસ્કી ગમે તેમ બોલવાની છૂટ સાથે પોસાય...ઓછા ખર્ચા, ફાવે તેમ ચર્ચા..!*




# ગુનેગાર

## ઈન્સ્પેક્ટર કરણ બક્ષી : કેસ ફાઈલ્સ

અપરાધના વાઈરસને ડામીને અપરાધીને ઝબ્બે કરતી રોમાંચક રહસ્યકથા એટલે ઇન્સ્પેક્ટર કરણ બક્ષીની કેસ ફાઈલ્સ.

ચાલાક ગુનેગારની ચાર આંખ હોય છે, પણ કરણ બક્ષીની આઠ આંખ છે. એ વારંવાત પોતાની રિવોલ્વર ઊંચકીને ઝાઝી હીરોગીરી દેખાડ્યા વિના તીવ્ર નિરીક્ષણશક્તિ અને તર્કશક્તિને આધારે ઇન્વેસ્ટિગેશન કરે છે. એ કઈ રીતે ગુનેગાર સુધી પહોંચે છે એની કથાઓનું રસપ્રદ આલેખન એટલે ઇન્સ્પેક્ટર કરણ બક્ષીની કેસ ફાઈલ્સ.

નંદરાય નંદાને ઘેર થયેલી ચોરી- સુરીલી સરવૈયાની હત્યા- મુખ્ય મંત્રી દેવદત્ત દેસાઈના બંગલામાંથી ચોરાયેલા દસ્તાવેજો - કંદરાનું અપહરણ,-પલ્લવીની આત્મહત્યા - કિટીપાર્ટીમાં થયેલી હીરાની ચોરી કે પછી વૈજ્ઞાનિક સત્યમ સારાભાઇની કરપીણ હત્યા હોય કે પાછી આવો જ કોઈ અટપટો કેસ હોય...એ દરેક કેસમાં કરણ બક્ષી ગુનાનું પગેરું પકડીને ગુનેગાર સુધી કંઈ રીતે પહોંચે છે એની કથા એટલે ઇન્સ્પેક્ટર કરણ બક્ષીની કેસ ફાઈલ્સ...

અહીં રજૂ થતી ડિટેક્ટિવનું રહસ્ય કથામાં જ વણી લેવાયું છે. કથાની ગૂંથણી એ રીતે કરવામાં આવી છે કે વાચક પણ કરણ બક્ષીની જેમ ભેજું કસીને અપરાધી સુધી પહોંચી શકે છે.

અપરાધીને પકડવાની તક તમને પણ છે. તો છો ને તૈયાર અપરાધીને ઝડપવા...?!

---

રાતભર ધોધમાર વરસ્યા પછી વરસાદે હજુ હમણાં જ પોરો ખાધો હતો. બત્તી બંધ કર્યા પછી પંખાનાં પાંખિયાં ધીમે ધીમે ચકરાવો લેતાં બંધ થાય છે એમ મુશળધાર વરસાદ ધીમે ધીમે બંધ થઇ રહ્યો હતો, છતાંય ધીમી ધારે ઝરમર ઝરમર હજુ પણ વરસી રહ્યો હતો , છતાં હૂંફાળા તડકાએ પણ હાજરી પુરાવી જ દીધી. સૂર્ય સંતાકૂકડી રમતો હોય એમ ક્યારેક વાદળમાંથી ડોકું કાઢે તો ક્યારેક વાદળ પાછળ સંતાઈ જાય...

ખુશનુમા અને આહલાદક હવામાન હતું. એલાર્મના કૂકડાએ છ વાગ્યાની બાંગ પોકારી. કરણ બક્ષીએ પથારીમાં પડ્યા પડ્યા પડખું ફેરવ્યું. આળસ મરડી. ઊઠવાનું મન થતું નહોતું. રોજ તો આ સમયે પોતે વ્યાયામ કરતો હોય. થોડી હળવી કસરતો, ચાલવાનું, દોડવાનું. પછી ફટાફટ નાહીધોઈને તૈયાર. એટલી વારમાં મમ્મીએ પૌષ્ટિક પરોઠા, થેપલાં, ઉપમા કે બટાટાપૌંઆનો ગરમાગરમ નાસ્તો ફક્કડ ચા સાથે મેજ પર પીરસી દીધો હોય. માના હાથનો સ્વાદિષ્ટ નાસ્તો ખાઈને કરણ ફરજ બજાવવા નીકળી જાય.

જોકે, આજે કરણનો મિજાજ મોસમના બદલાયેલા મિજાજ જેવો હતો. ફોરાં પડવાનાં પણ બંધ થઇ ગયાં, પણ હજુ અડધો કલાક ઊંઘ ખેંચી નાખું એમ વિચારીને કૂકડાને બોલતો બંધ કરીને કરણે રજાઈ માથા સુધી ખેંચી લીધી. થોડી વાર થઇ ત્યાં એવું લાગ્યું જાણે મસ્તક પર મુલાયમ, મખમલી પીંછું ફરી રહ્યું છે! કોઈ માથા પર હાથ પસારી રહ્યું હતું, હાથમાંથી નીતરતો સ્નેહ કરણના મસ્તકની વાટે થઈને હૃદય સુધી પહોંચ્યો. ઊંઘમાં જ કરણના હોઠે સ્મિત સળવળ્યું. હૃદયના દોરવાયે દોરવાયેલો એનો હાથ આપોઆપ રજાઈની હૂંફમાંથી બહાર નીકળ્યો અને પેલા વ્હાલભર્યા હાથમાં વાત્સલ્યની હૂંફ ખોળવા લાગ્યો.કરણનું દિમાગ હજુ ઊંઘરેટું હતું, પણ દિલને જાણ થઈ ગઈ કે એ માનો હાથ હતો!

હા, એ કરણનાં માતા અરુંધતીબહેનનો મમતાભર્યો હાથ હતો. આમ તો કરણને જગાડવા આવ્યાં હતા, પણ નિરાંતે પોઢતા લાડકવાયા દીકરાને જોઇને દીકરાનો હાથ હાથમાં રાખી બેચાર ઘડી પુત્રના સ્પર્શનું સુખ પામીને. પછી એકદમ જ એમણે કરણને ઢંઢોળ્યો:

'હવે ઊઠ દીકરા, પછી મોડું થઇ જશે.'

કરણ આળસ ખંખેરતો ઊભો થયો અને ઝડપથી તૈયાર થઇ ગયો. હજુ હમણાં જ અઠ્ઠાવીસમા વર્ષમાં પ્રવેશેલો કરણ પેલી તરુણોની રોમેન્ટિક નોવેલ્સ : 'મિલ્સ એન્ડ બુન'ની જેમ ટોલ, ડાર્ક એન્ડ હેન્ડસમ હતો. આકર્ષક રૂઆબદાર વ્યક્તિત્વ. વીજળી જેવી ચમકતી કાળી ધારદાર પાણીદાર આંખ. સિંહ જેવી ચાલ, ચિત્તા જેવી ચપળતા અને બાજ જેવી તીક્ષ્ણ નજર. અરીસા સામે ઊભા રહીને ઘટાદાર વાળ ઓળતા કરણને થોડે દૂરથી અરુંધતીબહેન અમીભરી આંખે જોઈ રહ્યાં : કેવો પ્રભાવશાળી લાગી રહ્યો છે કરણ પોલીસ યુનિફોર્મમાં. છ ફૂટની ઊંચાઈ, સપ્રમાણ કદાવર દેહ... કામણગારો કરણ નજરાઈ ન જાય એ માટે અરુંધતીબહેને નજરથી જ એના કાન નીચે કાળું ટપકું કરી લીધું. થોડી વારમાં કરણ ફરજ બજાવવા નીકળી ગયો.

હજુ તો કરણ પોલીસ સ્ટેશને પહોંચ્યો જ હતો કે ટેલિફોનની ઘંટડી રણકવા લાગી. કરણે સ્ફૂર્તિથી રિસીવર ઉઠાવ્યું:

'હેલો, ઇન્સ્પેક્ટર કરણ બક્ષી સ્પીકિંગ!'

'હું નંદરાય નંદા, સાહેબ, તમે જલદી આવો...' સામો છેડો બોલતાં બોલતાં હાંફતો હતો: 'ગઈ કાલે રાત્રે અમારા ઘરમાં એક કરોડ રૂપિયાની ચોરી થઇ ગઈ છે!'

કરણ બક્ષી ફોન મૂકીને ત્વરાથી ઊભો થઇ ગયો. નંદરાય નંદાના બંગલા ભણી જીપ લીધી. નંદરાય નંદાને મળવાનો મોકો તો કરણને મળ્યો નહોતો, પણ એમના વિશે સાંભળ્યું જરૂર હતું...

ઘેર ઘેર ફરીને પસ્તી ભેગી કરવાના કામથી શરૂ કરીને નંદરાય સફળતાનાં એક પછી એક શિખર ચડતા ગયેલા. એમની મહેનત,લગન, ખંત અને ધગશ રંગ લાવ્યાં. કોક શેઠિયાએ આ ચીંથરે વીંટેલા રત્નનું હીર પારખીને એને પાંખમાં લીધો. પુરુષાર્થમાં પ્રારબ્ધ ભળ્યું. સંઘર્ષ પૂરો થયો અને સફળતાનો દોર શરૂ થયો. પ્રામાણિકતા અને ગ્રાહકોનો વિશ્વાસ એ જ મુદ્રાલેખ સાથે પસ્તીનો ધંધો શરૂ કર્યો. એમાંથી ધીમે ધીમે સ્ટેશનરીનો ધંધો કર્યો. એમાં પણ સફળતા. પછી તો નંદરાયનો સ્પર્શ મિડાસ ટચ બની ગયો. જ્યાં હાથ નાખે એ સોનું બની જતું!

પંદર વર્ષમાં તો નંદરાય વેપારી આલમનું પ્રતિષ્ઠિત નામ હતું. એમના નામે ઘણા બધા વેપારધંધા ચાલતા હતા- આંગળીને વેઢે ગણવા બેસીએ તો વેઢાં ખૂટી પડે. યાદી લખવા બેસીએ તો કલાક થાય. નગરના અતિ ધનાઢ્ય અને શ્રીમંતોમાં એમનું નામ મોખરે હતું. દાનવીર હતા. એમને આંગણેથી કોઈ ખાલી હાથે પાછું ન ફરતું. સામાજિક કાર્યો કરવામાં પણ આગળ પડતા. આવી રિદ્ધિ સિદ્ધિ કોઈને પણ છાકટું બનાવી દે, પણ નંદરાય ભગવાનનું માણસ અત્યારે પંચાવનમા વર્ષે ઈશ્વરના નામનું રટણ કરતાં, માળા ફેરવતાં એટલું જ કહેતા કે, આ તો બધી પ્રભુની કૃપા છે. ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય!'

પણ હરિકૃપાથી કે પછી અવકૃપાથી આ નંદરાયનો દીકરો નિરંજન ઉડાઉ બની ગયેલો.. નંદરાય વિશે માન હતું, પણ કરણને એમના દીકરા નિરંજન અંગે સારો અભિપ્રાય નહોતો. નિરંજન નાનો હતો ત્યારથી દોમ દોમ સાહ્યબી જોયેલી. રૂપિયાપૈસાનો અભાવ કોને કહેવાય એ એને ખબર જ નહોતી. ગરીબી વિશે સાંભળ્યું જરૂર હતું પણ નરી આંખે નિહાળી નહોતી. પરિણામે નિરંજન છુટ્ટા હાથે પૈસા વેરતો- ઉડાડતો.

નંદરાયને આ ગમતું નહીં. નિરંજન સારી રીતે અભ્યાસ કરીને વેપારધંધા સંભાળી લે એવી ઈચ્છાએ એ પુત્રને ઠપકો આપે કે તરત જ નિરંજનની મા નંદબાળા ઢાલ બનીને સામે ઊભી થઇ જતી. એણે જ નિરંજનને ફટવી મારેલો .નિરંજન એક રૂપિયો માગે તો એ સો રૂપિયા આપતી અને સો માગે તો હજાર. માના વધુ પડતા લાડકોડને લીધે ખોટી સોબતે ચડી ગયેલો. જુગાર રમવા સહિતનાં બધા જ પ્રકારના ગલત ધંધા કરવા લાગેલો.

કરણ બક્ષીએ એવું સાંભળેલું કે પોતે આવડત અને મહેનતથી કમાયેલી સંપત્તિને બેફામ રીતે લૂંટાવી રહેલા નિરંજનને પોતાની જાણ બહાર એક રૂપિયો પણ ન મળે એવી કડક ગોઠવણ નંદરાયે કરી દીધેલી. પણ એથી તો નિરંજન બાપના નામે વેપારીઓ પાસેથી ઉધાર લેતાં થઇ ગયેલો. નંદરાયની શરમે વેપારીઓ ઉછીના રૂપિયા આપતા. નંદરાયને ખબર પડી ત્યારે એમણે અખબારમાં જાહેરખબર આપીને કોઈએ નિરંજન સાથે આર્થિક વ્યવહાર ન કરવો એવું જાહેર કરેલું.

નંદરાયે આ સારું જ કર્યું. કરણ બક્ષીએ વિચાર્યું: બાકી તો આ અઠંગ ખેલાડી જેવા નિરંજને બધું ખેદાનમેદાન કરી દીધું હોત. એટલામાં નંદનવન બંગલો આવી ગયો અને કરણ બક્ષીની વિચારોની હારમાળા અટકી ગઈ.

નંદરાયનો બે માળનો નંદનવન બંગલો નંદનવન જેવો જ હતો. પૂર્વ અને પશ્ચિમી સ્થાપત્યના સંગમ જેવો. પ્રવેશદ્વારની બંને બાજુની દીવાલે અડીને હરિયાળાં વૃક્ષોની કમાન હતી. આ કમાન વચ્ચેથી અડધો કિલોમીટર જેટલું અંતર કાપીએ એટલે નાનકડો રંગબેરંગી ફૂલોથી શોભતો બગીચો અને બાગની વચ્ચોવચ હોજ. હોજમાં ફરતો ફુવારો ગુલાબજળ જેવો છંટકાવ કર્યા જ કરે. હોજથી અડધા ફર્લાંગ છેટે 'નંદનવન' દેખાય. બંગલાના મુખ્ય દ્વાર પર લક્ષ્મી અને સરસ્વતી સ્વાગતની મુદ્રામાં ખડેપગે હાજર. બંગલાની ચારેકોર આવેલા બાકીના વિસ્તારમાં સુંદર, લીલીછમ લોન શોભતી હતી.

ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ બંગલો અને બંગલાની આસપાસનો વૈભવ ધ્યાનથી જોયો. પછી દેવીઓનું સ્વાગત ઝીલતાં બંગલાના મુખ્ય દ્વારભણી ચાલ્યો. દ્વાર ખુલ્લું જ હતું. કરણની પ્રતીક્ષા કરી રહેલા નંદરાય બેઠકખંડમાં હતા.

'આવો ઇન્સ્પેક્ટર...' નંદરાયે ફિક્કો આવકાર આપ્યો.

'નંદરાયજી, ચોરી ક્યાંથી થઇ છે?' કરણ બક્ષીએ તપાસનો આરંભ એકડે એકથી કર્યો મારી સાથે ઉપરના કમરામાં આવો. હું ત્યાં તમને સારી રીતે સમજાવી શકીશ. કહીને કરણ બક્ષીને સાથે લઈને નંદરાય ગોળાકાર સીડી ચડવા લાગ્યા સાથે દાદર ચડતાં બોલતા રહ્યા:

'નંદબાળા અને નિરંજન ઉપર, ચોરી થઇ એ કક્ષમાં જ છે.'

ઉપરના કમરાના દરવાજા પાસે જ મા- દીકરો ઊભા હતા. કરણ એકદમ ચિંતામાં હોય એમ એ નખ કરડી રહ્યો હતો. એના વાળ પણ વેરવિખેર હતા. કરણે એની એ ક્રિયાની નોંધ લીધી. પછી ચારે એક સાથે કમરામાં ગયા. એ નંદરાય અને નંદબાળાનો શયનખંડ હતો. કરણે જોયું કે એ એક ખૂબ વિશાળ ખંડ હતો. ઊંચી છતમાં ઝુમ્મર... ફર્શ પર બગલાની પાંખ જેવો પગ ખૂંપી જાય એવો પોચો- મુલાયમ ગાલીચો અને ખંડની બરાબર મધ્યમાં દીવાલને અઢેલીને રજવાડી પલંગ ...એની પાસેના કાચના મેજ પર કાચના અર્ધગોળાકાર પાત્રમાં ફળફળાદિ... એનાથી દસેક ફૂટ છેટે એક બાજુની દીવાલે વોલ ટુ વોલ- આખી દીવાલને આવરી લેતાં ત્રણ કબાટ હતા. આજુબાજુના કબાટનાં બારણાં બંધ હતા, પણ એમાંના વચ્ચેનો કબાટ ખુલ્લો હતો. રૂપિયા ખુલ્લા કબાટમાંથી જ ચોરાયેલા.

બીજી બાજુની દીવાલમાં સાડા છ ફૂટ ઊંચી અને દોઢ ફૂટ પહોળી સળિયા વિનાની ખુલ્લી ત્રણ બારી હતી. બારીમાં નીચેથી ઉપર એક સળંગ કાચ જડેલો હતો. ત્રણમાંથી બે બારી ખુલ્લી હતી. એ ખુલ્લી બારીની બહાર જોઇને કરણ બક્ષીએ અનુમાન લગાવ્યું કે જમીનથી ઉપરના કક્ષનું અંતર વીસથી પચીસ ફૂટ હશે. એણે જોયું કે બારી સુધી એક લોખંડની નિસરણી ટેકવેલી હતી, જે બંગલાના બેકયાર્ડમાં પડી રહેતી!

'જુઓ ઇન્સ્પેક્ટર, ચોર આ જ બારીમાંથી આવ્યો હશે...' નિરંજન ઉતાવળે બોલી ઊઠ્યો:

એ રાત્રે આ નિસરણી પર ચડીને આવ્યો હશે. અને સામેના કબાટમાંથી રૂપિયા ચોરીને નિસરણી ઊતરી ગયો હશે.

'તમે આવડી મોટી રકમ ઘરમાં રાખો છો?' કરણ બક્ષીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

ના,ના.. આ તો આજે અમારે એક પાર્ટીને પેમેન્ટ કરવાનું હતું. સામાન્ય રીતે તો હું ચેક જ આપું છું, પણ... નંદરાય બોલ્યા: 'આ વખતે પાર્ટીએ રોકડનો આગ્રહ રાખ્યો એટલે મેં ગઈ કાલે જ કરોડ રૂપિયા બેંકમાંથી મંગાવી લીધા હતા ને ઑફિસમાં આટલી મોટી કેશ રાખવાનું રિસ્ક લેવાને બદલે એ જંગી કેશ ઘેર લઈ આવ્યો, પણ મને શું ખબર કે અહીં ઘરેથી પણ એ ગૂમ થઈ શકે!' નંદરાયના અવાજમાં નિરાશા છલકાતી હતી .

'હં...' બક્ષીએ ધ્યાનથી સાંભળ્યું. ફરી પાછું એ ખંડમાં નજર દોડાવી લઈને કહ્યું:

'ચાલો, નીચે જોઈએ. ચોરનું પગેરું મળે તો...'

સહુ નીચે પહોંચ્યા. કમરાની નીચેની બાજુ જ્યાં નિસરણી ટેકવી હતી એ બાજુ. નિસરણી ફરતે પાણીનું કુંડાળું થઇ ગયેલું. બગીચો પણ પાણી પાણી થઇ ગયેલો. ઠેકઠેકાણે કાદવ જમા થઇ ગયેલો ત્યાંથી બગીચાની માટીમાંથી બંગલાના બહારના પ્રવેશદ્વાર તરફ કેટલાંક પગલાં જતાં દેખાયાં. નિરંજન ઉત્સાહભેર બોલી ઊઠ્યો:

'જુઓ, જુઓ...આ રહ્યાં ચોરનાં પગલાં! હવે ચોર પકડાઈ તો જશે ને?'

'પકડાઈ જશે નહીં, પકડાઈ ગયો!' કરણ બક્ષીએ માર્મિક સ્મિત કર્યું. પછી નિરંજન ભણી આંગળી ચીંધીને, નંદરાયને કહ્યું:

'આ જ છે તમારો ચોર!'

'હું?હું?...' નિરંજને રાડ નાખી:

'મેં મારા બાપના પૈસા ચોરી કર્યા એમ તમે કહો છો? શું પુરાવો છે તમારી પાસે? ઇન્સ્પેક્ટર, ખોટો આરોપ નહીં મૂકો, સાબિત કરો!'

'સાબિતી કે પુરાવા વગર હું ક્યારેય વાત નથી કરતો... અને મારી પાસે એક નહીં, પણ ચાર ચાર સાબિતી છે.!' એમ કહીને કરડાકીથી કરણે કહ્યું:

'પુરાવો ક્રમાંક એક, ગઈ કાલે આખી રાત ધોધમાર વરસાદ વરસ્યો હતો. મેં જોયું કે ઉપરના કમરામાં ધોળો ગાલીચો પાથરેલો હતો. હવે જો ચોર નિસરણી વાટે ખુલ્લી બારીમાંથી કમરામાં ઘૂસ્યો હોય તો વરસાદી કાદવનાં પગલાંની છાપ ગાલીચા પર પડી હોવી જોઈએ. મોંઘો ગાલીચો બગીચાની માટીથી ખરડાયેલો હોવો જોઈએ, પણ ગાલીચો એકદમ સ્વચ્છ છે. એના પર એક પણ ડાઘ પડ્યો નથી. એનો અર્થ એમ થાય કે ચોર ઘરનો જ છે. અને એ તમે જ છો! કારણ તમારા પિતાએ તમને રૂપિયા આપવાનું બંધ કર્યું છે. એટલે તમારા માથે દેવું થઇ ગયું હશે.' સહેજ થોભીને કરણે વાત આગળ ચલાવી :

'પુરાવો ક્રમાંક બે,ચોર ચોરી કરવા આવે ત્યારે જેટલા હોય એટલા કબાટ ફંફોસે છે. અને પછી કબાટ બંધ કરવાની એ તસ્દી લેતો નથી, કારણ ઝટપટ ચોરી કરીને એણે છટકી જવાનું હોય છે, પણ તમારે ત્યાં 'મિસ્ટર ચોરે' એ જ કબાટ ખોલ્યો, જેમાં રૂપિયા હતા. ચોરને કેવી રીતે ખબર પડી કે એ કબાટમાં જ રૂપિયા હતા? સિમ્પલ! એ ચોર તમે હતા, કારણ તમને જ ખબર હતી કે તમારા પિતા ઘેર રૂપિયા લઈને આવ્યાં છે!'

'હવે પુરાવો ક્રમાંક ત્રણ આવીએ...' કરણે થોભ્યા વગર વાત આગળ વધારી :

'નિસરણીથી બહાર તરફ જઈ રહેલા પગલાં દેખાય છે, પણ બંગલામાં અંદર આવતાં પગલાં દેખાયાં નથી. ન જ દેખાય. કારણ કે ગઈ રાતના વરસાદનું જોર એટલું બધું હતું કે જો પગલાં હોય તો પણ એ વરસાદી પાણીમાં ધોવાઇ જાય. એનો અર્થ એમ કે વરસાદ બંધ થયા પછી તમે જ બહાર જવાના પગલાંની છાપ પાડીને ચોર આવ્યાની મનઘડંત વાત ઉપજાવી કાઢવાનો પ્રયાસ કર્યો છે. અને પુરાવો ક્રમાંક ચાર....એટલા મુશળધાર વરસાદમાં કોઈ બહાર નીકળવાની હિંમત જ ન કરે. ચોરી તો બહુ દૂરની વાત છે!' કરણબક્ષીએ સમાપન કર્યું:

'નિરંજન નંદા, હવે તમે જ કહો, મેં જે કહ્યું એ ખરું છે કે ખોટું?'

'હા, હું જ ગુનેગાર છું!' નિરંજને નીચી નજરે ગુનો કબૂલ કરી લીધો :

'હું મારી બૂરી આદત ને ચોરીની પોતાની જ ભૂલનો ભોગ થઇ પડ્યો હતો!'

પુત્રનું આ પરાક્રમ જોઇને નંદરાય અને નંદબાળાના મનમાં એક જ પડઘો પડ્યો:

**દીવા તળે અંધારું!** (સમાપ્ત)■

**આવતા અઠવાડિયે નવી ડિટેક્ટિવ કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ


# સાંકડા આવાસની હકીકત...

હેમંત વાળા
feedback@bombaysamachar.com

એ તો સ્વાભાવિક છે કે આવાસની રચના પ્રાપ્ય જમીનના માપ અનુસાર થાય. જો જમીન વ્યવસ્થિત માપની અને વ્યવસ્થિત આકારમાં હોય તો આવાસની રચનામાં સરળતા રહે અને તેની ઉપયોગિતા પણ સરળ બને. પણ જ્યારે ચોક્કસ સ્થાનનું મહત્ત્વ વધુ હોય ત્યારે જે માપની, જે કારની, જે પ્રમાણેની, જમીન મળે ત્યાં આવાસની રચના કરવી પડે. ઘણીવાર તો જમીન એટલી સાંકડી હોય કે આવાસની રચનામાં તો મુશ્કેલી પડે જ પણ તે આવાસનો ઉપયોગ સગવડતા જનક રહેતો હશે કે કેમ તે વિશે પણ પ્રશ્ન થાય.

સાંકડા આવાસનો ફ્રન્ટેજ ઓછો રહેતો હોવાથી બહારની પરિસ્થિતિ સાથેનો તેનો સંપર્ક મર્યાદિત અને સુનિર્ધારિત રહી શકે. જેને કારણે અહીં સામાજિક ગોપનીયતાનું સ્તર સામાન્ય પરિસ્થિતિ કરતાં વધુ રહેવાનું. આ ગોપનીયતા અંદરની તરફ ક્રમશઃ અને ઉગ્રતાથી વધતી જાય. કુટુંબના સભ્યોના પરસ્પરના સમીકરણ માટે આ પરિસ્થિતિ ઈચ્છનિય છે. પરંતુ સાથે સાથે સાંકડા આવાસમાં આવનજાવનનો માર્ગ વધુ રહે. તેનાથી જે તે સ્થાનની ઉપયોગિતા ઓછી થાય અને ત્યાંની ગોપનીયતાને પણ અસર પડે. આવાં આવાસ પ્રમાણમાં ઊંડા હોવાથી બહારના વાતાવરણની પરિસ્થિતિ પર અંદર ઓછી અસર થાય છે. અંદરના ભાગમાં કુદરતી હવા ઉજાસનું પ્રમાણ પણ ઓછું રહે છે. જો કુદરતી હવા ઉજાસનો આગ્રહ હોય તો વચમાંથી તે આવાસ ઉપરની તરફ ખોલી નાખવું પડે.

સ્થાપત્યની દૃષ્ટિએ કહીએ તો આ પ્રકારની રચનામાં સ્થાપતિની પાસે વિકલ્પો ઓછાં હોય છે. અહીં અગત્યના સ્થાનોને સ્વાભાવિક રીતે આગળ પાછળની ખુલ્લી જગ્યાએ ગોઠવવામાં આવે. પછી વચમાં દાદર, સ્ટોરેજ કે ભોજન કક્ષ છે જેવાં સ્થાન ગોઠવી દેવાય. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા માટે પણ આ પ્રકારના આવાસમાં પ્રશ્નો વધુ રહેવાનાં. તે બધાનો ઉકેલ છે, જે વર્ષોથી સ્થાપિત છે. એમ કહી શકાય કે પરંપરાગત સાંકડા આવાસની રચના પરથી આધુનિક સાંકડા આવાસ માટેના ઘણાં ઉકેલ પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતાં.





આ પ્રકારના આવાસનો ફ્રન્ટેજ ઓછો રહેતો હોવાથી તેમાં દૃશ્ય અનુભૂતિ માટે પ્રમાણમાં ઓછાં વિકલ્પો મળે. આ માટે અહીં સામગ્રીના ઉપયોગમાં શક્ય હોય તેટલી વિવિધતા લવાય છે. વળી નાના મોટા ચોસલા જેવા આકાર બહાર કાઢી ફસાડને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન પણ જોવાં મળે છે. ક્યારેક છજ્જા બહાર કાઢવામાં આવે છે તો ક્યારેક પરગોલા, દેખાવ એકધારો ન થઈ જાય તે માટે દરેક બાલ્કનીની રેલિંગ પણ ભિન્ન ભિન્ન બનાવવામાં આવે છે. ક્યારેક તો આ સમગ્ર પ્રક્રિયામાં ઘણાં બિનજરૂરી નિર્ણયો પણ લેવાતાં હોય છે. સાંકડા આવાસને દેખાવમાં રસપ્રદ બનાવવા માટે સ્થપતિ પાસે વિકલ્પો બહુ ઓછાં હોય છે.

માપની દૃષ્ટિએ કહીએ તો સાંકડા આવાસ એટલે એવાં આવાસ કે જેની પહોળાઈ ૩.૦૦ મીટરની આસપાસ હોય. ઉપયોગિતા માટે વપરાતા ઓરડાનું માપ સામાન્ય રીતે ૩.૦૦ મીટર રહે તે ઇચ્છનીય ગણાય છે. અહીં તે પણ મુશ્કેલ બની રહે. વળી આ પ્રકારના સ્થાન સાથે સંકળાયેલ અન્ય સવલતોને પણ આગળ-પાછળ મૂકવી પડે. રચના માટે અને ઉપયોગિતા માટે પણ આ એક અગવડતા ભરેલી પરિસ્થિતિ છે. જે સ્વીકારવી રહી.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ સાંકડા આવાસમાં બંધિયારપણાની અનુભૂતિ થાય. અહીં મોકળાશ અનુભવવામાં અને બહારની પરિસ્થિતિ સાથે સંપર્ક સાધવામાં માનવી મુશ્કેલી અનુભવે. આ રચના આંતર્ભિમુખ પ્રકારની કહેવાય. અહીં સ્થાપત્યની રચનાના પ્રકારથી એક આંતરિક- કેન્દ્રની સ્થાપના થાય જેની આજુબાજુ અન્ય પ્રવૃત્તિઓ ગોઠવાઈ જાય. જોકે આ પ્રકારની રચનામાં આવાસના આંતરિક સ્થાન વધુ સરળતાથી પરસ્પર સંકળાયેલા રહે છે જેનાથી કુટુંબના સભ્યો વચ્ચે પણ એક પ્રકારનું જોડાણ ઉદ્ભવી શકે. અહીં સ્થાપિત થતાં કેન્દ્રથી કે આવન જાવનના માર્ગથી બધાં જ એકબીજા સાથે સંકળાતા રહે. એમ જોવા મળે છે કે સાંકડા આવાસમાં રહેતા લોકોમાં કૌટુંબિક ભાવના વધુ દ્રઢ રહેતી હોય છે.

સાંકડા આવાસની ચારે તરફ જો ખુલ્લી જગ્યા મળતી હોય તો તેની અનુભૂતિ એક પ્રકારની થાય અને જો તે બે સમાંતર લાંબી બંધીયાર દીવાલો વચ્ચે હોય તો તે અનુભૂતિ ભિન્ન રહેવાની. એમ જોવા મળે છે કે સાંકડા આવાસમાં ચારે તરફ ખુલ્લાપણું નથી મળતું હોતું. જેને કારણે આ પ્રકારના આવાસ એક ચોક્કસ દિશાને સૂચિત કરતાં હોય છે.

આ પ્રકાશના પ્રકારના આવાસમાં દિશાપણું દઢતાથી સ્થાપિત થાય છે. અન્ય એક નોંધવા જેવી બાબત એ છે કે આ પ્રકારના આવાસના માળખાકીય રચનાની કિંમત પ્રમાણમાં ઓછી રહે છે. સાંકડા આવાસમાં બે સમાંતર દીવાલોને ભારવાહક બનાવી સરળતાથી તેના પર મકાનનો સમગ્ર ભાર તબદીલ કરી શકાય છે. આ પ્રકારના આવાસમાં મુખ્યત્વે ભારવાહક દીવાલોનો જ ઉપયોગ થાય છે અહીં બીમ-કોલમવાળી માળખાગત રચનાની જરૂર નથી હોતી.

એક મોજણી પ્રમાણે સાંકડા આવાસમાં રહેનાર વ્યક્તિ, જ્યાં શક્ય હોય ત્યાં, બહાર જવાનું જલદી પસંદ કરે છે. આ એક હકારાત્મક પરિસ્થિતિ નથી. અર્થાત પ્રશ્ન તો છે. આનું નિરાકરણ લાવવા માટે સ્થપતિએ ગંભીરતાથી પ્રયત્ન કરવો જોઈએ. સાંકડા આવાસની પરિસ્થિતિ તો ઊભી થવાની જ, પણ જો માનવીને ત્યાં મોકળાશની અનુભૂતિ થાય તે પ્રકારનું સ્થાન નિર્ધારણ કરવામાં સ્થપતિ અક્ષમ રહે તો પ્રશ્ન તો થાય જ. જરૂરી નથી કે દર વખતે મોકળાશ વાળી જગ્યામાં મકાન નિર્ધારિત કરવાની તક મળે. હકીકત તો એ છે કે જે વ્યક્તિ મર્યાદાવાળી પરિસ્થિતિનો અદ્ભુત ઉકેલ લાવે તે પ્રશંસાને પામે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સેન્સેક્સ અને નિફ્ટી વોલેટીલિટીના તોફાન વચ્ચે અણનમ, ઓટો અને ઓઈલ શેરોમાં ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: જીેસટીના સુધારાની જાહેરાત પછીના બીજા દિવસે પણ શેરબજારમાં ભારે ઊછલપાથલમાંથી પસાર થયા બાદ શુક્રવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી યથાવત બંધ રહ્યા હતા. આઇટી અને એફએમસીજી શેરોમાં થયેલું ધોવાણ ઓઇલ, ગેસ અને ઓટો શેરોના સુધારા સાથે સરભર થઇ ગયું હતું.

સત્રને અંતે સેન્સેક્સ ૭.૨૫ પોઈન્ટ અથવા ૦.૦૧ ટકા ઘટીને ૮૦,૭૧૦.૭૬ના સ્તરે પર બંધ થયો હતો, જેમાં તેના ૧૪ ઘટકો વધારા સાથે અને ૧૬ ઘટાડા સાથે બંધ થયા હતા. નિફ્ટી ૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકા વધીને ૨૪,૭૪૧ પોઇન્ટના સ્તરે પર બંધ થયો હતો. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો સ્થિર રહ્યા હતા.

સેન્સેક્સ ઊંચો ખુલ્યો હતો, પરંતુ બપોર પહેલા જ રેડ ઝોનમાં સરકી ગયો. બપોરના સત્રમાં તે ૮૦,૩૨૧.૧૯ની નીચી સપાટીએ પહોંચ્યો અને પછી પ્રી-ક્લોઝ સત્રમાં નુકસાન સરભર કર્યું હતું. દિવસના ઉચ્ચ અને નીચલા સ્તર વચ્ચે ઇન્ડેક્સ ૭૧૫.૩૭ પોઈન્ટ ફંગોળાયો હતો. અઠવાડિયા દરમિયાન, સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧.૨ ટકાનો વધારો થયો છે.

ભારતીય શેરબજારો ફ્લેટ બંધ થયા, પરંતુ સપોર્ટ લેવલ પર ખરીદીને કારણે મુખ્ય સૂચકાંકો ઇન્ટ્રા-ડે નીચા સ્તરેથી પાછા ફર્યા હોવાથી સેન્ટિમેન્ટ સહેજ હકારાત્મક રહ્યું હોવાનું જણાવતાં જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, બજારને વૈશ્વિક સંકેતોએ પણ ટેકો આપ્યો, યુએસ રોજગાર અહેવાલ પહેલાં યુએસ અને એશિયન બજારોમાં સુધારો જોવા મળ્યો હતો.

શુક્રવારે પણ પાછલા સત્રની માફક સુધારા સાથે શરૂઆત બાદ બેન્ચમાર્ક નીચી સપાટીએ સરક્યા હતા. આ સત્રમાં બેન્ચમાર્ક સેન્સેક્સ સવારના સત્રમાં જ દિવસના ઉચ્ચતમ સ્તરથી ૬૫૦ પોઈન્ટ નીચે સરકી ગયો હતો અને નિફ્ટી ૨૪,૭૦૦ના સ્તરથી નીચે ગબડ્યો હતો. બજારના સાધનો અનુસાર રોકાણકારોએ આઇટી શેરોમાં નબળાઈ અને બજારની અસ્થિરતાને ધ્યાનમાં લઇને પ્રોફિટ બુકિંગ શરૂ કર્યું હોવાથી આમ થયું હતું.

જીએસટી દર ઘટાડાની જાહેરાતો અને મજબૂત વૈશ્વિક સંકેતોને પગલે શરૂઆતના કામકાજમાં ૩૧૮.૫૫ પોઈન્ટ વધીને ૮૧,૦૩૬.૫૬ના સ્તર પર પહોંચેલો સેન્સેક્સ ગબડીને ૮૦,૫૪૪ પર પાછો ફર્યો હતો. ૨૪,૭૦૦ના આંકનેપાર કર્યા પછી વ્યાપક નિફ્ટી ૨૪,૬૫૩.૨૫ સુધી પાછો ફર્યો હતો.

સત્રને અંતે સેન્સેક્સ કંપનીઓમાં મહિન્દ્રા અને મહિન્દ્રા ૨.૩૪ ટકા વધ્યો હતો, ત્યારબાદ મારુતિ સુઝુકીમાં ૧.૭૦ ટકાનો વધારો હતો. અન્ય વધનારા શેરોમાં પાવર ગ્રીડ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ અને ઇટર્નલનો સમાવેશ હતો. જોકે, આઇટીસી, એચસીએલ ટેક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા અને ઇન્ફોસિસ પાછળ રહ્યા.

સ્મોલકેપ ગેજ ૦.૦૯ ટકા વધ્યો હતો, જ્યારે મિડકેપ ઇન્ડેક્સ ૦.૧૦ ટકા ઘટ્યો હતો. ફોકસ્ડ આઇટી ઇન્ડેક્સ સૌથી વધુ ૧.૪૪ ટકા ઘટ્યો હતો, ત્યારબાદ આઇટી (૧.૨૫ ટકા), એફએમસીજી (૧.૨૨ ટકા), રિયલ્ટી (૧.૦૭ ટકા), ટેક (૦.૭૦ ટકા) અને સર્વિસીસ (૦.૬૦ ટકા)નો ક્રમ રહ્યો હતો. સેક્ટરલ ઇન્ડેક્સમાં, ઓટો ૧.૩૦ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૯૬ ટકા વધ્યા હતા. એ જ સાથે, મેટલ (૦.૭૧ ટકા), ગ્રાહક વિવેકાધીન (૦.૬૦ ટકા) અને ઊર્જા (૦.૨૦ ટકા) પણ વધ્યા હતા.




પ્રાઇમરી માર્કેટમાં જય અંબે સુપરમાર્કેટનો રૂ. ૧૮.૪૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ સંપૂર્ણપણે રૂ. ૧૮.૪૫ કરોડના ૦.૨૪ કરોડ શેરનો નવો ઇશ્યૂ છે. આઇપીઓ નવમી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૨ સપ્ટેમ્બરે અને લિસ્ટિંગ ૧૬ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૭૪થી રૂ. ૭૮ છે. અરજી માટે લોટ સાઈઝ ૧,૬૦૦ છે. એબ્રિલ પેપર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો.

ભારતીય રેલ્વે દ્વારા ઉપયોગમાં લેવાતા રોલિંગ સ્ટોક માટેના કમ્પોનન્ટ્સના મેન્યુફેક્ચરિંગમાં વ્યસ્ત એરફ્લોઆ રેલ ટેકનોલોજી લિમિટેડ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ રૂ. ૯૧.૧૦ કરોડની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવશ કરશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૩૩થી રૂ. ૧૪૦ અને મિનિમમ લોટ સાઇઝ ૧૦૦૦ ઇક્વિટી શેરનો છે. એન્કર પોર્શન બુધવાર, ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ખુલશે અને ઇશ્યુ સોમવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, નીતિગત સુધારાઓ અને સહાયક સ્થાનિક પરિબળો અંગે આશાવાદ હોવા છતાં, બજારો એકીકરણ તબક્કામાં પ્રવેશી રહ્યા હોય તેવું લાગે છે, જે ટેરિફ ચિંતાઓ અને સતત વિદેશી સંસ્થાકીય આઉટફ્લોને કારણે છે.

બજારના ઘટવાના સૌથી પહેલા કારણમાં, ૦.૫ ટકાના પ્રારંભિક વધારા પછી માહિતી ટેકનોલોજી કંપનીઓના શેર ૧.૫ ટકા સુધી ઘટ્યા હતા, કારણ કે નબળા યુએસ લેબર ડેટાએ ભારતીય આઇટી સેવાઓ માટે વિશ્વના સૌથી મોટા બજારમાં આર્થિક વૃદ્ધિ અંગે ચિંતા ઊભી કરી હતી. દિવસના અંતમાં આવનારા એમ્પ્લોઇમેન્ટ ડેટામાં કોરોના મહામારી પછી ભરતીની સૌથી ધીમી ગતિ દર્શાવે એવી ધારણાં છે, જેમાં વધતા ખર્ચ અને નીતિગત અનિશ્ચિતતાઓ યુએસ અર્થતંત્ર પર દબાણ ઉમેરશે.

આને કારણે ભારતની આઇટી સેકટરની કંપનીઓ પર નકારાત્મક અસર જોવા મળે એવી સંભાવના છે. બીજું કારણમાં મોટાપાયાનું પ્રોફિટ બુકિંગ છે. બે સત્રની આગેકૂચ પછી વિવિધ કારણસર રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ શરૂ કર્યું હોવાથી બેન્ચમાર્ક પર દબાણ આવ્યું હતું.

વોલેટિલિટી ઇન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો. બજારનો વોલેટિલિટી ગેજ, ઇન્ડિયા વીઆઇએક્સ ૨.૪ ટકા વધીને ૧૧.૧૨ પર પહોંચ્યો હતો, જે રોકાણકારોમાં વધતી અનિશ્રિઅચતતા દર્શાવે છે, જે ઘણીવાર વેચાણ દબાણ તરફ દોરી જાય છે.

સાપ્તાહિક મોરચે, બીએસઇ બેન્ચમાર્ક ૯૦૧.૧૧ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા ઉછળ્યો અને નિફ્ટી ૩૧૪.૧૫ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા વધ્યો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક વલણમાં સ્થિર થયા. યુરોપના બજારો મજબૂત નોંધ પર ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા.

એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧૦૬.૩૪ કરોડના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૨,૨૩૩.૦૯ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૭ ટકા ઘટીને ૬૬.૯૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ગુરુવારે, સેન્સેક્સ ૧૫૦.૩૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા વધીને ૮૦,૭૧૮.૦૧ પર અને નિફ્ટી ૧૯.૨૫ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા વધીને ૨૪,૭૩૪.૩૦ પર બંધ થયો હતો.

સરકારે રોટી, કપડાથી માંડીને કાર સુધીની ચીજો પરના જીએસટી દરોમાં ઘટાડો જાહેર કર્યા બાદ ગુરુવારે સેન્ટિમેન્ટલ પુશને આધારે પ્રારંભિક સત્ર દરમિયાન લગભગ ૯૦૦ પોઇન્ટ સુધી ઊંચે ઊછળ્યા બાદ સેન્સેક્સ માત્ર ૧૫૦ પોઇન્ટના સુધારા સાથે સ્થિર થયો હતો.

તહેવારોની મોસમ પહેલા વપરાશ વધારવા અને અમેરિકામાં ભારે ટેરિફના દબાણને દૂર કરવા માટે સરકારે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)માં કરેલા ફેરફાર અનુસાર રોટલી, પરાઠાથી લઈને વાળના તેલ, આઈસ્ક્રીમ અને ટીવી સુધીની સામાન્ય ઉપયોગની વસ્તુઓની કિંમત ઓછી થશે, જ્યારે વ્યક્તિગત સ્વાસ્થ્ય અને જીવન વીમા પર કરનો દર શૂન્ય કરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનારા ભારતના જીએસટી ૨.૦ સુધારામાં ઓટો, એફએમસીજી, સિમેન્ટ, વીમા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એપેરલ, ફૂટવેર, હોટેલ્સ, એનબીએફસી, ફર્ટિલાઇઝર અને કાપડ પર કર ઘટાડાનો સમાવેશ થાય છે.

ઓટો અને કોમ્પોનન્ટ્સ ક્ષેત્રે ૩૫૦ સીસીથી ઓછી ક્ષમતાવાળા ટુ-વ્હીલર, નાની કાર અને ઓટો પાર્ટ્સ માટે જીએસટી ઘટાડીને ૧૮ ટકા થવાથી હીરો મોટોકોર્પ, બજાજ ઓટો, એમએન્ડએમ, મારુતિ, ટાટા મોટર્સ, એન્ડ્યુરન્સ ટેક, યુનો મિન્ડા, એક્સાઇડ, મધરસનને ફાયદો થશે.

એફએમસીજી, એપેરલ, ફૂટવેર, સિમેન્ટ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં જીએસટી ઘટાડાથી આઇટીસી, બ્રિટાનિયા, એચયુએલ, નેસ્લે, બાટા, રિલેક્સો, અલ્ટ્રાટેક, અંબુજા, વોલ્ટાસ, હેવેલ્સને લાભ થશે. વીમા, એફએમસીજી, હોટલ, ખાતર અને કાપડ ક્ષેત્રોને લાભ થશે.

એક વિશ્લેષકે જણાવ્યું હતું કે ૧૫ ઓગસ્ટના રોજ કરવેરા કાપની જાહેરાત થઈ ત્યારથી જ બજારમાં આ નિર્ણયની અસરો ડિસ્કાઉન્ટ થવા માંડી હતી. એફઆઇઆઇની એકધારી અને મોટી વેચવાલીને કારણે પણ બજારને નુકસાન થયું હતું. બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧,૬૬૬.૪૬ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૨,૪૯૫.૩૩ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. ડીઆઇઆઇએ પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુના ઇક્વિટી ખરીદ્યા છે, જે ગયા વર્ષના સર્વકાલીન ઉચ્ચ સ્તરની નજીક છે. વિદેશી રોકાણકારોએ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ભારતીય બજારોમાંથી ૧.૩ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ ઉપાડી લીધી છે. ■

# રૂપિયાની નબળાઇ અને ફેડરલના રેટ કટની આશા વચ્ચે સોનામાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયાની નબળાઈ અને ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની આશા વચ્ચે બુલિયન બજારમાં ફરી સુધારો જોવા મળ્યો હતો. સોનાના ભાવમાં સાધારણ સુધારા સામે ચાંદીમાં સટ્ટાકીય માગના અભાવ વચ્ચે નેગેટીવ ટ્રેન્ડ રહ્યો હતો. નોંધવું રહ્યું કે વિદેશી હૂંડિયામણ બજારમાં ડોલર સામે રૂપિયો ૮૮.૨૫ની નવી નીચી સપાટીએ બોલાયો હતો. ટ્રમ્પ નવી ટેરિફ લાદશે એવી ભીતિ ઉપરાંત એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે ભારતીય ચલણ પર દબાણ આવી રહ્યું છે.

ફેડ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાના સંકેતો અને જિઓ-પોલિટિકલ ક્રાઇસિસના કારણે કિંમતી ધાતુમાં રોકાણ વધી રહ્યું છે. હેજિંગ માટે સોનાની માગ વધી છે. ગોલ્ડ ઈટીએફ પ્રવાહ પણ ઝડપથી વધ્યો છે. જેથી વૈશ્વિક સ્તરે સોનું ૪૦૦૦ ડોલર થવાની શક્યતા નિષ્ણાતો દ્વારા વ્યક્ત થઈ રહી છે.



સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૦૬,૪૪૬ના સ્તરે ખૂલીને રૂ. ૧,૦૬,૩૩૮ની સપાટીએ બંધ થયા હતા, જે રૂ. ૧,૦૫,૯૪૫ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૩નો સુધારો દર્શાવે છે. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૦૬,૦૨૦ના સ્તરે ખૂલીને રૂ. ૧,૦૫,૯૯૨ની સપાટીએ બંધ થયા હતા, જે તેના રૂ. ૧,૦૫,૫૨૧ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૧નો સુધારો દર્શાવે છે.

જોકે, .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ એક કિલોદીઠ રૂ.૧,૨૩,૫૮૧ની સપાટીએ ખૂલીને રૂ. ૧,૨૩,૧૭૦ની સપાટીએ બંધ થઈ હતી, જે તેના રૂ. ૧,૨૩,૨૦૭ના પાછલા બંધ સામે રૂ. ૩૭નો ઘટાડો દર્શાવે છે. શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૯૦૦ રૂપિયાના વધારા સાથે ૧,૦૬,૯૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ બોલાયા હતા. સ્ટોકિસ્ટો દ્વારા નવી ખરીદી અને મજબૂત વૈશ્વિક વલણોને કારણે ભાવ ફરી રેકોર્ડ ઉચ્ચ સ્તરની નજીક પહોંચી ગયા.

બુલિયન ડીલરોએ જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વ ૧૬-૧૭ સપ્ટેમ્બરના રોજ તેની આગામી નીતિ બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે તેવી ખાતરી વચ્ચે તેજી વધી રહી છે. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતું સોનું પણ શુક્રવારે ૯૦૦ રૂપિયા વધીને ૧,૦૬,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) બોલાયું, જે અગાઉના ૧,૦૫,૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું.

હાલના જીએસટીના સુધારા રત્ન અને આભૂષણોના નિકાસકારોને માટે કોઈ સીધી અને તાત્કાલિક રાહત આપતા નથી અને આ ક્ષેત્રને તાજેતરના સુધારાઓમાંથી બહાર રાખવામાં આવ્યું છે, જેમાં વૈભવી વસ્તુઓ માટે ૪૦ ટકાનો નવો દર રજૂ કરવામાં હોવાથી આ સુધારાઓ યુ.એસ. ટેરિફસના નકારાત્મક અસરને સમતોલ નથી કરતી, કારણ કે ઇનપુટ ખર્ચ અને અનુરૂપતા સંબંધિત ભાર યથાવત રહ્યો હોવાનું જણાવતાં ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલના અધ્યક્ષ રાજેશ રોકડેએ કહ્યું હતું કે આમ છતાં, વપરાશને પ્રોત્સાહન આપવાના કેન્દ્રિત પ્રયાસો લાંબા ગાળે રત્ન અને દાગીના ક્ષેત્રને પરોક્ષ રીતે લાભ આપી શકે છે. ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનારા નવા દરો વપરાશમાં વધારો લાવવાની અપેક્ષા છે. ■

# એબ્રિલ પેપરમાં રોકાણકારોને ઝટકો, ૨૦ ટકાનું ધોવાણ

મુંબઇ: એબ્રિલ પેપરના જાહેર ભરણાંમાં રોકાણ કરનારાઓને ભારે ઝટકો સહન કરવો પડ્યો છે, કારણ કે તેમણે આ પ્રારંભિક ઓફરમાં કરેલા રોકાણમાં એક ઝાટકે ૨૦ ટકાનું ધોવાણ સહન કરવાનો વારો આવ્યો છે. એબ્રિલ પેપર ટેકના શેરનો આજે પાંચમી સપ્ટેમ્બરે શુક્રવારના રોજ શેરબજારમાં નબળો પ્રવેશ થયો હતો અને એનએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર પ્રતિ શેર રૂ. ૪૮.૮૦ પર લિસ્ટ થયા હતા.

શેરનો આ ભાવ આઇપીઓની રૂપિયા ૬૧ પ્રતિ શેરની સામેં ૨૦ ટકા ડિસ્કાઉન્ટ દર્શાવે છે. સામાન્ય રીતે એસએમઇ શેરોમાં ૨૦ ટકાથી ૯૦ ટકા સુધીનું પ્રીમિયમ જોવા મળતું હોય છે, એને સ્થાને ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ જોતાં રોકાણકારો આઘાત પામ્યા હતા.

એ પણ જોવાની વાત છે કે, કંપનીના પ્રથમ પબ્લિક ઇશ્યૂમાં ૨૯ ઓગસ્ટથી બીજી સપ્ટેમ્બર દરમિયાન સંપૂર્ણ સબસ્ક્રાઇબ થયેલા ત્રણ દિવસના પબ્લિક બિડિંગ દરમિયાન રોકાણકારોનો ખૂબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો. રોકાણકારોએ ઓછામાં ઓછા ૨,૦૦૦ શેર માટે અરજી કરવાની શરત હતી, અર્થાત લઘુત્તમ રોકાણ રૂ. ૧.૨૨ લાખ અને ત્યારબાદ ગુણાંકમાં કરવાનું હતું.

આને કારણે ગ્રે માર્કેટ પ્રાઇસની વિશ્વસનીયતા સામે પણ સવાલો ઊભા થયા છે. ઉપલબ્ધ ડેટા અનુસાર, લિસ્ટિંગ પહેલા ગ્રે માર્કેટમાં લગભગ પાંચ ટકા પ્રીમિયમ સાથે અનલિસ્ટેડ શેર ટ્રેડિંગ થયા હોવા છતાં લિસ્ટિંગ ડિસ્કાઉન્ટ થયું છે. પ્રાઇમરી માર્કેટમાં હજુ અનેક ઇશ્યૂ આવી રહ્યા છે ત્યારે આ ઘટના રોકાણકારો માટે લાલબત્તી સમાન છે. ■

# જીએસટીના સુધારા ભારતીય અર્થતંત્ર માટે પ્રોત્સાહકઃ મુકેશ અંબાણી

મુંબઇ: સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ના સુધારાઓને આવકારતાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ તેને ભારતીય અર્થતંત્રને વેગ આપવા માટે પ્રોત્સાહક પ્રેરકબળ ગણાવતાં કહ્યું હતું કે, વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી વૃદ્ધિ દર ૭.૮ ટકા સુધી પહોંચ્યો છે. નવા સુધારા અર્થતંત્રને વધુ વેગ આપવાની ક્ષમતા ધરાવે છે, જે વિકાસ દરને દ્વીઅંકી સ્તર નજીક લઈ જવામાં મદદરૂપ બનશે.

અંબાણીએ આ પગલાંને ઐતિહાસિક તેમ જ ભારતના લોકો માટે દિવાળી ભેટ સાથે સરખાવતા કહ્યું હતું કે, જીએસટી સુતાર્કિકીકરણ દેશમાં સોંઘવારી લાવવા સાથે અર્થતંત્રને વિકાસગતિ આપશે. આ પગલું ગ્રાહકો માટે ઉત્પાદનો અને સેવાઓને વધુ સસ્તી બનાવવા, વ્યવસાય કરવાની કાર્યકારી જટિલતાને સરળ બનાવવા, ફુગાવો ઘટાડવા અને રિટેલ ક્ષેત્રમાં વપરાશ વૃદ્ધિને વેગ આપવા તરફ એક પ્રગતિશીલ પગલું છે.

દરમિયાન રિલાયન્સ રિટેલ વેન્ચરના ડિરેકટર ઇશા અંબાણીએ જીએસટી સુધારણાને એક પરિવર્તનશીલ પગલું ગણાવતાં એવી બાયધરી વ્યક્ત કરી હતી કે ગ્રાહકોને જીએસટીના દરઘટાડાનો લાભ તાત્કાલિક ધોરણે આપવામાં આવશે. ■

# જીએસટીમાં રાહત બાદ સરકાર નિકાસ પ્રોત્સાહન પેકેજ લાવવાની તૈયારીમાં

મુંબઇ: જીએસટીમાં સામાન્ય લોકોને રાહત આપ્યા બાદ હવે મોદી સરકાર આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલા મુદ્દા પર મોટું પગલું લેવાની તૈયારીમાં છે. સરકારી સૂત્રો અનુસાર, કેન્દ્ર સરકાર ટૂંકસમયમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફથી પ્રભાવિત નિકાસકારો માટે ખાસ રાહત પેકેજની જાહેરાત કરશે.

અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા સુધીના ટેરિફે ભારતીય ટેક્સટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરીના નિકાસકારો સામે ગંભીર પડકારો ઊભા કર્યા છે. આ સિવાય ચામડું, ફૂટવેર, કેમિકલ, એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ, કૃષિ અને દરિયાઈ નિકાસ સંબંધિત ઉદ્યોગો પર પણ અસર થઈ છે. આ ઉદ્યોગ સાથે જોડાયેલા નિકાસકારોએ થઈ રહેલા નુકસાનની ભરપાઈ માટે કેન્દ્ર સરકાર સમક્ષ માગ કરી હતી. જેને ધ્યાનમાં લેતાં રાહત પેકેજ આપવા વિચારણા થઈ રહી છે. સરકારી સાધનો અનુસાર, પ્રસ્તાવિત યોજનામાં નાના અને મધ્યમ નિકાસકારોની લિક્વિડિટીની સમસ્યા દૂર કરવા, કાર્યકારી મૂડી બોજો ઘટાડવા, તેમજ સૌથી મહત્ત્વનું નોકરીઓ સુરક્ષિત રાખવા સામેલ થશે. જ્યાં સુધી નિકાસકારો માટે નવા બજારની શોધ ન થાય ત્યાં સુધી ઉત્પાદન ચાલુ રાખવામાં કોઈ અડચણ ન નડે તે હેતુ સાથે આ રાહત પેકેજ જાહેર કરવામાં આવશે.

સાધનોએ જણાવ્યું કે, આ પેકેજ કોવિડ-૧૯ મહામારી દરમિયાન એમએસએમઇ સેક્ટરને આપવામાં આવેલા રૂ. ૨૦ લાખ કરોડના રાહત પેકેજની તર્જ પર તૈયાર કરવામાં આવી રહ્યું છે. તે સમયે જે રીતે આ રાહત પેકેજ ઉદ્યોગો માટે આશીર્વાદ સમાન રહ્યું હતું. આ પગલાંથી નિકાસકારોને મુશ્કેલીના દોરમાંથી બહાર નીકળવામાં મદદરૂપ થઈ હતી. વધુમાં સરકાર એક્સપોર્ટ પ્રમોશન મિશન પર પણ કામ કરી રહી છે. જેની જાહેરાત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં થઈ હતી.

આ મિશનનો હેતુ ભારતના નિકાસ બજારને વૈશ્વિક સ્તરે હરીફાઈ માટે મજબૂત બનાવવા તેમજ નવા બજારોમાં ભારતીય પ્રોડક્ટ્સની ઉપલબ્ધતા વધારવાનો છે.જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં લોકોને મોટી રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં હવે જીએસટીના માત્ર બે સ્લેબ લાગુ રહેશે. જે પાંચ ટકા અને ૧૮ ટકા રહેશે. હાનિકારક અને લક્ઝરી પ્રોડક્ટ્સ માટે એક અલગ ૪૦ ટકાનો સ્લેબ બનાવવામાં આવ્યો છે. જીએસટીમાં આ નવા સુધારા ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થશે. ■

# બેન્ચમાર્કની પીછેહઠ છતાં માર્કેટ કેપમાં ₹૧૬,000 કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: જીએસટીના સુધારા બાદ શેરબજારમાં સતત બીજા દિવસે પ્રારંભિક સુધારા બાદ મોટાભાગનો લાભ ધોવાઇ ગયો હતો. ખાસ કરીને ઓટો, ટેલિકોમ્યુનિકેશન અને મેટલ શેરો સર્વાધિક વધ્યા હતા, જ્યારે આઈટી, એફએમસીજી અને રિયલ્ટી શેર્સમાં ઘટાડો હતો. બેન્ચમાર્કની પીછેહઠ છતાં એક્સચેન્જમાં લિસ્ટેડ માર્કેટ કેપમાં રૂ.૧૬,૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો.

સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૬ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૦ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૯ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૪ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૬ ટકા વધ્યો હતો.

શુક્રવારે સેન્સેક્સ ગત ગુરુવારના ૮૦,૭૧૮.૦૧ના બંધથી ૭.૨૫ પોઈન્ટ્સ (૦.૦૧% ટકા) ઘટ્યો હતો.

સેન્સેક્સ ૮૦,૭૧૮.૦૧ ખૂલીને ઊંચામાં ૮૧,૦૩૬.૫૬ સુધી અને નીચામાં ૮૦,૩૨૧.૧૯ સુધી જઈને અંતે ૮૦,૭૧૦.૭૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૧.૨૮ લાખ કરોડથી રૂ. ૧.૪૮ લાખ કરોડ વધીને રૂ. ૦.૧૬ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે ઓટો ૧.૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૬ ટકા, મેટલ ૦.૭૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૬ ટકા, એનર્જી ૦.૨ ટકા અને યુટિલિટીઝ ૦.૧૯ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ફોકસ્ડ આઈટી ૧.૪૪ ટકા, આઈટી ૧.૨૫ ટકા, એફએમસીજી ૧.૨૨ ટકા, રિયલ્ટી ૧.૦૭ ટકા, ટેક ૦.૭ ટકા, સર્વિસીસ ૦.૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૮ ટકા અને કેપિટલ ગુડ્સ ૦.૨૫ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૨૬૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૧૩૪ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૫૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૫ સ્ટોક્સને ઉપલી જ્યારે ૬ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૩૪ ટકા, મારુતિ ૧.૭૦ ટકા, પાવર ગ્રીડ ૧.૨૧ ટકા,રિલાયન્સ ૧.૧૧ ટકા, ભારતી એરટેલ ૦.૮૪ ટકા, ઈટર્નલ ૦.૮૩ ટકા અને સન ફાર્મા ૦.૭૮ ટકા વધ્યા હતા, જ્યારે આઈટીસી ૨.૦૧ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૫૫ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૫૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૪૩ ટકા, ઈન્ફોસિસ ૧.૨૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૨૮ ટકા અને લાર્સન ૧.૦૧ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૩૩.૪૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૨૧૮ સોદામાં ૧,૪૪૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૮,૬૬,૦૨૪ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૩૮,૫૮,૬૯૯.૮૭ કરોડનું રહ્યું હતું. ■

# ગોલ્ડ ઈટીએફમાં રોકાણકારોને એક વર્ષમાં ૪૦ ટકાથી વધુનું વળતર!

મુંબઈ : સોનાચાંદીના ભાવમાં આવેલી ઐતિહાસિક તેજીને પગલે ગોલ્ડ તથા સિલ્વર ઈટીએફસમાં રોકાણ પર પાછલા ૧૨ મહિનામાં રોકાણકારોને નોંધપાત્ર રોકાણ પ્રાપ્ત થયું છે. ગોલ્ડ ઈટીએફસમાં સરેરાશ ૪૦ ટકા જ્યારે, સિલ્વર ઈટીએફસમાં ૩૬ ટકા જેટલું વળતર છૂટી રહ્યું છે.

પાછલા ૧૨ મહિનામાં કાર્યરત ૧૬ ગોલ્ડ ઈટીએફસે સરેરાશ ૪૦.૪૪ ટકા વળતર પૂરુ પાડયું હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. સિલ્વર ઈટીએફસની કામગીરી પણ આ સમયગાળા દરમિયાન આકર્ષક રહી છે અને પાછલા ૧૨ મહિનામાં ૨૧ સિલ્વર ઈટીએફસે સરેરાશ ૩૬.૧૪ ટકા વળતર આપ્યું છે.

સોનાચાંદીની વર્તમાન રેલી માટે ભૂરાજકીય તાણ, ટેરિફ સંબંધિત અનિશ્ચિતતા તથા મજબૂત ઔદ્યોગિક માગ કારણભૂત હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. બદલાઈ રહેલા વૈશ્વિક સમીકરણો વચ્ચે ચાંદીની ઔદ્યોગિક માગ વધવાની ધારણાંએ ચાંદીમાં પણ મોટી રેલી જોવા મળી રહી છે.

આ તરફ ડોલરની નબળાઈ તથા સેફ હેવન ડીમાન્ડે સોનામાં ફન્ડોના રોકાણમાં વધારો થયો છે.સોનાચાંદીના ભાવ હાલમાં ઐતિહાસિક સપાટીએ બોલાઈ રહ્યા છે અને રોજેરોજ નવી ઊંચી સપાટી દર્શાવી રહ્યા છે.

જૂનમાં ગોલ્ડ ઈટીએફસમાં જોરદાર ઈન્ફલોસને જોતા હાલના અનિશ્ચિત વાતાવરણમાં રોકાણકારો સલામત રોકાણને પસંદ કરી રહ્યાનું સૂચવે છે. સેમીકન્ડકટર, સોલાર પેનલ્સ, વીજ વાહનોમાં ચાંદીનો વપરાશ થતો હોવાથી ચાંદીની ઔદ્યોગિક માગ વધી રહ્યાનું જોવા મળે છે.

અમેરિકાના ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં કપાતની શકયતા વધી ગઈ છે તેને કારણે પણ સોનામાં ઉછાળો આવી રહ્યો છે. વર્તમાન કેલેન્ડરની વાત કરીએ તો ગોલ્ડ ઈટીએફસમાં રોકાણકારોને અત્યારસુધી સરેરાશ ૩૩ ટકા જ્યારે સિલ્વર ઈટીએફસે સરેરાશ ૩૫ ટકા વળતર પૂરુ પાડયું છે. ■







# જૂનાગઢ, ભાવનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઈદ-એ-મિલાદ-ઉલ-નબીની ભવ્ય ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર સૌરાષ્ટ્રમાં ઈદ-એ-મિલાદ-ઉલ-નબીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ ઇસ્લામ ધર્મના મહાન પયંગમ્બર હઝરત મહંમદ સાહેબ (સ.અ.વ.)ના જન્મ દિવસ ૧૨ રબ્બીઉલની યાદમાં ઉજવાય છે. આ પર્વ નિમિત્તે વિવિધ શહેરોમાં જુલૂસ કાઢવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈ-બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ભાવનગર શહેરમાં, પીર મહંમદશાહ બાપુની વાડી, ચાવડીગેટ ખાતેથી એક શાનદાર જુલૂસનું પ્રસ્થાન થયું. આ યાત્રા ઈમામવાડા, અલકા ટોકીઝ, મનવા ચોક, શેલારશા ચોક, આંબાચોક, જુમ્મા મસ્જીદ, હેરીસ રોડ, વોરા બજાર, બાર્ટન લાયબ્રેરી ચોક, હલુરીયા ચોક, હાઈ કોર્ટ રોડ, રૂપમ ચોક, ગંગાજળીયા તળાવ, વડવા વોશીંગઘાટ અને દરબારી કોઠાર જેવા વિસ્તારોમાંથી પસાર થઈને બપોરે શેલારશા ચોકમાં પૂર્ણ થઈ હતી. આ ઉપરાંત, જૂનાગઢમાં સોરઠ દરગાહથી પણ એક જુલૂસ નીકળ્યું હતું જે નરસિંહ મહેતાના ચોરા, જેલ રોડ, ચિત્તાખાના ચોક થઈને સુખનાથ ચોકમાં સંપન્ન થયું હતું. તેવી જ રીતે, રાજકોટમાં પણ મુસ્લિમ સમાજ દ્વારા ઈદ-એ-મિલાદ-ઉલ-નબીનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું, જેમાં સમાજના અનેક લોકોએ ભાગ લીધો હતો. આ તમામ ઝુલુસમાં લોકોએ એકતા અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો.

## રાજકોટમાં ફરજિયાત હેલ્મેટના નિયમ સામે વિરોધઃ નિર્ણય પાછો ખેંચવા કરી માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ફરજિયાત હેલ્મેટના કાયદાની સામે વિરોધનો સૂર ઊઠ્યો હતો અને 'હેલ્મેટ સત્યાગ્રહ સમિતિ' દ્વારા હેલ્મેટ ફરજિયાત કરવાના નિર્ણયનો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સમિતિના સભ્યોએ આ નિર્ણયને તઘલખી ગણાવ્યો હતો અને આવા નિર્ણય લોકોને હેરાન કરવા અને દંડ ઉઘરાવવા માટે લાદવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. સરકાર સમક્ષ આ નિર્ણય પરત ખેંચવાની માગ કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર આગામી ૮ તારીખથી રાજકોટના શહેરી વિસ્તારોમાં હેલ્મેટ ફરજિયાતની અમલવારીનો વિરોધ નોંધવામાં આવ્યો હતો. ફરજિયાત હેલ્મેટના કાયદાની સામે રાજકોટના યુવા એડવોકેટની ટીમ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સમિતિના હર્શિલ શાહે જણાવ્યું હતું કે ભારત દેશમાં કોને શું પહેરવું અને શું ન પહેરવું તે નક્કી કરવાનો અધિકાર નાગરિકોનો છે, સરકારે આ વિષય નાગરિકોની ઈચ્છા પર છોડવો જોઈએ. ફરજિયાત હેલ્મેટનો કાયદો કંપનીઓને ફાયદો કરાવવા માટે લાવવામાં આવ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

વધુમાં તેમણે કહ્યું હતું કે વાહન ચલાવવા માટે સારા રસ્તાનો જ અભાવ છે. સરકારની મૂળભૂત ફરજ છે નાગરિકો માટે સુચારું ટ્રાફિક વ્યવસ્થા કરવાની છે, પરંતુ તેને બદલે સરકારનું ધ્યાન દંડ ઉઘરાવવામાં જ છે. તેમણે જણાવ્યું હતું કે લોકોને દંડ દેવા અને તેને હેરાન કરવાની નીતિ સામે અમારો વિરોધ છે, આ વિરોધ કાયદાના ફરજિયાતપણા માટે છે. તેમણે ચૂંટાયેલા નેતાઓ પર આક્ષેપ કરતાં કહ્યું હતું કે પ્રજાના મતથી ચૂંટાયેલા લોકો પ્રજાના અવાજ અને જરૂરિયાતને સમજતા નથી. તેમણે એમ પણ જણાવ્યું હતું રાજકોટની પ્રજા નથી ઇચ્છતી કે હેલ્મેટ ફરજિયાત અમલ થાય. ■

## ભાવનગરમાં ગણેશ વિસર્જન બાદ પરત ફરતું વાહન પલટી જતાં એક મહિલાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના પાલિતાણા તાલુકાના પીપરડી ગામમાં ગણેશ વિસર્જન કરીને પરત ફરી રહેલી મહિલાઓનું વાહન પલટી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક મહિલાનું મોત નીપજ્યું હતું, જ્યારે ૧૫થી વધુ મહિલા ઇજાગ્રસ્ત થઈ હતી.

મળતી વિગતો અનુસાર, પાલિતાણા તાલુકાના પીપરડી ગામની મહિલાઓ ગણેશ વિસર્જન કરીને પરત ફરી રહી હતી ત્યારે પાલિતાણાથી હસ્તગિરી તરફ જતા રોડ પર ડ્રાઇવરે કોઈ કારણોસર વાહન પરનો કાબૂ ગુમાવી દેતા વાહન પલટી ખાઈ ગયું હતું. આ અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલી મહિલાઓને તાત્કાલિક સારવાર માટે સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આ દુર્ઘટનામાં અંજલીબેન દીપકભાઈ વાઘેલા નામની મહિલાનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય મહિલાઓને નાની-મોટી ઇજાઓ પહોંચી હતી. આ ઘટનાની જાણ થતાં કોળી સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો હૉસ્પિટલ પહોંચી ગયા હતા. ■

## સૌરાષ્ટ્રમાં સિઝનનો ૮૬.૫૧ ટકા વરસાદ નોંધાયોઃ ૯૦ થી વધુ ડેમ હાઇએલર્ટ-વોર્નિંગ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસના વિરામ બાદ ફરીથી મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં પધરામણી કરી હતી.

આ રાઉન્ડમાં અમરેલી, જૂનાગઢ જિલ્લામાં સારો વરસાદ પડ્યો હતો. સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર વિસાવદરમાં ૨.૪ ઇંચ, સૂત્રાપાડામાં ૨.૦૯ ઇંચ, પાટણ-વેરાવળમાં ૧.૬૯ ઇંચ, બગસરામાં ૧.૪૨ ઇંચ, ભેંસાણમાં ૧.૧૪ ઇંચ, કુંકાવાવ વડિયામાં ૧.૦૨ ઇંચ, ધારીમાં ૦.૭૧ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

અત્યારસુધીમાં સૌરાષ્ટ્રમાં સિઝનનો ૮૬.૫૧ ટકા વરસાદ પડી ગયો છે અને તેના કારણે સૌરાષ્ટ્રના અનેક જળાશયો ભરાઇ ચૂક્યા છે.

અમરેલીના ૬ ડેમ, ભાવનગર ૯ ડેમ, બોટાદ ૫ ડેમ, દેવભૂમિ દ્વારકાના ૧૧ ડેમ, ગીર સોમનાથ ૩ ડેમ, જામનગરના ૧૧ ડેમ, જૂનાગઢ ૮ ડેમ, મોરબી ૧ ડેમ, પોરબંદર ૪ ડેમ, રાજકોટના ૧૫ ડેમ હાઇએલર્ટ પર છે. જેમાં સૌરાષ્ટ્રના મોટા જળાશયો ગણાતા શેત્રુંજી, ઓઝત, હિરણ સહિતનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત ધારી ખોડિયાર ડેમ, વ્રજમી ડેમ, પૂના ડેમ, લીંબડી ડેમ, કનિયાડ ડેમ, સુબરી ડેમ, ભાદર ૨ ડેમ, મચ્છુ ૩ ડેમ, સારણ ડેમ, સુખભાદર ડેમ, લીંબડી ભોગાવો ડેમ, સાબલી ડેમ, માલપરા ડેમ, ઉમિયાસાગર તેમજ રાણા ખીરસરા ડેમ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. તે ઉપરાંત સૌરાષ્ટ્રના ૮ જળાશયો વોર્નિંગ પર છે.

સૌરાષ્ટ્રના મુખ્ય જળાશયોમાં રહેલા જળસંગ્રહની વાત કરી તો મચ્છુ૧ ડેમમાં ૮૯.૦૮ ટકા, ભાદર ડેમમાં ૬૫.૩૭ ટકા, ઉંડ ૧ ડેમમાં ૬૯.૦૨ ટકા, મચ્છુ ૨ ડેમમાં ૬૬.૨૭ ટકા, શેત્રુંજી ડેમમાં ૧૦૦ ટકા જેટલો જળસંગ્રહ છે. ■

## પોક્સો-દુષ્કર્મના સવા વર્ષ જૂના પ્રકરણમાં માંડવીના બાગના નરાધમ યુવકને ૨૦ વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક સગીરાનું અપહરણ કર્યા બાદ, તેની સાથે દુષ્કર્મ આચરવાના પોક્સો અને એટ્રોસિટી ધારા સાથેના મે-૨૦૨૪ના જે-તે સમયે ભારે ચકચારી બનેલા કેસમાં ખાસ અદાલતે માંડવી તાલુકાના બાગ ગામના આરોપી એવા રઝાક સિધિક સુમરાને તકસીરવાર ઠેરવીને તેને ૨૦ વર્ષની સખત કેદની સજા ઉપરાંત તહોમતદારને ૫૦ હજાર રૂપિયાનો દંડ કરવા સાથે ભોગ બનનારને ચાર લાખનું વળતર ચૂકવવાનો આદેશ કરાયો હતો. સગીરાનું આરોપી રઝાક સુમરાએ અપહરણ કર્યું હતું અને જુદી જુદી જગ્યાએ ભોગ બનનાર પર અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. ગત તા. ૧૯મી મે ૨૦૨૪ના રોજ માંડવી પોલીસ મથક ખાતે નોંધાયેલા આ કેસની સુનાવણી અહીંની ખાસ અદાલતમાં ન્યાયાધીશ જે.એ. ઠક્કર સમક્ષ થઈ હતી. તેઓએ બન્ને પક્ષની દલીલો સાંભળવા સાથે ૧૯ દસ્તાવેજી પુરાવા અને નવ સાક્ષીને તપાસીને આરોપીને ૨૦ વર્ષની કેદ અને ૫૦ હજારના દંડ સાથે ચાર લાખનાં વળતર માટેનો આ ચુકાદો આપ્યો હતો.

આ સુનાવણીમાં સરકાર પક્ષે જિલ્લાના મુખ્ય સરકારી વકીલ એચ.બી. જાડેજા હાજર રહ્યા હતા. ચુકાદામાં આરોપીને અપહરણ કેસમાં ત્રણ વર્ષ, ભારતીય દંડસંહિતાની કલમ ૩૬૬ માટે પાંચ વર્ષ તથા દુષ્કર્મ આચરવા માટે ૨૦ વર્ષની સખત કેદ સંભળાવવામાં આવી હતી. જો આરોપી દ્વારા ૫૦ હજાર રૂપિયાનો દંડ ભરવામાં ન આવે તો તેને વધુ એક વર્ષની સાદી કેદનો આદેશ પણ ન્યાયાધીશે કર્યો હતો. અદાલત દ્વારા ભોગ બનનાર કન્યાને ચાર લાખ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવે અને તેનું જીવન અને શિક્ષણ સારી રીતે પુનઃ સ્થાપિત થાય તેની કાળજી લઈને માર્ગદર્શન આપવાની ભલામણ પણ કરવામાં આવી હતી. ■

## કચ્છમાં રાપરના કારુડા ગામના લોકમેળામાં યુવાનની હત્યાના પ્રકરણમાં ત્રણ આરોપી ઝડપાયા

ભુજઃ કચ્છના રાપરના કારુડા ગામ ખાતે પ્રસિદ્ધ રાજબાઇ માતાના મંદિરે યોજાયેલા લોકમેળામાં મહાલી રહેલા એક ૧૯ વર્ષના યુવાનની તીક્ષ્ણ હથિયાર વડે કરી દેવામાં આવેલી હત્યાના ચકચારી પ્રકરણમાં પોલીસે ત્રણ આરોપીઓને રાઉન્ડઅપ કરી આગળની તપાસ હાથ ધરી છે.

રાપરના મોમાયવાંઢમાં રહેનાર નરેશ નામનો યુવાન પોતાના મિત્ર નીતિન ખોડા ભલાણી સાથે ગત ૩જી સપ્ટેમ્બરના રોજ સલારી-કારુડા વચ્ચેના માર્ગ પરના રાજબાઈ માતાના મંદિરે આયોજિત લોકમેળામાં ફરવા ગયો હતો. અહીં ફરિયાદી તથા નરેશનો મોટો ભાઈ સંજય સામા મઢુતરિયા (કોળી) તથા નાનો નીતિન મેળામાં એક બીજાને મળ્યા હતા. ફરિયાદી પાણીની બોટલ લેવા ગયો એટલી વારમાં આરોપી નવીન મોહન પરમાર, કાંતિ મોહન પરમાર તથા ભીખા સવા પરમાર (રહે. ત્રણેય ઉમિયા)એ નરેશને પકડી લઈ તેના ઉપર છરી વડે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. પ્રાથમિક તપાસમાં પોલીસને એવું જાણવા મળ્યું હતું કે, મૃતક નરેશ અગાઉ એક છોકરીને લલચાવી-ફોસલાવી, ભગાડીને પોતાના ઘરે લાવ્યો હતો ત્યારે આરોપીઓ ફરિયાદીના ઘરે અન્ય લોકો સાથે આવ્યા હતા ત્યારે સમાધાન થયું હતું. આ બનાવ અંગે કોઈએ પોલીસ મથકે જાણ કરી નહોતી. બાદમાં નરેશ પોતાની ફઈ સાથે ખુબડી માતાના મેળામાં ગયો હતો ત્યારે આરોપીઓએ તે વખતે પણ આ યુવાન સાથે વિવાદ કર્યો હતો જેમાં તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

## કચ્છમાં ૨૪ કલાકમાં ત્રણના મોતઃ ભુજમાં અકસ્માતમાં યુવકનું કરુણ મોત, બે મહિલાઓની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં વીતેલા ૨૪ કલાક દરમ્યાન અપમૃત્યુના બનેલા વિવિધ બનાવોમાં બે મહિલાઓ સહિત ત્રણ લોકોના અકાળે મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.ભુજ-માધાપર માર્ગ પરના નળ સર્કલ પાસે ટ્રેઇલરે મોટરસાઈકલને હડફેટે લેતાં પદ્ધરના ૩૬ વર્ષીય નવીન સુથારનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું, બીજી તરફ ભુજમાં ૩૨ વર્ષીય રેખાબેન વિનોદભાઈ રાજનટે અને અંજાર તાલુકાના ભીમાસર ગામમાં ૬૫ વર્ષીય રાધીબેન વેલાભાઈ ડુંગરિયા નામના ૬૫ વર્ષના વૃદ્ધાએ ગળેફાંસા ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, પદ્ધરના નવીન સુથાર તેમની મોટરસાઇકલ લઈને ગુરુવારે બપોરે પદ્ધરથી માધાપરમાં આવેલી શિવ એગ્રો ઓફિસે આવવા નીકળ્યા હતા ત્યારે ટ્રેલઈરે ઇન્ડિકેટર વિના અચાનક વળાંક લઇ હતભાગીના વાહનને અડફેટે લઇ લીધું હતું. જેમાં નવીનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ટ્રેઈલર ચાલક વિરુદ્ધ માધાપર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, ભુજ શહેરના જૂના રેલવે મથક પાસે રહેનાર રેખાબેન રાજનટે ગત મોડી રાત્રે અગમ્ય કારણોસર પોતાના ઘરમાં લાકડાંની આડીમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી જીવાદોરી ટૂંકાવી લીધી હતી. દરમ્યાન, ભીમાસર ગામના સહારા ગામમાં રહેનારા અને હંમેશાં બીમાર રહેતાં રાધીબેન નામના વૃદ્ધાએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસે આ બંને કિસ્સાઓમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.■

## કચ્છમાં ડિજિટલ અરેસ્ટઃ પહલગામ હુમલામાં સંડોવણીના નામે વૃદ્ધ પાસેથી રૂ.૧૭.૪૪ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ડિજિટલ એરેસ્ટનો એક ચોંકવાનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ભુજ શહેરના સુખ સાગર એપાર્ટમેન્ટમાં રહેતા ૬૭ વર્ષીય વૃદ્ધને તેમની જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા પાકિસ્તાન પ્રેરિત ભયાનક આતંકવાદી હુમલામાં તેમની સંડોવણી હોવાનું કહી સાયબર ગઠિયાઓએ તેમને સતત પાંચ દિવસ સુધી ડીજીટલ અરેસ્ટ રાખીને રૂપિયા ૧૭.૪૪ લાખ પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ અંગે રસિકલાલ સાકરચંદ શાહ નામના વૃદ્ધે બોર્ડર રેન્જ સાયબર પોલીસ મથકે અજાણ્યા મોબાઈલ નંબરના ધારકો વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૪મી ઑગસ્ટના રોજ તેમને જમ્મુ કશ્મીરના પહલગામથી પોલીસ ઇન્સ્પેક્ટર રણજીત કુમારના નામે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે વૃદ્ધનો મોબાઈલ નંબર અને આધારકાર્ડ પહલગામના હુમલામાં પકડાયેલો અને પાકિસ્તાની આતંકવાદી સાથે તેમની સંડોવણી તપાસ દરમ્યાન બહાર આવી હોવાનું કરડાકીભર્યા અવાજમાં કહેતા વૃદ્ધ ફફડી ગયા હતા. વૃદ્ધનો આ કેસ પૂના ખાતેના ત્રાસવાદ વિરોધી દળને ટ્રાન્સફર કરી ત્યાં હાજર થવા કહ્યું હતું.

થોડીવાર બાદ અન્ય એક નંબર પરથી એટીએસના નામે ફોન આવ્યો અને તાત્કાલિક હાજર થવા કહેવામાં આવ્યું, પરંતુ પોતે વૃદ્ધ હોવાનું કહેતા આરોપીએ કેસને દિલ્હી ટ્રાન્સફર કરવાનું કહ્યું હતું. ત્યારબાદ ફરિયાદીને ફોન કરી તમારા ખાતામાં ૭૫ લાખ આવ્યા હોવાનું કહી બૅન્ક ખાતાની વિગતો આપવા કહ્યુ હતું. વીડિયો કોલ કરી ફરિયાદીને ડિજિટલ અરેસ્ટ કરવામાં આવ્યા હતા અને ૨૫ ઑગસ્ટના એસબીઆઈ બેંક ખાતામાંથી આરોપીએ મોકલાવેલા ખાતા નંબર પર રૂપિયા ૪.૯૭ લાખ મોકલાવ્યા હતા. ત્યારબાદ ૨૬ ઓગષ્ટના રોજ સાયબર ક્રિમિનલ દ્વારા પીએફ ખાતાની રકમ રેગ્યૂલર ખાતામાં ટ્રાન્સફર કરાવી રૂપિયા ૧૨.૪૭ લાખ આરટીજીએસ કરાવી કુલ રૂપિયા ૧૭.૪૪ લાખ પડાવી લીધા હતા. આ મામલે ફરિયાદીએ પોતાના ભત્રીજાને વાત કરતા તેણે ઠગાઈ થઇ હોવાનું જણાવતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

## સુરેન્દ્રનગરના થાનમાંથી ૫૦૦ રૂપિયાના દરની ૯૭ નકલી નોટો સાથે યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ પોલીસ દ્વારા ખાખરાળી ચોકડી નજીકથી એક યુવકને ૫૦૦ રૂપિયાના દરની ૯૭ નકલી નોટો સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આ યુવક, આશિષ મોરી, સ્થાનિક વેપારીઓને આ નકલી નોટો આપીને વસ્તુઓ ખરીદતો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસને મળેલી ગુપ્ત બાતમીના આધારે, અમરાપર, કપુરવાવના રહેવાસી આશિષભાઈ રાજુભાઈ મોરી (ઉંમર ૨૧)ને શંકાસ્પદ ગતિવિધિઓને કારણે ખાખરાળી ચોકડી પાસેથી પકડી પાડવામાં આવ્યો હતો. તેની અંગત તપાસ કરતા તેની પાસેથી ૫૦૦ રૂપિયાની નકલી નોટોનો જથ્થો મળી આવ્યો. આ નોટોની અધિકૃતતા ચકાસવા માટે તેને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાની થાનગઢ શાખામાં મોકલવામાં આવી હતી, જ્યાં બૅન્ક મેનેજરે મશીનથી ચકાસણી કરીને તે નકલી હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

આરોપી આશિષની પૂછપરછમાં તેણે જણાવ્યું કે આ નોટો તેને ખાખરાળીના અજયભાઈ ઉઘરેજીયા પાસેથી મળી હતી. અજયે તેને ૫૦૦ના દરની કુલ ૧૦૦ નકલી નોટો આપી હતી, જેમાંથી તેણે ત્રણ નોટો અલગ-અલગ જગ્યાએ વટાવી દીધી હતી. ત્ર્ઙ્ક અધિકારી અભિજીતસિંહ પઢિયારે પણ નોટોની તપાસ કરીને તે નકલી હોવાનું સમર્થન કર્યું હતું. પોલીસે આરોપી પાસેથી જપ્ત કરાયેલી ૯૭ નકલી નોટ અને ૧૦,૦૦૦ રૂપિયાનો મોબાઇલ ફોન કબજે લીધો હતો. પોલીસે આ રેકેટના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી હતી. ■

## ભાવનગરમાં શિક્ષક દિવસની ઉજવણી

### શ્રેષ્ઠ શિક્ષકો અને વિદ્યાર્થીઓનું સન્માન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સમગ્ર દેશમાં ૫મી સપ્ટેમ્બર, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતીને 'શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે, ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શહેરની સેન્ટ મેરીસ સ્કૂલ, શિવાજી સર્કલ ખાતે તાલુકા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યકક્ષાના પ્રધાન નિમુબેન બાંભણીયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન, જિલ્લા અને તાલુકા કક્ષાના ચાર શ્રેષ્ઠ શિક્ષકને શ્રેષ્ઠતા પ્રમાણપત્ર અને ચેક એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વિવિધ શાળાઓના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરાયું હતું. તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વલ્લભીપુરની લાખણકા પ્રાથમિક શાળાના અમરજીતસિંહ પરમારને સન્માનિત કરાયા હતા. જ્યારે, જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પાલીતાણાની લુવારવાવ પ્રાથમિક શાળાના જીતેશભાઈ ચૌહાણ, તળાજાની મણાર કન્યા શાળાના ભાવેશકુમાર સોલંકી, અને ભાવનગરની સરકારી માજીરાજ ગર્લ્સ હાઈ સ્કૂલના ડૉ. જીજ્ઞેશભાઈ વેગડને પારિતોષિકથી નવાજવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણિયાએ શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોના યોગદાનને બિરદાવતા જણાવ્યું કે, "શિક્ષણની બધી પ્રવૃત્તિઓમાં શિક્ષકો આગળ વધી રહ્યા છે અને બાળકોને શ્રેષ્ઠ નાગરિક બનાવવામાં તેમનો પાયાનો ફાળો છે." તેમણે શિક્ષક તરીકેના પોતાના અનુભવો પણ સૌની સાથે વહેંચ્યા હતા અને નવી શિક્ષણ નીતિ અંગે પણ જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, "શિક્ષણ એ જીવનનું સૌથી મોટું સાધક છે અને શિક્ષક તેના સૌથી મોટા વાહક છે."

આ કાર્યક્રમમાં મેયર ભરતભાઈ બારડ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિકુંજભાઈ મહેતા, જિલ્લા શિક્ષણાધિકારી હિતેન્દ્રસિંહ પઢેરિયા, શાસનાધિકારી મુજાલભાઈ બડમલીયા અને સેન્ટ મેરીસ સ્કૂલના પ્રિન્સિપાલ ફાધર જોબી જોસેફ સહિત મોટી સંખ્યામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, માર્ચ-૨૦૨૫માં ધોરણ ૧૦ અને ૧૨માં ૧૦૦ ટકા પરિણામ લાવનાર સરકારી શાળાઓના આચાર્યો અને શિક્ષકોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ■